# AMULYA SAMAY KA SADUPYOG (GUJRATI)

VISIT…

LANZAROTE
Caliente.com

॥ શ્રીહરિઃ ॥

# વિષય-સૂચી

|| શ્રીહરિઃ ||

# ૧. અમૂલ્ય સમયનો સદુપયોગ

એક એક ક્ષણે સમય વ્યતીત થતો જઈ રહ્યો છે. જે સમય ચાલ્યો જાય છે તે ફરીથી પાછો આવતો નથી. જેટલું આયુષ્ય આપણું ચાલ્યું ગયું છે તે લાખ રૂપિયા ખર્ચ કરો છતાં પાછું આવતું નથી. સમય દ્વારા ઐશ, આરામ, ભોગ તથા ભગવાન પણ મળી જાય છે. પરંતુ સમય તો કોઈ પણ પ્રકારે પાછો મળી શકતો નથી. મનુષ્યનો જન્મ વારંવાર મળશે નહિ. મનુષ્ય-જીવનનો સમય અમૂલ્ય છે. જેનો ઉપયોગ સારી રીતે કરવાથી ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે. આવા અમૂલ્ય સમયનો કોઈ પણ અન્ય કાર્યમાં ઉપયોગ કરે તો તેની પૂર્તિ ક્યારે પણ થઈ શકતી નથી. એટલા માટે ભગવાનની પ્રાપ્તિ કરવા માટે જ આપણે સમયનો ઉપયોગ કરવો જોઈએ. ભગવાનની પ્રાપ્તિ માટેના સાધન સિવાય આપણી વાણીનો વ્યર્થ બકવાદ ન કરો, કાન દ્વારા બીજી વાતો ન સાંભળો તથા આંખો દ્વારા અન્ય કોઈને જુઓ નહિ અને હૃદયમાં તેને સ્થાન પણ આપો નહિ. આ તો આપણું દ્વાર છે. તેને તો ભગવાનને માટે જ ખોલવાનું છે અને બીજાં કાર્યો માટે એ દ્વારોને બંધ રાખવાં જોઈએ. ભગવાને આપેલી ચીજો—સ્ત્રી, પુત્ર, ઐશ્વર્ય, ધન, શરીર, મન-બુદ્ધિ-ઈંદ્રિયો અને આપણું જીવન તથા પ્રાણ—આ બધું જ ભગવાનની પ્રાપ્તિ માટેનાં કાર્યમાં જ લગાવી દો તો આપણું જીવન સફળ થઈ જાય. ભગવાન જે આપે છે તેથી બીજી અધિકની આશા ભગવાન કરતા નથી અને તે માટે કાંઈ કહેતા પણ નથી અને કહે તો અમે લાવીએ પણ ક્યાંથી ? ભગવાન કહે છે, “જે તારા અધિકારમાં છે તે બધું મને સમર્પણ કરી દે.” પછી તો બેડો

પાર છે. તેની સાથે વાયદો તો એ છે કે, સર્વસ્વ ભગવાનને સમર્પણ કરી દેવું. પણ આપણામાં એવો વિશ્વાસ હોવો જોઈએ કે એમાં ત્રુટિ પણ રહી જાય તો તેની પૂર્તિ કરવા માટે ભગવાન સ્વયં મદદ કરે છે. તેનું કાર્ય સિદ્ધ કરી આપે છે. નહીં તો અપાત્ર-કુપાત્રને ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

આને એક વાર્તાના માધ્યમથી સમજીએ :– એક સજ્જન વ્યક્તિએ કોઈ એક ધનવાન મહાજન પાસેથી દસ હજાર રૂપિયા દેવા તરીકે લીધા. અને તે પૈસા દ્વારા વેપાર કર્યો. પરંતુ તેમાં તેને નુકસાન ગયું. પાંચ હજાર રૂપિયા તો તે નુકસાનીમાં જ પૂરા થઈ ગયા. માત્ર પાંચ હજાર રૂપિયા જે તેની પાસે બચ્યા, તે વાતની મહાજનને જ્યારે ખબર પડી કે મેં આપેલા દસ હજારમાંથી પાંચ હજાર રૂપિયા તો સમાપ્ત થઈ ગયા છે, અને પાંચ હજાર રૂપિયા બચ્યા છે, તો તેમણે તે સજ્જન વ્યક્તિને કહેવરાવી દીધું, કે "તું કોઈ વાતની ચિંતા ન કર. તારી પાસે જે રૂપિયા બચી રહ્યા છે બસ તે રૂપિયા આપી દે. તારું ખાતું ચૂકતે કરી આપીશ. તને દેવામાંથી મુક્ત કરી દઈશ." તો તેણે સાચા દિલથી તેની પાસે જે કાંઈ હતું, તે બધું મહાજનને સોંપી દીધું. જેટલા પૈસા તેની પાસે હતા તે બધા આપી દીધા. અને પોતાના ઘરમાં કપડાં, વાસણ વગેરે હતું તે તથા દુકાનમાં જે સામાન હતો તે બધો લાવીને મહાજનને સોંપી દીધો, પાંચ હજાર રૂપિયાની પૂર્તિ તો કરી દીધી. હવે પાંચ હજાર રૂપિયા આપવાના બાકી રહ્યા. તો મહાજને કહ્યું, "હું તને દસ હજાર રૂપિયાની ઋણમુક્તિ લખી આપું છું. અર્થાત્ તારું ખાતું ચૂકતે કરી દઉં છું."

આ સાંભળીને તે રડતો રડતો બોલ્યો, "હું પાંચ હજાર રૂપિયા માફ કરાવવા ઈચ્છતો નથી. પરંતુ આપ મને પાંચ હજાર રૂપિયાની

પહોંચ આપો અને પાંચ હજાર રૂપિયા જે બાકી રહે છે, તે પેટે મારી પાસે કામ કરાવીને ચૂકતે કરી લેજો. મારી સ્ત્રી, મારો છોકરો તથા હું કાંઈક કમાઈશું તેમાંથી આપનું દેવું પૂરું કરી દઈશ. અથવા અમને સૌને નોકરીમાં લગાડી દો, એથી અમારાં બધાનાં ખોરાકી ખર્ચનાં જતાં જે બાકી બચશે તે આપની પાસે જમા કરાવી દઈશું. અમારી પાસે રાખીને શું કરવાનું છે ?"

ત્યારે મહાજને પાંચ હજાર રૂપિયા તેના દેવા પેટે જમા કરી નાખ્યા અને પાંચ હજાર રૂપિયા તેના નામ પર બાકી રાખ્યા. તે દેવાદારે કહ્યું, "આ પાંચ હજાર રૂપિયા જે બાકી રહે છે તેનો આપ દસ્તાવેજ કરાવી લો. કે જેથી મારી પાસે પૈસા આવે તો તે વખતે હું ના પાડી શકું નહિ. આજે તો મારું મન સારું છે. પરંતુ કાલે મારું મન ખરાબ પણ થઈ જાય." મહાજને કહ્યું, "જેની આવી નીતિ છે, તેને માટે કોઈ ચિંતાની વાત જ નથી. તું એક કામ કર. હું તને એક દુકાન ખોલાવી આપું છું." ત્યારે તે દેવાદાર સજ્જને કહ્યું, "દુકાન તો આપ ખોલાવી આપશો. પરંતુ તેમાં જો ફરીથી ખોટ આવશે તો હું પૈસા ક્યાંથી લાવીશ ? પાંચ હજાર રૂપિયાનું તો મારા માથા પર પહેલેથી જ દેવું છે અને ખોટ આવે તો બીજું વધારે દેવું થઈ જાય." ત્યારે મહાજને કહ્યું, "હું દુકાનમાં એવી રીતે વ્યવસ્થા કરી આપીશ કે આ વ્યાપાર કરતાં જો ખોટ આવશે તો તે ખોટમાં તમારો હિસ્સો રહેશે નહિ અને નફામાં તમારો ચોથો ભાગ રહેશે. જો નફો અને નુકસાની બંને હોય તો તે વખતે તેમાં અર્ધો તમારો અને અર્ધો નફો મારો રહેશે. પરંતુ તમારો તો કેવળ નફામાં જ ભાગ રહેશે. જેથી એક ચતુર્થાંશ ભાગ તમારો નફો અને ત્રણ ચતુર્થાંશ ભાગ મારો નફો

રહેશે.'' તો તે સજ્જન બોલ્યો, ''આપની ઈચ્છા.'' મહાજને દુકાન કરાવી દીધી અને પોતાનો એક માણસ સોંપી દીધો. ધંધો શરૂ થયો. તે, તેની સ્ત્રી અને છોકરો બધા જ એક જ વખત જમતા હતા. જેથી તેમનું ખર્ચ ઓછું રહ્યું અને જે બચ્યું તે પેલા મહાજનની પાસે જમા કરાવતો રહ્યો. આ રીતે મહાજનનું જે ઋણ હતું તે બધી જ રકમ ભરપાઈ કરી દીધી.

બીજો એક બેઈમાન આદમી હતો. તેણે પણ મહાજન પાસેથી દસ હજાર રૂપિયા લીધા હતા. તેની દાનત ખોટી હતી. તેને પણ પાંચ હજાર રૂપિયાની ખોટ આવી. પરંતુ તેણે કહી દીધું કે, ''મને તો એટલી બધી ખોટ આવી કે આપના દસ હજાર રૂપિયા તો સમાપ્ત થઈ ગયા. દસ હજાર રૂપિયા આપ બીજા આપો તો કદાચ પહેલાંના દસ હજાર આપને મળી જાય.'' મહાજને કહ્યું, ''હું તમારો વિશ્વાસ કરતો નથી.'' તે બોલ્યો, ''અમુક આદમીને તો આપે પચાસ હજાર રૂપિયા લગાવીને દુકાન કરાવી દીધી.'' તો મહાજને કહ્યું, ''ભાઈ, તેની નીતિ સારી છે.'' તે કહે, ''મારી નીતિ તો તેનાં કરતાં વધારે સારી છે.'' મહાજન કહે , ''છે તો વધારે, પણ ખોટી છે. તેણે તો પોતાના ઘરમાં જે કાંઈ હતું તે બધું લાવીને મારી પાસે હાજર કરી દીધું.'' તો પેલી વ્યક્તિ કહે–''હું ક્યાંથી લાવીને રાખી દઉં ? મારું તો બધું જ ખલાસ થઈ ગયું છે.'' અમને થોડું ફરી આપો. ત્યારે મહાજન બોલ્યો તમને નહિ મળે, એટલે તેમને પૈસોય ન આપ્યો.

આ એક દૃષ્ટાંત છે. આનો આશય એમ સમજવો–

आये थे कछु लाभ को खोय चले सब मूल ।
फिर जाओगे सेठ पै पल्ले पड़ेगी धूल ॥

આ મનુષ્ય-દેહ લાભ લેવા માટે મળ્યો છે. આ જનમ વ્યર્થ ગુમાવીને ફરી ભગવાન પાસે બીજો જન્મ માગવા જશો તો ભગવાન કહેશે—તમે બેઈમાન છો. જે મનુષ્ય બેઈમાન હોય તેને ફરી વખત લાભ ના મળે. તેને ફરીથી આ સંસારમાં મનુષ્યનું શરીર મળવું એ સંભવ નથી. મનુષ્યનું જે શરીર છે, એનું જે જીવન છે તે સાચું ધન છે. આ મનુષ્ય-શરીરને પ્રાપ્ત કરીને જે જીવન-ધનને અર્થાત્ સમયને બરબાદ કરતો રહે છે અને બરબાદ કરીને ફરી પાછો જઈને ધર્મરાજાની સમીપ ઊભો રહી જાય છે અને કહે છે કે "મને ફરીથી મનુષ્યનું શરીર આપો." તો ધર્મરાજા કહે છે, "મૂર્ખ, જે તને આપ્યું તેને તો તેં માટીમાં મેળવી દીધું. તને શરમ આવતી નથી ? તું ફરીથી માગવા માટે આવી ગયો ? હવે તને મનુષ્યનું શરીર મળશે નહિ. તારે તો ભયંકર નરકનું દુઃખ ભોગવવું પડશે."

જે મનુષ્ય સંસારમાં આવીને માત્ર ખાઓ, પીઓ અને મોજમઝા કરો (ऋणं कृत्वा घृतं पिबेत्) ચાર્વાકના આ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે તેની તો અહીં અને ત્યાં પણ દુર્દશા થાય છે. તો સંસારમાં જે વ્યક્તિ પોતાના માટે આવક કરતાં અધિક ખર્ચ કરે છે તેમાં તેનું બેઈમાનપણાનું લક્ષણ છે. જેથી મહાજનની રકમ કાંઈ ખર્ચ કરવા માટેની નથી. ભલે ભૂખ્યા મરી જવું પડે. આવી ભાવનામાં ઉત્તમ દાનત છે. જો મનમાં એવી ધારણા કરી લે કે મારે દરરોજની પાંચ રૂપિયાની રોજગારી છે તો મારે તેનાથી વધારે ખર્ચ કરવું નહિ. તેને તો પાંચ રૂપિયાનું જ અન્ન ખરીદ કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાનું છે. કદાચ એમ કહો કે—"તેનાથી કામ નહીં ચાલે તો ?" નહિ ચાલે તો શું થશે ? મૃત્યુ જ થશે ને ! તો તે મરવું પણ મુક્તિને આપનારું છે. પરંતુ ભગવાન મરવા દેશે નહિ એ વિશ્વાસ રાખવો જોઈએ. તે પર એક ઈતિહાસ યાદ આવી ગયો.—

ચિત્રકૂટમાં એક સંત હતા. તેમનું નામ હતું શ્રી રામનારાયણ બ્રહ્મચારી. તેઓ પોતે ભજન-ધ્યાન કરતા હતા. અને આજીવિકા માટે તેમની પાસે ખેતર, બે બળદ અને એક ગાય હતી. ગાય તથા બળદને ખેતરમાં ચરાવતા હતા. તેમ જ ખેતરમાં વાવેતર કરતા તથા એમાંથી જે કાંઈ ઘાસ વગેરે થતું તે બધું ગાય અને બળદને ખવરાવી દેતા હતા. અને અનાજ પાકતું તેમાંથી પોતાના શરીરનો નિર્વાહ કરતા હતા. મીઠું, કપડાં તેમજ અન્ય આવશ્યક વસ્તુઓ અનાજ આપીને તેના બદલામાં લેતા હતા પણ અનાજ વેચતા ન હતા. કોઈ વ્યક્તિ તેમને સંત-મહાત્મા સમજીને તેમને ભેટ આપવા ફળ લઈ જતો તો પણ તે લેતા નહિ. પોતાને માટે ખાવા જેટલું અન્ન ઉત્પન્ન કરી લેતા હતા. એના વડે તે પોતાની જરૂરિયાત પૂરી કરતા હતા અને બીજાની ચીજ કોઈપણ સ્થિતિમાં લેતા નહિ. એવો એમનો નિયમ હતો.

કોઈએ એમને પૂછ્યું; "મહારાજ, આપ લેતા નથી પરંતુ કોઈ વર્ષે વરસાદ ન થાય તો ?" તેઓ બોલ્યા, "એવું કેવી રીતે થઈ શકે કે વરસાદ ન થાય ? જેમણે પેદા કર્યા છે એમણે જીવંત રાખવાના છે. તે તો વરસાદ કરશે જ. અમારી પાસે તો કોઈ સંગ્રહ અને પુંજી છે નહિ. તથા બીજાઓની ચીજ હું લેતો પણ નથી. તો અમારો નિર્વાહ તો તેમણે કરવો પડશે." તેમના ખેતરમાં તો વરસાદ થતો જ હતો અને તેઓ તેનાથી પોતાનો નિર્વાહ કર્યા કરતા હતા.

જે આદમી સર્વથા ભગવાનના જ ભરોસે થઈ જાય છે. તેની ચિંતા ભગવાનને રહે છે. તેનો બધો જ પ્રબંધ ભગવાન કરે છે. આ તો ત્યાગી અને વિરક્ત પુરુષ હતા. ઘણા લોકોએ તેમનાં દર્શન કર્યાં છે. મેં પણ એમના દર્શન કર્યાં છે. કોઈ પણ વસ્તુ કોઈની પાસેથી

કોઈ પણ હાલતમાં લેતા ન હતા. તે તેમનો પાકો નિયમ હતો. કોઈ તેમના દ્વાર પર આવી જાય તો તેમને જોઈને કહેતા કે, "તમે પણ ભોજન કરી લો." તે કહેતો, "મહારાજ ! નહીં, આપને સંકોચ થશે કારણ કે ભોજન પરિમિત જ છે." તેઓ કહેતા, "નહિ-નહિ, હું એટલાથી મારું કામ ચલાવી લઈશ." ગાયનું જે દૂધ હોય તેને તેઓ તથા તેમના સેવક એમ બંને જ પી લે અને કોઈ બહારની વ્યક્તિ આવી જાય તો કહે, "લો ભાઈ, તમે પણ પીઓ." તેમાંથી દહીં જમાવી, વલોવી માખણ-ઘી બનાવી લેતા. જ્યારે ગાય દૂધ આપતી ન હતી તો તે સમયે બહારથી ઘી લેતા હતા. એક ગાય, બે બળદ, એક તેમનો સેવક અને એક પોતે સંત. આ બધાનું ગુજરાન ખેતર દ્વારા ચાલ્યા કરતું હતું. પરંતુ કોઈની પાસેથી કાંઈ પણ લેતા ન હતા. દિવસ-રાત ભજન-ધ્યાન. માત્ર પાંચ-છ કલાક શયન કરતા હતા અને બાકીના સમયમાં ખૂબ જપ-ધ્યાન કરતા હતા. જો કોઈ ત્યાં ચાલ્યો આવે અને શિક્ષણની વાત પૂછે તો કહી દે, નહિ તો કાંઈ નહિ. આ પ્રકારે પોતાનું જીવન વ્યતીત કરતા હતા. તો જે વ્યક્તિ ભગવાન પર નિર્ભર થઈ જાય છે તો બધી પ્રકારે ભગવાન તેને માટે પ્રયત્ન કરે છે.

પહેલાં જે એક દૃષ્ટાંતની ચર્ચા કરવામાં આવી છે, તેનું તાત્પર્ય એ છે કે આપણે લોકો જે અહીં આવ્યા છીએ, આપણા મહાજન ધર્મરાજ છે, તેમની પાસેથી સો વર્ષનું આયુષ્ય લઈને અહીં આવ્યા. તેમાંથી પચાસ વર્ષનું આયુષ્ય તો વીતી ગયું. અર્થાત્ દસ હજાર રૂપિયા જ સો વર્ષનું આયુષ્ય છે. મહાજન જ ધર્મરાજ છે. ધર્મરાજે કોઈ મહાત્મા દ્વારા કહેવરાવ્યું કે જે ધન ચાલ્યું ગયું તે ચાલ્યું ગયું, બાકીનું જે છે તે તમે આપી દો. તો તેણે પોતાની પાસે જે અર્ધું બચ્યું હતું તે બધું જ આપી દીધું. એટલે પોતાનું તન, મન અને સઘળી વસ્તુઓ

ભગવાનને સમર્પણ કરી દીધી. ધર્મરાજ અને ભગવાન એક જ છે. અહીં બે છે નહિ. તમામ તેણે પોતાના ભગવાનને સમર્પણ કરી દીધું. ભગવાને અર્ધું લઈને એનું ખાતું ચૂકતે કરી દીધું. તો તે રોવા લાગ્યો કે આ પ્રકારે આપ કરો તે હું ઇચ્છતો નથી. (સંસારમાંથી ઉદ્ધાર કરી દો તે ખાતું ચૂકતે કરવાનું છે.) તેઓ ઋણમાંથી મુક્ત કરે છે તો તે ઇચ્છતો નથી કે આ રીતે ઋણ-મુક્ત કરે. અમને તો પરિશ્રમ કરાવીને મુક્ત કરવા જોઈએ. તો ફરીથી માલિકે તેનો વિશ્વાસ કરીને મોટી દુકાન ખોલાવી આપી. અર્થાત્ ભગવાનના ભાવોને સંસારમાં પ્રચાર કરવા માટે સંમિલિત કરવા તે મોટી રકમ લગાવવા બરોબર છે. અને કહ્યું, "ભાઈ, તમારો એક ચતુર્થાંશ ભાગ ભાગીદારીમાં છે. સંસારમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનો ખૂબ પ્રચાર કરો." તો તે પ્રચાર કરવા લાગ્યો. તે પ્રચારથી તેનો ઉદ્ધાર થઈ ગયો. તેણે કહ્યું, "તે મારે માટે ન્યાયયુક્ત છે." તે ઓછા ખર્ચમાં પોતાનો નિર્વાહ કરી લેતો હતો અને જે બચતું તેને ભગવાનના કોષમાં જમા કરી દેતો હતો. તેનો નફામાં ભાગ હતો, ખોટમાં ન હતો. જે વ્યક્તિ પરોપકારમાં પોતાનું જીવન નિષ્કામભાવથી વ્યતીત કરે છે, તેને કેવળ નફો જ હોય છે, ખોટ તો થતી જ નથી.

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥

(ગીતા-૨/૪૦)

નિષ્કામકર્મના આરંભ અર્થાત્ બીજનો કદી પણ વિનાશ થતો નથી. વચ્ચે છોડી દેવાય તો તેમાં અવળું પાપ લાગતું નથી. તેમજ તેમાં નુકસાન પણ થતું નથી. થોડું પણ નિષ્કામતાનું પાલન થઈ જાય તો તે નિષ્કામભાવ તેને મહાન ભયમાંથી તારી દે છે.

તો તેની પાંચ હજાર રૂપિયાની પૂર્તિ જલદી થઈ ગઈ. જે પચાસ વર્ષમાં થતી હતી તે માત્ર સાલભરમાં જ થઈ ગઈ. છ માસ સુધી જો મન સ્થિર કરીને સાધના કરે તો પરમાત્માની પ્રાપ્તિ નિશ્ચિત છે, જે પચાસ વર્ષમાં આજ સુધી ન થઈ. જેમનું પચાસ વર્ષનું આયુષ્ય થઈ ગયું છે અને પરમાત્માની પ્રાપ્તિ અત્યાર સુધી થઈ નથી, તેને છ મહિનામાં પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. જેવી રીતે આપણે દાળ-રોટલી ખાતાં આવ્યા છીએ તેવી રીતે જ ખાતાં રહીએ. કારણ કે દાળ-રોટલી ખાઈને જે બચે તે મહાજનના ખજાનામાં જમા કરવાનું છે. ખોટનું તો કામ જ નથી. નફામાં જ ભાગ છે. કરવાનું એ છે કે ભગવદ્‌ભાવથી ભરેલાં ગીતા, રામાયણ, ભાગવત વગેરે ગ્રંથોનો ભગવાનના ભક્તોમાં પ્રચાર કરવો. વ્યાખ્યાન દ્વારા, પુસ્તકો દ્વારા, ભાવોનો તથા ભગવદ્‌ ગુણોનો, તેમનાં ચરિત્રોનો, તેમનાં નામ-રૂપનો ખૂબ પ્રચાર કરવો. એ કામમાં પોતાનો બધો સમય વીતાવવો અને જે સમયે કોઈ સાંભળનારા ન મળે તો તે વખતે ભગવાનના નામનાં જપ-ધ્યાન કરવાં. તેમની નવધા ભક્તિમાં પોતાનું જીવન વીતાવવું. એક મિનિટ પણ વ્યર્થ ખોવી નહિ. પાંચ-છ કલાક સૂવામાં અને શૌચ, સ્નાન, ભોજન વગેરેમાં જે સમય જાય તે તો લાગવાના જ. નહિ તો આદમી કેવી રીતે જીવી શકે ? એટલે કે જીવન ચલાવવાને માટે જ ખાવું, પીવું અને સૂવું જોઈએ. જીવવું એ પણ મહાજનનું ઋણ ચૂકવવા માટે છે. કારણ કે શરીર- નિર્વાહ માટે કર્મ કરતો રહીને મનુષ્ય કદી પણ પાપનો ભાગીદાર થતો નથી.

"शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥"

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના ચોથા અધ્યાયના એકવીસમા શ્લોકમાં કહ્યું છે—

"निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।"

निराशीः- આશા રહિત, કામનાથી રહિત અથવા નિષ્કામભાવથી કર્મ કરનાર જે કર્મ કરે છે, સંસારમાં ભગવદ્ભાવનો પ્રચાર કરે છે અને બદલામાં કાંઈ પણ લેતો નથી. નિષ્કામભાવથી અને મન, બુદ્ધિ, ઈન્દ્રિયો જેણે જીતી છે, જેણે સંસારના વિષય-ભોગોથી વૃત્તિઓને ખેંચી લઈને પોતાના વશમાં કરી રાખી છે. ચિત્તને જેણે જીતી લીધું છે, એક વખત લૂખું-સૂકું જે મળી જાય છે, તે ખાઈ લે છે, અને ઈન્દ્રિયોના જે વિષયો છે તેમાં ઈન્દ્રિયોને જોડતો નથી તથા પરિગ્રહ-સંગ્રહનો ત્યાગ કરી દીધો છે, જે કાંઈ પોતાની પાસે બચ્યું હતું તે બધું જ ભગવાનને સમર્પણ કરી દીધું. પચાસ વર્ષ તો નકામાં વીતી ગયાં અને બાકી જે પચાસ વર્ષ રહ્યાં તેને ભગવાનનાં ચરણોમાં અર્પણ કરી દીધાં. પોતાના પાસે જે કાંઈ વાસણ, કપડાં, ઘરેણાં વગેરે સામગ્રી ઘરમાં હતી, તે બધી ભગવાનને સમર્પણ કરી દીધી. પોતાની પાસે કાંઈ પણ રાખ્યું નહિ. આ રીતે પુત્ર, ધન તથા શરીરમાં જે બળ, બુદ્ધિ, તેજ વગેરે હતાં તે અને મન-બુદ્ધિ-ઈન્દ્રિયો આ બધા જ પદાર્થોને પણ ભગવાનને અર્પણ કરી દીધા. આ બધી ચીજો અમારી નથી, આપની છે.

સમર્પણ પછી વ્યક્તિ પોતાને ભગવાનનો ઋણી માનીને, બધી ચીજો તેમની છે તેવું સમજીને, તેની માત્ર રક્ષા કરે છે. જેવી રીતે ચોકીદાર ધનની રખેવાળી કરે છે, પણ તેની માલિકી નથી. એવી રીતે આ શરીરના માલિક તો ભગવાન છે. આપણે તો તેની રખેવાળી કરીએ છીએ અને દેખરેખ રાખીએ છીએ. ઘરમાં બેસીને તેની રખેવાળી કરો કે આ કાયમ રહે, કાયમ બની રહે. તો આ સંસારમાં આપણે લોકો

આ પ્રકારે પોતાનો સમય વ્યતીત કરીએ—ભગવાનનાં નામનો જપ, ભગવાનનાં સ્વરૂપનું ધ્યાન અને પૂજા, તેમનાં ચરણોની સેવા અને તેમની વાતોને કાનથી સાંભળવી, તેમને નમસ્કાર કરવા અને પ્રભુને સ્વામી તથા પોતાને સેવક સમજવો. પ્રભુ તમને સખા સમજે છે, મિત્ર સમજે છે. એટલા માટે સખા ભાવ પણ રાખો. આપણે તો તેને લાયક છીએ નહિ. પરંતુ પૂંજી ન હોવાં છતાં પણ ભગવાને પોતાનો સખા સમજીને દુકાનના નફામાં જ આપણી એક ચતુર્થાંશ ભાગની ભાગીદારી કરી દીધી. એટલે આપણને નફો થવાનો જ છે. આ પ્રકારે મનુષ્ય નિષ્કામભાવથી થોડુંક જ કાર્ય કરે તો તેથી તેનું કલ્યાણ થઈ જાય છે. આપણે લોકોએ આપણું સઘળું ભગવાનને સમર્પણ કરી દેવું જોઈએ. આપણામાં જે બળ, બુદ્ધિ છે તે તેને અર્પણ કરવાં, એટલે આપણી શક્તિ સંપૂર્ણ રીતે ભગવાનની પ્રાપ્તિ માટે, ભગવાનની આજ્ઞા અનુસાર પ્રયત્ન કરવો, બળનો પ્રયોગ કરવો, અને આપણો જે સમય છે તેને તો આપણે ભગવાનને સમર્પણ કરી જ દીધો છે. આપણામાં જે બુદ્ધિ છે, તે પણ ભગવાનને સમર્પણ કરી દેવી. ભગવાનના ગુણ અને પ્રભાવને સમજી-સમજીને ક્ષણ-ક્ષણમાં મુગ્ધ થવું એ બુદ્ધિનું કામ છે. પછી આપણા પ્રભુ પણ કેટલા દયાળુ છે ! આપણા માથા પર ઋણ થઈ ગયું તો તેને માટે પણ ભગવાન મદદ કરીને તે ઋણ પૂરું કરી દે છે. આપણી પાસે તો પૂંજી નથી કે મજૂરી કરીને તે ઋણમાંથી મુક્ત થઈ શકીએ. આપણને તો મદદ ભગવાન જ કરે છે. ભગવાનનાં નામનાં જપ અને ધ્યાન લોકોને કરાવવાં. રોજગાર-વ્યવહાર બધું ભગવાનના નામ પર જ હોય છે. આ પ્રકારે ભગવાને પોતાની દુકાન આપણને સોંપી દીધી.

બીજી એક અવિશ્વાસુ-બેઈમાન વ્યક્તિએ મહાજન પાસે

કરે. આ પ્રકારે સ્તુતિ પ્રાર્થના કરે—"પ્રભુ ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય-મંડળ, તારા વગેરે બધું આપ જ છો. આપ જ પરમ બ્રહ્મ, પરમ ધામ, પરમ પવિત્ર, શાશ્વત, અવિનાશી અને સર્વવ્યાપી છો. પ્રભુ ! હું બધાં સાધનોથી હીન છું, હું મહાન અપરાધી છું. તથા આપની પાસેથી હું એ ઈચ્છું છું કે આપના ઋણમાંથી હું મુક્ત થઈ જાઉં. એટલું હોવા છતાં પણ મારા પર આપે ઘણી જ ભારે દયા કરી છે અને કરી રહ્યા છો. મારો વિશ્વાસ કરીને આપ મારું પરમ હિત કરી રહ્યા છો. આ સાધન તથા બીજું જે કાંઈ પણ હોય તે બધું આપની કૃપાથી થાય છે. તમે જ આશ્વાસન આપીને, હિંમત બંધાવીને બધું કરાવી આપો છો. બસ, નિત્ય-નિરંતર આપનું ધ્યાન-ભજન થયા કરે જેથી આપના ઋણથી મુક્ત થઈ જાઉં. આપનામાં મારો પ્રેમ અને પરમ શ્રદ્ધા રહે એવું આપની પાસે માગું છું. આ જ અમારું અસલી ધન છે." ભગવાનનું કામ કરવું અર્થાત્ બધાંને ભગવાનનાં કામમાં લગાવવા, સંસારમાં ભગવાનની ભક્તિ તથા તેમનાં ગુણનાં પ્રભાવનાં તત્ત્વનો ખૂબ પ્રચાર કરવો અને ભગવાનના સ્વરૂપને યાદ કરી કરીને મુગ્ધ થવું, અને ભગવત્-સેવા કરવાના સમયમાં ભગવાનના નામરૂપને ભૂલવું નહિ. બધાંની સેવા એ જ ભગવાનની સેવા છે.

ભગવાનની આજ્ઞા પ્રમાણે બધાંની તન-મન-ધનથી નિષ્કામભાવથી સેવા કરવી એ ભગવાનનું જ કામ છે.

રાત્રે સૂવાના સમયે છ કલાક ભગવાનનાં સ્વરૂપ અને તેમનાં નામને યાદ કરીને શ્રદ્ધા, ભક્તિપૂર્વક સ્તુતિ-પ્રાર્થના કરીને સૂવું જોઈએ. તો જે આજે પચાસ વર્ષમાં નથી થયું તે માત્ર છ મહિનામાં થઈ શકે છે. ઋણમાંથી મુક્ત થવાને માટે ભગવાન સ્વયં તેને મદદ કરે છે. ભગવાને પ્રતિજ્ઞા કરી છે કે "योगक्षेमं वहाम्यहम्" (ગીતા

૯/૨૨). જે ભક્ત નિષ્કામ ભાવથી મારું ભજન-કીર્તન-ચિંતન કરે છે, હું તેનું યોગક્ષેમ વહન કરું છું, મારી પ્રાપ્તિમાં જે કાંઈ કમી રહે તો તેની પૂર્તિ કરી દઉં છું. જ્યાં સુધી પહોંચી ગયા તેની રક્ષા કરું છું. તેનાં સાધનને જોઈને ભગવાન મુગ્ધ થઈ જાય છે.

આપને જે બે દૃષ્ટાંત આપ્યાં, તેમાં એક તો સારા-ઉત્તમ સાધક પુરુષનું આપ્યું અને બીજું દૃષ્ટાંત દંભી અને પાખંડીનું આપ્યું. સંસારમાં ભગવાનનું નામ અથવા સત્સંગની આડમાં જે દંભ-પાખંડ કરે છે અને કહેવરાવે છે સત્સંગી, તેવા અને સત્સંગથી મુક્તિ અને ધન પણ ઈચ્છે છે—એવા લોકોને મુક્તિ મળવી તો દૂર રહી પણ ઘોર શિક્ષા મળે છે. બીજા જે ઈમાનદાર અને સાચી નીતિવાળા હોય છે તેમને અહીં પણ આનંદ અને ત્યાં પણ આનંદ. બધી રીતે ભગવાન તેનો વિશ્વાસ કરે છે, તેમને પોતાના હૃદય સાથે લગાવે છે. પછી તેનું 'યોગક્ષેમ'-(જે વસ્તુ ન હોય તે મેળવી આપે છે અને તેનું રક્ષણ કરે છે) વહન કરે છે. તેને સંસાર-સાગરમાંથી તારી દે છે. સ્વયં ભગવાન તેને તે બુદ્ધિ આપે છે, જેથી તેની પ્રાપ્તિ થાય છે. તેને સહાયક બનીને બધી પ્રકારનાં ઋણોથી—પિતૃ-ઋણ, ઋષિ-ઋણ અને દેવ-ઋણમાંથી મુક્ત કરી દે છે. પિતૃઓનો ઉદ્ધાર કરીને જાણે સમગ્ર પૃથ્વીનું તેણે દાન દઈ દીધું. અને બધાની સેવા કરીને માની લો કે બધાં ભૂતપ્રાણીઓથી તે મુક્ત થઈ ગયો. ભગવાનની કૃપાના પ્રભાવથી તેમાં અહંતા-મમતાનો નાશ થઈ ગયો. પોતાનું સઘળું જીવન, પોતાનાં તન-મન-ધન એ બધું જ, ભગવાનની ચીજ સમજીને ભગવાનને સમર્પણ કરવાથી પહેલાં તેણે પોતાનો સમય જે બરબાદ કર્યો, તેથી તેના પર ભગવાનનું ઋણ તથા ભગવાનની તરફથી અપરાધી હતો, પરંતુ હવે તેના અપરાધ અને ઋણ સમાપ્ત થઈ ગયાં. અને તેનો તે સમય સાર્થક થઈ ગયો. થોડા સમયમાં જ પોતાનું

કલ્યાણ કરી લીધું. બાકીનો જે સમય છે, તેમાં ઉત્તમથી ઉત્તમ કામ કર્યું. તેથી તેને માટે ભગવાન કહે છે;

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥

(ગીતા-૧૮/૬૯)

"હે અર્જુન, આ ગીતાશાસ્ત્રનો જે મારા ભક્તોમાં પ્રચાર કરે છે—તેની સમાન મારું પ્રિય કાર્ય કરનારો સંસારમાં કોઈ થયો નથી, છે નહિ અને ભવિષ્યમાં થશે પણ નહિ." તો તે ભગવાનનો પ્રિયતમ ભક્ત છે. બાકીના સમયમાં જ્યાં સુધી જીવિત રહે ત્યાં સુધી હસી-હસીને નાચી-નાચીને, ગાઈ-ગાઈને મુગ્ધ થતો રહે તો તેના કામથી ભગવાન મુગ્ધ થાય છે અને તે ભગવાનની લીલાને જોઈ-જોઈને પોતે મુગ્ધ થાય છે. જુઓ, ભગવાન કેવા દયાળુ છે ! મદદ કરી-કરીને છ મહિનામાં અમારું કાર્ય પૂર્ણ કરી દીધું. અમારું એવું કયું સામર્થ્ય છે કે અમે સદાને માટે ભગવાનના ઋણથી મુક્ત થઈ જઈએ. હવે તો ભગવાનને જોઈ-જોઈને મુગ્ધ થઈએ છીએ. ભગવાન તેની ક્રિયાને જોઈ-જોઈને મુગ્ધ થાય છે. તે જુએ છે કે આ જે બધું થયું તે ભગવાનની કૃપાથી છે. ભગવાને સ્વયં આ બધી વાતો કરી આપી. હવે તેના આનંદનો પાર નથી. એવા ભગવત્પ્રાપ્ત ભક્તની ક્રિયાને જોઈ-જોઈને ભગવાન હસે છે અને મુગ્ધ થાય છે. ભક્ત અને ભગવાન એક બીજાને મુગ્ધ કરતા રહે છે. ભગવાનની તમામ લીલા ભક્તને મુગ્ધ કરવા માટે હોય છે. અને ભક્તને પ્રત્યેક સમયે દેખાય છે કે જે કાંઈ થઈ રહ્યું છે—તે બધી જ ભગવાનની લીલા થઈ રહી છે. ભગવાન બધાનાં હૃદયમાં વિરાજમાન થઈ રહ્યા છે. ભગવાન તેનાં પ્રત્યક્ષ દર્શન કરી રહ્યા છે. ભગવાનની ચેષ્ટા ભક્તને માટે અને ભક્તની ચેષ્ટા ભગવાનને માટે. બંનેની ચેષ્ટા પરસ્પર એક બીજાને મુગ્ધ કરવાને માટે અને આનંદ તથા પ્રેમની વૃદ્ધિને માટે થાય છે. અથવા એમ કહો કે પ્રેમ તો ત્યાં પૂર્ણ


જ છે. આનંદ ત્યાં પૂર્ણ જ છે. આમાં કોઈ કસર છે નહિ ! બંને તરફ ત્યાં કમી છે જ નહિ. ન ભગવાનને માટે કે ન ભક્તને માટે. ભગવાનનો ભક્ત જ્યાં સુધી સંસારમાં જીવતો છે, ત્યાં સુધી હસી-હસીને, નાચી-નાચીને ભગવદ્ ભાવોનો પ્રચાર કરતો રહે છે. એવા પુરુષોના સંગમાં આપણે બધા લોકો સંમિલિત થઈ જઈએ તો કેટલી બધી પ્રસન્નતાની વાત છે ! આ પ્રકારે સત્સંગનો આ મહિમા છે :-

तात स्वर्ग अपबर्ग सुख धरिअ तुला एक अंग ।
तूल न ताहि सकल मिलि जो सुख लव सतसंग ॥

(માનસ ૫/૪)

"હે તાત, સ્વર્ગ અને મોક્ષનાં બધાં સુખોને ત્રાજવાના એક પલ્લામાં રાખવામાં આવે તે બધા મળીને બીજા પલ્લામાં રાખેલા તે સુખની બરાબરી કરી શકતા નથી—જે સુખ ક્ષણ માત્રના સત્સંગથી થાય છે." કારણ કે તેને માટે સ્વર્ગ તો કોઈ ચીજ જ નથી અને મુક્તિ બીજાઓ માટે આપી દે છે, તે તો જીવતો જ મુક્ત છે, અર્થાત્ જીવન્મુક્ત છે.

આ પ્રકારે જે પોતાના સમયનો સદુપયોગ કરે છે—તેમનું જીવન તો એક પ્રકારથી અલૌકિક છે, તેની સાથે રહેનાર લોકો પણ એ સમૂહમાં થનારા આનંદમાં મુગ્ધ થતા રહે છે. તેઓ એવું ઇચ્છે છે કે નિરંતર ભગવાનની ચર્ચા થતી રહે અને એમાં જ પોતાનું જીવન વ્યતીત થતું રહે. ન તો કોઈ ભોગ ઇચ્છે છે, ન તો કોઈ મોક્ષ; કારણ કે એ બધું એની બરાબરીમાં કોઈ મહત્ત્વ રાખતું નથી. ત્યાં નથી લજ્જા, નથી ભય, નથી માન, નથી મોટાઈ, નથી આદર, નથી સત્કાર, નથી સ્તુતિ, નથી પ્રાર્થના. સઘળા ભાવ અને ક્રિયાઓથી તે ઉપર થઈ જાય છે. અને તેની એક અલૌકિક સ્થિતિ થઈ જાય છે. એટલા માટે આપણો જન્મ છે—એવું સમજીને પોતાનો સમય ઉક્ત પ્રકારથી વિતાવવો જોઈએ.



# ૨. ભગવદ્ભક્ત મહાત્માનું સ્વરૂપ અને પ્રભાવ

આપે કહ્યું કે એવી વાત કહેવી જેથી અમે લોકો મહાત્મા પુરુષોનાં વચનો અનુસાર બની જઈએ. તો અમે તો એવું કહી રહ્યા છીએ કે એક પેઢી વધારે આગળ વધો કારણ કે મહાત્માથી પરમાત્મા મહાન છે, માટે પરમાત્માનાં વચન પ્રમાણે જ થઈ જાવ.

ગીતા સાક્ષાત્ ભગવાનનાં વચન છે, ભગવાનનો શ્વાસ છે, હૃદય છે. એટલા માટે એ ભગવાનની વાઙ્મયી મૂર્તિ છે. એથી આપનું જીવન ગીતામય બનાવવું જોઈએ. બાકી વાત રહી વક્તા અને શ્રોતાની. બંનેમાં જ અદ્ભુત શક્તિ હોય છે. એ બંનેના વિષયમાં-લૌકિક વિષયમાં અને આધ્યાત્મિક વિષયમાં પણ શાસ્ત્રોમાં એક કથા આવે છે.

મહાભારતમાં લખેલું છે—તુલાધાર નામનો એક વૈશ્ય હતો. તેની પાસે એક વખત જાજલિ ઋષિ આવ્યા. તેમણે સમુદ્રના કિનારે ઘણી જ ઉગ્ર તપસ્યા કરી હતી. તપસ્યાના સમયમાં તેમના મસ્તક પર પક્ષીઓએ માળો બનાવી લીધો. તેમને જ્યારે એની ખબર પડી કે પક્ષીઓએ મારા મસ્તક પર માળો બનાવી લીધો છે, છતાં તે કાંઈપણ બોલ્યા નહિ, અચળ રહ્યા. ઠૂંઠાની જેમ ન હલે કે ન ચલે. શૌચ આદિની તો વાત જ નહિ. ન ખાવું કે ન પીવું અને ન સૂવું. વૃક્ષની જેમ સ્થિર જ રહ્યા, પક્ષીઓનાં બચ્ચાંઓએ પણ ઈંડાં મૂક્યાં. તો પહેલાં જે પક્ષીઓ હતાં તે ઊડી ગયાં. અને હવે જે બચ્ચાં જન્મ્યાં હતાં તે પક્ષીઓનાં જોડાં ઘણા સમયસુધી ત્યાં રહ્યાં. રાત્રે તેઓ માળામાં આવી જતાં. પ્રાતઃકાળે ચણવા તથા પાણી પીવાને માટે ચાલ્યાં જતાં.

એક સમયની વાત છે. તે પક્ષીઓ ઊડી ગયાં. પછી ફરીથી એક મહિના સુધી ફરીને પાછાં આવ્યાં નહિ. જાજલિ ઋષિએ વિચાર્યું કે હવે તેમણે કોઈ બીજી જગ્યાએ માળો બનાવી લીધો છે. માટે માથા પરનો આ બોજો દૂર કરી નાખો. તેમણે માથા પર માળાનો બોજો કાઢી નાખ્યો. ત્યારબાદ તેમના મનમાં અહંકાર આવી ગયો કે સંસારમાં મારા સમાન શું કોઈ તપસ્યા કરી શકે છે ? તેમણે આ પ્રકારે અહંકાર કર્યો. ત્યારે આકાશવાણી થઈ, "હે જાજલિ ! તું આટલું બધું અભિમાન કર નહિ. તુલાધાર વૈશ્ય જેવી તપસ્યા કરે છે, તેની તપસ્યાની સામે તારી તપસ્યા કાંઈ પણ નથી." જાજલિ ઋષિએ વિચાર્યું, સારું સારું. ચાલો તુલાધાર વૈશ્યની પાસે જઈને જોઈએ કે તુલાધાર વૈશ્ય કોણ છે ? તુલાધાર વૈશ્યનું નામ પૂછતાં પૂછતાં તેઓ તેની પાસે આવ્યા અને જોયું કે તે દુકાન પર બેસીને લેવું અને દેવું એવો વ્યાપાર કરી રહ્યા છે. સોદાઓ કરી રહેલ છે. મીઠું, ખાંડ, તેલ, ઘી, લોટ બધી ખાવાની સામગ્રી-પદાર્થો વેચી રહ્યા છે. રસ પણ વેચી રહેલ છે પણ મદિરા અને લાખ વગેરે વેચતા નથી. આ જોઈને જાજલિ ઋષિએ વિચાર્યું, અહીં આકાશવાણીને અનુરૂપ કોઈ વાત તો જોવામાં આવતી નથી. અથવા મને ભ્રમ તો થઈ રહ્યો નથી ને ! એવું વિચારીને પાછા જવા લાગ્યા, ત્યારે તુલાધાર વૈશ્ય તેમને પાછા જતા જોઈને પોતાના આસન પરથી ઊભા થયા અને હાથ જોડીને કહેવા લાગ્યા. "મહારાજ, સમુદ્રને કિનારે આપે જે તુલાધારના વિષયમાં આકાશવાણી સાંભળી હતી, તે તુલાધાર વૈશ્ય હું જ છું." એ સાંભળીને તેમને વધારે આશ્ચર્ય થયું. તેઓ વિચારવા લાગ્યા કે આની એને કેવી રીતે ખબર પડી ? મારી તપસ્યાની વાત તો માત્ર હું જ જાણું છું, એને કેવી રીતે ખબર ? પછી તે ઋષિ બોલ્યા; "અરે

વાણિયા, તું રસ વેચે છે, લેવું-દેવું કર્યા કરે છે. ત્યારે તને આ પ્રકારનું જ્ઞાન કેવી રીતે થયું ?" ત્યારે તેણે કહ્યું; "મહારાજ, હું સત્ય બોલું છું, અને બધાંની સાથે સમાન વ્યવહાર કરું છું. ભલે કોઈ બુદ્ધિમાન આવી જાય અથવા મૂર્ખ આવી જાય, કે બાળક આવી જાય અથવા યુવાન આવી જાય, કોઈ પણ આવે. તે સૌની સાથે મારો વ્યવહાર સમાન ભાવથી હોય છે. એટલું જ નહિ, સુખ અને દુઃખ, નિંદા તથા સ્તુતિ, માન અથવા અપમાન મારે માટે સમાન છે. ગીતામાં ગુણાતીતનાં અને ભક્તોનાં લક્ષણોમાં સમતાનાં જે લક્ષણ જણાવ્યાં છે તે બધાં લક્ષણ તેમણે પોતાનામાં ગણાવ્યાં. એ કારણે તેમને આ પ્રકારનું જ્ઞાન થઈ જતું હતું. તેમનો જે ક્રય-વિક્રય (વ્યવહાર) હતો, તે ત્યાગપૂર્વકનો હતો. સંસારના કલ્યાણને માટે જ હતો, રૂપિયા માટેનો સ્વાર્થ બુદ્ધિવાળો ન હતો." તે સાંભળીને જાજલિ ઋષિએ કહ્યું; "તું વાત તો મોટી મોટી કરે છે અને તારું કાર્ય તો ઘણું જ હલકું છે." ત્યારે તુલાધાર બોલ્યા; "મહારાજ, મારા કાર્ય તરફ જોઈને જ કહો છો. પરંતુ ખેદની વાત એ છે કે આ સમયમાં બ્રાહ્મણ લોકો પોતાના યજ્ઞના કાર્યનો પરિત્યાગ કરીને ક્ષત્રિયોને ઉચિત યજ્ઞોનાં અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઈ રહ્યા છે. ધન કમાવવાના પ્રયત્નોમાં લાગ્યા રહીને ઘણા જ લોભી અને નાસ્તિક પુરુષોએ વૈદિક વચનોનું તાત્પર્ય ન સમજીને સત્ય જેવા પ્રતીત થનારા મિથ્યા યજ્ઞોનો પ્રચાર કરી દીધો છે. તેઓ તો યજ્ઞમાં પશુ-હિંસા પણ કરે છે, જે વેદથી વિરુદ્ધ છે. વેદોમાં પશુ-હિંસા કરવા વિષે લખ્યું જ નથી, એ બ્રાહ્મણોએ જ આ પ્રકારની વાત ચલાવી હતી." ત્યારબાદ તુલાધાર વૈશ્ય આકાશમાં ઊડી રહેલાં પક્ષીઓ તરફ ઇશારો કરીને બોલ્યા, "હે જાજલિ ઋષિ,

એ તે જ પક્ષીઓ છે જેમણે આપના મસ્તકમાં માળો બનાવ્યો હતો. આપ તેમને બોલાવો. જેથી તેઓ આપના મસ્તકમાં અત્યારે આવીને બેસે." જાજલિ ઋષિએ પક્ષીઓને બોલાવવાનો ઈશારો કર્યો. તો તત્કાલ તે પક્ષીઓ આવ્યાં, અને તેમના માથા પર બેસી ગયાં. અને તેમને મનુષ્યની સમાન સ્પષ્ટ વાણીમાં તુલાધાર વૈશ્ય દ્વારા ઉપદેશ આપેલા ધર્મનું જ વર્ણન કર્યું. ત્યારે જાજલિ ઋષિએ તુલાધારને કહ્યું; "તમારાં વચનોની શક્તિને જોઈને તમારામાં મારી શ્રદ્ધા થઈ. કારણ કે એ પક્ષીઓ પણ તમારી જ વાત માની રહ્યાં છે." ત્યારબાદ જાજલિ ઋષિ ઉપદેશ ગ્રહણ કરીને ત્યાંથી ચાલ્યા ગયા.

કહેવાનો અભિપ્રાય એ છે કે, તુલાધાર વૈશ્યની આ એક અલૌકિક શક્તિ હતી. આ એક પ્રકારનો એક સાંસારિક પ્રભાવ છે. અધ્યાત્મ વિષયનો પ્રભાવ તો એનાથી પણ ઉચ્ચ કોટિનો માનવામાં આવે છે. કારણ કે તેથી બીજાઓનું કલ્યાણ થઈ જાય છે. એવું કહીને મેં એ બતાવ્યું કે મહાપુરુષોની શક્તિનો પ્રભાવ – શાપ આપી દે કે વરદાન આપી દે કે આશીર્વાદ આપી દે. આવી કથાઓથી શાસ્ત્ર ભરેલાં છે.

ઉપનિષદ, પુરાણ, ઈતિહાસ, મહાભારત, વાલ્મીકીય રામાયણ, ભાગવત વગેરેમાં ઘણાં જ ઉદાહરણો છે. જે સત્યવાદી હોય છે તેની વાણીમાં પણ આવી શક્તિ આવી જાય છે. તો જે સાક્ષાત્ ભગવત્-પ્રાપ્ત પુરુષ છે, તેની તો પછી વાત જ શી કરવી ?

બીજી શક્તિ જે શ્રોતાના વિષયમાં છે, તે કહું છું. જેમ પાંડવોની માતા કુંતીએ આદેશ આપ્યો કે આજે જે ભિક્ષા તમે લાવ્યા છો તેનો પાંચે ભાઈ ઉપભોગ કરો અથવા કામમાં લો. ભીમસેને આ વાત સાંભળીને કહ્યું; "મા, આજની ભિક્ષામાં એક સ્ત્રી લાવ્યા છીએ." માએ કહ્યું, "તેં સ્ત્રીનું નામ તો લીધું જ નથી," માત્ર એટલું

જ બોલ્યો, “મા, ભિક્ષા લાવ્યા છીએ” એ જ કહ્યું. કુંતીએ ફરીથી વિચાર્યું કે ઘણી જ મુશ્કેલી ઊભી થઈ—જે મેં કહી દીધું કે તમે પાંચે એને કામમાં લો. હવે આ વાત સત્ય કેવી રીતે થશે ? મારા આ વચનનું સત્ય થવું ઘણું જ કઠિન છે. આ વાતને સત્ય કરવી તે મારા હાથની વાત છે નહિ. એને સત્ય કરવી એ તો પાંડવોના હાથની વાત છે. એથી રાજા યુધિષ્ઠિરે કહ્યું, “મા, આ આજ્ઞાનું અમે લોકો પાલન કરીશું અને પાંચ મળીને જ એની સાથે વિવાહ કરીશું.” આ વાત શાસ્ત્રથી પણ વિરુદ્ધ છે, તથા લૌકિક રીતે પણ વિરુદ્ધ છે. પરંતુ મહારાજા યુધિષ્ઠિરે માતાનાં વચનોનો આદર કર્યો, તેનું પાલન કર્યું. આ પ્રકારે માતાનાં વચનોનું અને મહાત્માઓનાં વચનોનું જ્યાં સુધી જે કોઈએ પાલન કર્યું તે પાલન કરનારની શક્તિને શ્રદ્ધા કહો અથવા તેનો પ્રેમ કહો, જે કાંઈ કહો.

જબાલાના પુત્ર સત્યકામે ગુરુની આજ્ઞાનું પાલન કરીને ‘બ્રહ્મ’ની પ્રાપ્તિ કરી. રાજા દ્રુપદે શિવજીની આજ્ઞા માનીને દીકરીને દીકરો જ (શિખંડી) સમજી અને બીજા રાજાની કન્યાની સાથે તેનો વિવાહ કરી દીધો, તેમાં સફળતા મળી. ધૌમ્ય મુનિના શિષ્ય આરુણિએ ગુરુની આજ્ઞાનું પાલન કરીને ભણ્યા વગર જ સઘળાં શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. એવા ઘણા આજ્ઞા આપનારા તથા પાલન કરનારા એવા બંનેનાં ઉદાહરણો શાસ્ત્રોમાં મળે છે. શાસ્ત્રો અને મહાત્માઓની આજ્ઞાનું પાલન આપણે લોકોએ કરવું જોઈએ અને તે પ્રકારે ચાલવું જોઈએ. આપણામાં જો એવી શક્તિ હોત તો આજે સેંકડો-હજારો માણસો તૈયાર થઈ ગયા હોત અને ભગવત્-પ્રાપ્ત પુરુષોની સમાન થઈ જાત. અથવા ભગવાનની પ્રાપ્તિ થઈ જાત. પંરતુ અમે જે કાંઈ કહી રહ્યા છીએ તે પ્રાર્થનાના રૂપમાં કહી રહ્યા છીએ, વિનયના રૂપમાં

કહી રહ્યા છીએ, કોઈ ઉપદેશ-આદેશનાં રૂપમાં નહિ, ગુરુ-શિષ્યના ભાવથી નહિ, સ્વામી-સેવકના ભાવથી પણ નહિ. જે કાંઈ કહી રહ્યા છીએ તે મિત્ર ભાવથી જ કહી રહ્યા છીએ. આ મિત્ર ભાવથી કહેવાનું પણ એક રહસ્ય છે. તે રહસ્ય એ છે કે અમે સ્વામીના રૂપમાં—ગુરુના રૂપમાં નથી કહેતા. કારણ કે એવું કરવું એ અમારો અધિકાર સમજતા નથી. કારણ કે હું વૈશ્ય વર્ણનો ગૃહસ્થાશ્રમી વ્યક્તિ છું. બીજી વાત એ છે કે મારામાં તેવી અલૌકિક શક્તિ પણ નથી જેવી કે વેદવ્યાસજી વગેરેમાં હતી, જેમણે સંજયને દિવ્ય દૃષ્ટિ આપી. જેથી તેમની ઈન્દ્રિયો અને મન દિવ્ય થઈ ગયાં.

જે પ્રકારે અલૌકિક શક્તિ ભગવાને અર્જુનને આપી હતી, અને પંદર વર્ષ પછી પણ ૧૮ અક્ષૌહિણી સેનાને એવા જ રૂપમાં પ્રગટ કરી દીધી, જો આપણે પણ એવી દિવ્ય શક્તિ ધરાવતા હોત તો ભગવાન અમને શક્તિ આપીને સંસારના કલ્યાણ માટે મોકલત. અને અમે અમારી શક્તિથી આપ લોકોને લાભ પહોંચાડી શકયા હોત ! અમારું તો નાનાં-મોટાં બધાંને માટે સંમતિના રૂપમાં નિવેદન છે, જો એને આપ લોકો કામમાં લઈ લો તો હું આપ સૌનો આભારી છું. આપ સૌની અમારા પર દયા છે.

હવે રહસ્ય એ બતાવવાનું છે કે જો અમે અધિકારી હોત તો, અથવા સામર્થ્યવાન હોત અને તે અધિકાર પ્રમાણે અમે ગુરુ-શિષ્યનો સંબંધ બાંધીને લોકોને શિક્ષણ અથવા આદેશ આપત તો એ કહી શકાત નહીં કે તેનું શું પરિણામ આવત, કાંઈ કહી શકાતું નથી. પરંતુ એ વાત તો છે જ કે જે ગુરુની આજ્ઞાનું પાલન નથી કરતા, તેમનું પતન થઈ જાય છે. આપનો અને અમારો મિત્રતાનો નાતો છે. એટલા માટે અમારી જે સલાહ છે, સંમતિ છે એને આપ કામમાં જો નહિ લાવો

તો આપ પાપના ભાગી થશો નહિ. એ વાત તો અમે જોરથી કહી શકીએ છીએ કે આપને એમાં પાપ લાગશે નહિ. અને અમે જો ગુરુ હોત, અને તે સંબંધ આપની સાથે જોડત, અને આપ અમારી આજ્ઞાનું પાલન ન કરત તો આપનું પતન થાત. વળી આજ્ઞાનું પાલન ન કરવામાં આપને થોડો ભય પણ હોત. સંભવ છે કે જો તેવી અમારામાં શક્તિ હોત તો અમારી તે શક્તિ બળપૂર્વક આપ લોકો પાસે કરાવી પણ લેત. જેમ રાજાની આજ્ઞા બળવાન હોય છે, રાજાનો હુકમ હોય છે અને તે પ્રમાણે કરવું પડે છે, તેમાં આઘું-પાછું થતું નથી. આ તો તે વક્તાની શક્તિ પર નિર્ભર છે કે કેવા વક્તા છે, કેવી શક્તિ છે, પરંતુ એ વાત પણ છે કે જેમ આજ્ઞા પાલનમાં લાભની વાત છે, તેમ ન પાળવામાં જોખમની પણ વાત છે. કિંતુ જો આપ લોકો અમારી વાત કામમાં લાવશો નહિ તો લાભથી વંચિત રહેશો, પણ નવું કોઈ નુકસાન, નવું કોઈ પાપ લાગશે નહિ. આપને અમે કાંઈ બાધ્ય કરતા નથી કે આ વાત આપે કામમાં લાવવી જ પડશે. આપની મરજી છે, આપ લાવી પણ શકો છો, ન પણ લાવી શકો છો. લાવવામાં લાભ છે, અને ન લાવવામાં કોઈ નુકસાન નથી. પંરતુ જો નુકસાન માનો તો એ કે લાભથી વંચિત રહ્યા, તો એ નુકસાન તો જરૂર છે. આપને કહેવામાં આવે છે કે, "સત્ય બોલવું જોઈએ અને સત્ય બોલશો નહિ તો સત્ય બોલવાથી જે લાભ છે તેનાથી તો વંચિત રહેશો." આપને કહેવામાં આવે "બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ." અને આપ બ્રહ્મચર્યનું પાલન કરશો નહિ તો બ્રહ્મચર્યના પાલનથી જે લાભ થાય તે કેવી રીતે મળશે ? તો જે શાસ્ત્રની વાત છે તેના પાલનથી અમને પ્રત્યક્ષ લાભ થાય જ છે. એટલે આપણે પરમશાસ્ત્ર ગીતાનો અભ્યાસ કરવો જોઈએ –

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥

"ગીતા સાક્ષાત્ ભગવાનના મુખપદ્મથી નીકળેલ છે, તેનો સારી રીતે અભ્યાસ કરવો જોઈએ અને તેનું ગાયન તથા મનન પણ સારી રીતે કરવું જોઈએ. બાકીનાં બીજા શાસ્ત્રોના વિસ્તારની શી આવશ્યકતા છે ?" એમાં બીજા શાસ્ત્રોની અવગણના નથી કરવામાં આવી. શાસ્ત્રોને મહત્તા જ આપવામાં આવી છે અને એમનાથી પણ વધારે ગીતાને વધુ મહત્તા આપવામાં આવી છે. તો એથી એ વાત સમજાય છે કે શાસ્ત્રોની આવશ્યકતા તો છે 'गीता सुगीता कर्तव्या' ગીતાનો સારી રીતે અભ્યાસ કરે તો શું બીજા શાસ્ત્રોની જરૂર નથી? ના, શાસ્ત્રો નિરર્થક છે નહીં, શાસ્ત્ર ઘણી મહત્ત્વની વસ્તુ છે, તે છતાં પણ આત્માના ઉદ્ધાર માટે ગીતાનો અભ્યાસ કર્યા પછી બીજાં શાસ્ત્રોની વિશેષ જરૂર નથી. કારણ કે આ ગીતા તો સ્વયં પદ્મનાભ ભગવાનના મુખ-કમળમાંથી નીકળેલી છે. પદ્મનાભ અર્થાત્ ભગવાન વિષ્ણુ છે, જેમની નાભિમાંથી કમળ નીકળેલ છે. તો 'પદ્મનાભ' અને 'મુખ-પદ્મ' એ બંનેની સાથે કમળ શબ્દ આવ્યો છે. ગીતા જે છે તે ભગવાનના મુખકમળમાંથી નીકળી છે. અને જે તમામ શાસ્ત્રો છે તેઓ નાભિકમળથી નીકળેલાં છે. બધાં શાસ્ત્રો કેવી રીતે નીકળ્યાં ? સાંભળો, નાભિમાંથી કમળ પેદા થયું. કમળમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ, બ્રહ્માજીથી વેદોનો આવિર્ભાવ થયો, વેદોના આધારે ઈતિહાસ, પુરાણ, શાસ્ત્ર, દર્શન, ઉપનિષદ-શ્રુતિઓ—એ બધાં જેટલાં શાસ્ત્રો છે, એમનો વિસ્તાર થયો. પરંતુ ગીતા તો ભગવાનના જ મુખકમળમાંથી

નીકળી, નાભિમાંથી નહિ. વેદ આદિ વારાફરતી નીકળેલા છે. ગીતા તો ભગવાન શ્રીકૃષ્ણના મુખકમળમાંથી ઉત્પન્ન થઈ છે. એટલે અમે જે કાંઈ આપ લોકોની સેવામાં નિવેદન કરીએ છીએ તે એક નંબરમાં તો અધિકાંશતઃ ગીતાની જ વાત કહીએ છીએ. અને બીજા નંબરમાં અન્ય બધાં શાસ્ત્રોની, દર્શનશાસ્ત્ર, ઉપનિષદ, રામાયણ, ભાગવત અથવા મહાભારત વગેરે જેટલાં આપણાં શ્રુતિ-સ્મૃતિ, ઈતિહાસ અને પુરાણ છે તેમની વાત આવે છે. આથી ભગવાનનાં જે વચન છે, મહાપુરુષોનાં વચન છે તે બધાં આપ લોકો કામમાં લો તો આપ લોકોનું કલ્યાણ થઈ શકે છે, એવો મારો વિશ્વાસ છે. અને જો હું આ કામમાં લાવીશ તો મારું કલ્યાણ થઈ શકે છે એમાં કોઈ સંદેહની વાત છે નહિ. આ જે આપણા લોકોમાં ભગવત્ચર્ચા થાય છે, આ ભગવત્ચર્ચા-રૂપી સંગથી આપ લોકોને શું લાભ થાય છે એ તો આપ જ સમજી શકો છો. મને તો લાભ થાય છે એ વાત પ્રત્યક્ષરૂપમાં જ સમજવામાં આવે છે. મનુષ્યને પોતાને પોતાનો અનુભવ તો રહેતો જ હોય છે.

'ભગવાનની-રાધિકાજીની લીલા જોઈ રહ્યો છું, હું એમાં હાજર છું, ભગવાનની રાસક્રીડા જે છે તેમાં મારો પ્રવેશ છે. તેના વિષયમાં તો હું મારો પોતાનો અનુભવ કહી શકું છું'—આવું કહેનારો જે છે તે પોતાને તથા દુનિયાને દગો દેનારો છે, તેની વાતનો કદાપિ વિશ્વાસ કરવો નહિ. જ્યારે હું એવું કહું છું કે મારી સાથે ક્યારેય એવી ઘટના ઘટી છે અથવા નહિ—તો હું કાંઈ પણ કહીશ નહિ. જેનો હું પોતે જ નિષેધ કરું, દંભી બતાવું તો હું પણ શું દંભીઓની પંક્તિમાં શામિલ નહીં થઈશ ? જે કહે છે કે મને અનુભવ થાય છે—તેને હું

દંભી સમજું છું અને 'નહિ' કહેનારાઓમાં તો કોઈ એકાદ હોય છે.

એક શ્રુતિ કહે છે, "જે એવું કહે છે કે મેં 'બ્રહ્મ'ને સમજી લીધું તો તે 'બ્રહ્મ'ને સમજ્યો નથી. જે કહે છે કે હું 'બ્રહ્મ'ને સમજ્યો નથી તો તે પણ સમજ્યો નથી. પરંતુ જે પોતે એવું માને છે કે મેં બ્રહ્મને જાણી લીધું, તેણે કાંઈ પણ જાણ્યું નથી, તે તો બિલકુલ મિથ્યા છે. જે પોતે 'નથી' કહે છે 'નથી' કહેનારાઓમાં કોઈક જ હોય છે"—

नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च ।

यो नस्तद्वेद तद्वेद नो न वेदेति वेद च ॥

(કેન૦-૨/૧૦)

આ પ્રકારે આપણા વેદોમાં, શ્રુતિઓમાં-બધામાં એ વાત બતાવી છે. તો જે 'નથી' કહે છે. તેને ક્યારેક ભગવાન પ્રત્યક્ષ થઈ જાય છે. જે ડીંગ મારે છે કે—"મને ભગવાન મળી ગયા—હું ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ કરું છું, ત્યાં મારો પ્રવેશ છે,"—ત્યાં તો બધો જ મામલો ગડબડ છે. વાસ્તવમાં એ ભગવત્પ્રાપ્તિ છે જ નહિ. જે એવું કહે છે, તેની પરીક્ષા કરી હું એ કહી શકું છું કે એને ભગવત્ પ્રાપ્તિ થઈ જ નથી. પરંતુ જેને વાસ્તવમાં પરમાત્માની પ્રાપ્તિ થઈ છે, તેના વિષયમાં હું કાંઈ કહી શકતો નથી. એ બતાવવું કઠિન છે, કારણ કે એ જે વિશેષતા છે, તે 'સ્વસંવેદ્ય' છે, 'પરસંવેદ્ય' નથી. એને તે સ્વયં જ જાણે છે, બીજા કોઈ જાણી શકતા નથી. ખાસ કરીને સંસારમાં જે લોકો છે તેઓ બીજાઓ ઉપર પોતાનો પ્રભાવ પાડવા માટે એવી વાતો બોલે છે, તેને મોહિત કરવાની ચેષ્ટા કરે છે, આવા પુરુષો સાચા નથી.

વાસ્તવમાં દુનિયામાં અધિક પ્રમાણમાં લોકો માન-મોટાઈ,

પૂજા, પ્રતિષ્ઠાના ચાકર છે. લાખો-કરોડોમાં કોઈ એક એવો મહાપુરુષ હોય છે જે માન-મોટાઈ-પ્રતિષ્ઠાને વિષ્ઠાની સમાન સમજે છે. સંસારથી વિરક્ત છે, ઐશ્વર્યને ધૂળની સમાન સમજે છે, એવો હજારો-લાખોમાં કોઈ એક વિરક્ત પુરુષ હોય છે. અને તેવા વિરક્ત પુરુષોમાં પરમાત્માના તત્ત્વને જાણનારો તો કોઈ એક જ હોય છે જે ભગવત્પ્રાપ્ત પુરુષ હોય છે. વિરકતોની વ્યાખ્યા કરી શકાય છે. પરંતુ ભગવત્પ્રાપ્ત પુરુષોની વ્યાખ્યા- **यो मद्भक्तः स मे प्रियः** એ નામથી ભગવાને કરી છે. ગીતાના બારમા અધ્યાયના તેરથી ઓગણીસ શ્લોક સુધી તે વ્યાખ્યાને વાંચીને પણ મનુષ્ય તેને ઓળખી શકતો નથી. એટલે એ વાત આવે છે કે એને ઓળખવો તો ઘણું જ કઠિન છે. હવે વાત એ આવે છે કે એવો પુરુષ કેવી રીતે મળે ? અમારામાં તો ઓળખવાનું સામર્થ્ય નથી, પરંતુ ચાહના છે મળવા માટેની. આપના હૃદયમાં મળવાની ઈચ્છા તીવ્ર હોવી જોઈએ તો જરૂર આપને ઘેર બેઠાં મળી શકે છે. મળવાની તીવ્ર ઈચ્છા હોવી જોઈએ, પછી પુરુષની તો વાત જ શું, ભગવાન મળી શકે છે. બસ મળવાની ઈચ્છા તીવ્ર હોવી જોઈએ, ખૂબ જિજ્ઞાસા હોવી જોઈએ. બીજી વાત છે, એવા પુરુષ ભગવાનની કૃપાથી મળે છે, કેવળ ભગવાનની કૃપાથી.

કોઈ એમ કહે—'કૃપા તો છે જ.' કૃપા છે તે સાચું, પણ માને છે કોણ ? અને કૃપા માનવાથી ફળ આપે છે. માન્યા વગર ફળ આપતી નથી. કૃપા જ શું, ભગવાન પણ પોતે જ પ્રગટ થઈ જાય અને આપણે તેમને ભગવાન નહિ માનીએ તો ભગવાનના દર્શનનો જે લાભ છે તે થશે નહિ. જેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણજી પ્રગટ હતા. દુર્યોધન એમને ભગવાન માનતો ન હતો. એટલા માટે દુર્યોધનને તે લાભ મળ્યો નહિ, જે અર્જુનને મળ્યો. પ્રત્યેક વાત માનવા પર નિર્ભર

છે. પ્રત્યેક સ્થિતિમાં વિકાર થવો ન જોઈએ. એવી નિર્વિકાર અવસ્થા હોવી જોઈએ. એવું બનવું જોઈએ. પરંતુ 'એમ થાય' એવું થઈ રહ્યું છે નહિ. એ ખટપટ તો બધાના હૃદયમાં છે જ. અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ, અનુકૂળતામાં હર્ષ અને પ્રતિકૂળતામાં શોક થવો—એ તો વિકાર છે. હર્ષ-શોક, રાગ-દ્વેષ એ તો થયા જ કરે છે. આ વિકારોથી રહિત થવાની એક કસોટી છે. જાણે કે કોઈ ક્રિયા થઈ રહી છે, તેમાં એક ભાવ—એક ભગવદ્ભાવ જો હોય તો પછી અન્ય નાનાત્વના ભેદ રહી શકતા જ નથી. એ જે નાનાત્વના ભેદ છે, એ જ આપણે માટે બાધક છે. જે એકતા છે, તે જ સમતા છે. અને જે સમતા છે તે જ ભગવાનનું સ્વરૂપ છે. આપ તેને એકીભાવ કહો અગર તેને સમતા કહો, અગર ભગવાનનું સ્વરૂપ કહો, ગંભીરતાથી વિચાર કરીને જોવાથી એક જ ચીજ છે. આપણી દૃષ્ટિમાં આ જે એકત્વ-ભાવ આવે છે, સમતા આવે છે તે અસલી ભગવાનનું પ્રતિબિંબ છે, એમનો આભાસ થાય છે, પરંતુ તેમનાથી અલગ નથી. ચન્દ્રમાનું પ્રતિબિંબ ચન્દ્રમાથી અલગ હોતું નથી, સૂર્યનું પ્રતિબિંબ સૂર્યથી અલગ હોતું નથી, સૂર્યની સાથે જ તે છુપાઈ જાય છે.

મહાત્મા પુરુષોને અનુકૂળ બનવાની વાત શરૂઆતમાં કહી હતી. મહાત્માઓને અનુકૂળ બનવું એ તો ઘણું જ સહજ છે. મહાત્મા પુરુષોનું મળવું એ જ કઠિન છે, તેઓ મહાન ભાગ્યથી મળે છે. અથવા તો એવું કહીએ કે ભગવાનની કૃપાથી જ મળે છે અને મળ્યા પછી તેમને ઓળખવા કઠિન થઈ જાય છે. જો ભગવાનની કૃપાથી ઓળખવાની વાત થઈ ગઈ તો પછી ભગવાનની પ્રાપ્તિમાં કોઈ વિલંબ થઈ શકતો નથી. તાત્પર્ય એ છે કે મહાત્માને જે મહાત્મા


સમજી લે, પછી તે એક પ્રકારથી તેનામાં મહાત્માનો ભાવ થઈ જાય છે. જેવી રીતે ગીતાના બારમા અધ્યાયના તેરમા શ્લોકથી લઈને ઓગણીસમા શ્લોક સુધીમાં છે. તેરમા તથા ચૌદમા શ્લોકમાં તો ભગવાન કહે છે–

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥

"આવો મારો ભક્ત મને પ્રિય છે" તો તે મહાત્માના હૃદયનો જ આ ભાવ છે. એ પોતાનામાં જેટલો જાગ્રત થશે એટલો જ મહાત્મા થશે–એનો આ ભાવ છે. 'अद्वेष्टा सर्वभूतानाम्' તમામ ભૂતો-પ્રાણીઓમાં દ્વેષ ભાવથી રહિત. બધામાં હેતુરહિત મિત્રતા, બધા ઉપર હેતુરહિત દયા, હૃદયમાં મમતાનો અભાવ, અહંકારનો અભાવ અને ક્ષમા – બીજાના અપરાધનો બદલો લેવા ન ઇચ્છવું તે ક્ષમા છે– સુખ-દુઃખમાં સમ રહેવું અને જે કાંઈ પ્રારબ્ધવશ પ્રાપ્ત થઈ જાય તેમાં ઈશ્વરનું વિધાન સમજીને મગ્ન રહેવું. દરેક સમયે સંતુષ્ટ રહેવું અને બુદ્ધિને સ્થિર રાખવી.

જેણે પોતાના મનને જીતી લીધું છે તથા પોતાની બુદ્ધિ ભગવાનને અર્પણ કરી દીધી છે એવા માટે ભગવાન કહે છે– मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः । મન અને બુદ્ધિને મારામાં અર્પણ કરનારો મારો ભક્ત મને પ્યારો છે. એ ભાવ જો આપણા હૃદયમાં જાગ્રત થઈ જાય તો સમજવું જોઈએ કે આપણે મહાત્માને

સમજ્યા છીએ. સમજવાથી જ તે મહાત્મા બની જાય છે. તે જેટલું જાણે છે તેટલો જ તે ભાવવાળો બની શકે છે. સાધારણ જાણવાથી તેમાં સાધારણ ગુણ આવે છે, વિશેષ જાણવાથી વિશેષ ગુણ આવે છે. જાણવાથી તેમાં અલૌકિક શ્રદ્ધા પેદા થાય છે, વિશ્વાસ થાય છે. વિશ્વાસ અને શ્રદ્ધાનો એ પ્રભાવ છે—તેમાં પ્રવેશ કરીને અંકિત થઈ જાય છે. એવી રીતે તેમાં શ્રદ્ધા હોવાથી અંકિત થઈ જાય છે. ઊણપ હોવાના કારણથી જ કમી છે. શ્રદ્ધા અને આપણો વિશ્વાસ જેટલો હોય છે, તેટલો જ તે વાતને પકડે છે અને ધારણ કરે છે. તે વાત તેમાં તે પ્રકારે થવા લાગે છે જેવી રીતે ફોનોગ્રાફમાં જેવો અવાજ ભરવામાં આવે છે તેવો જ અવાજ તેમાંથી નીકળે છે. અને જેવી રીતે કેમેરા સામે જેવું દૃશ્ય હોય છે, તેવું જ દૃશ્ય તે પકડે છે, એવી રીતે જે મહાત્મા પુરુષ છે, તેનાં જે આચરણ છે, તે તેના હૃદયમાં છપાઈ જાય છે. મતલબ એ છે કે જ્યારે મહાત્માના આચરણને તે જુએ છે તો તે તેના હૃદયમાં અંકિત થઈ જાય છે. ત્યારબાદ તેનું આચરણ પણ તેવું જ થવા લાગે છે, જેવું મહાત્માનું આચરણ હોય છે. ત્યારબાદ મહાત્માના સંકેત પ્રમાણે જ તે ચેષ્ટા પણ કરવા લાગે છે, તેને કાંઈ કહેવું પડતું નથી. મહાત્માના સંકેત પ્રમાણે જ ચેષ્ટા પણ આપોઆપ જ થવા લાગે છે, કારણ કે મહાત્મામાં વિશેષ નિષ્ઠા થઈ જાય છે. વિશ્વાસ હોય તો તે પ્રકારથી જ તે બધી વાત અંતરમાં જામી જાય છે અને તે પ્રકારે તે તેનું અનુકરણ પણ કરવા લાગી જાય છે તથા તેમની વાતનો તે એટલો આદર કરે છે કે તે પોતાના પ્રાણનો પણ તેટલો આદર કરતો નથી. એ પ્રકારે તે પ્રગતિ કરતો કરતો આગળ જઈને સ્વયં મહાત્મા થઈ જાય છે.



# ૩. ભગવાનની દયાનું રહસ્ય

ઈશ્વરની આ ઘણી જ કૃપા છે કે ઉત્તમ દેશ, ઉત્તમ સમય, ઉત્તમ જાતિ અને ઉત્તમ ધર્મમાં આપણો જન્મ થયો છે. પરંતુ બધાં કરતાં એ વાત વધારે ઉત્તમ છે કે આપણો સમય ભગવત્ ચર્ચામાં વ્યતીત થયો. આ પ્રમાણે ભવિષ્યમાં આવનારો સમય જો ઉત્તમ કાર્યોમાં વ્યતીત થાય તો ભગવાનની દયા સમજવી જોઈએ અને ખરાબ કાર્યોમાં વ્યતીત થાય તો આપણા સ્વભાવનો દોષ સમજવો જોઈએ. બંને વાતો પ્રારબ્ધ પર નિર્ભર નથી. આપણા દ્વારા કોઈ ખોટું કાર્ય થયું હોય તો તેને આપણા સ્વભાવનો દોષ સમજવો જોઈએ, અને જો આપણા દ્વારા સારું કાર્ય થયું હોય તો તેને ભગવત્-કૃપા સમજવી જોઈએ. ભગવાનની કૃપાનું ફળ પરમ કલ્યાણકારક અને આપણા સ્વભાવની ક્રિયાનું ફળ દુઃખરૂપ છે પરંતુ ભગવાનની કૃપાથી તે પણ માફ થઈ જાય છે. એ સિદ્ધાંત સમજવો જોઈએ. આપણા દ્વારા કોઈ પણ યજ્ઞ, દાન, તપ, તીર્થ, વ્રત, સેવા, ઉપકાર અથવા ભગવાનનું ભજન-ધ્યાન, સત્સંગ, સ્વાધ્યાય વગેરે થાય તો તેને ભગવાનની કૃપા જ સમજવી જોઈએ. ભગવાન જ આપણને બૂરાં કર્મોથી હટાવીને સારાં કર્મોમાં જોડે છે. જૂઠ, કપટ, ચોરી, લૂંટ, બેઈમાની વગેરે કોઈપણ બૂરું કામ થાય તો તેને આપણા સ્વભાવનો દોષ માનવો જોઈએ. કુસંગની અસર મહાત્માઓ પર પડતી નથી. એટલે કુસંગને આપણા સ્વભાવનો જ દોષ સમજવો જોઈએ. બીજા માણસને માથે ઢોળી દો કે કુસંગીનો સાથ થવાથી મારામાં આ ખરાબી આવી ગઈ, પણ તે ખરાબી આપે સ્વીકારી તેથી તો આવી. તેથી કુસંગનો ત્યાગ

કરવો. તેની પાસે ન જવું. તેનું નામ જ ન લેવું. કુસંગથી હાનિ થાય છે. સત્સંગથી લાભ છે. એટલે આપણે સત્સંગ જ કરવો.

સત્સંગ ભગવાનની દયાથી જ મળે છે. સત્સંગથી જે લાભ છે તે તેમની દયાથી જ છે. સત્સંગ ઈશ્વરની કૃપા છે, જે પરમ લાભ પહોંચાડે છે, તેની કોઈ સીમા નથી. લાભ લેનારાઓ ઉપર એ વાત નિર્ભર કરે છે. તેની દયાને આપણે જેટલી સમજીએ તે થોડી છે. ભગવાનની દયાની કોઈ સીમા નથી, તે અપરિમિત છે. આપણા લોકોમાં તેની જે દયા સમજવામાં આવે છે તે સીમિત છે. પરંતુ આપણા ઉપર ઉત્તરોત્તર અધિકથી અધિક ભગવાનની દયા સમજીએ તો તરત જ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે. એટલા માટે પ્રત્યેક લીલામાં, પ્રત્યેક વાતમાં અને પ્રત્યેક સમયમાં દયા જુઓ અને તેને જોતાં-જોતાં એટલા મુગ્ધ થઈ જાવ કે ભગવાન જ આવીને જગાડે. જ્યાં સુધી ભગવાનનાં સાક્ષાત્ દર્શન ન થાય ત્યાં સુધી એવું સમજવું કે આપણે ભગવાનની પૂરી દયા સમજી જ નથી. કારણ કે ભગવાનની જે અપરિમિત દયા છે, તેનું તત્ત્વ-રહસ્ય સમજી લઈએ તો તે વખતે ભગવાનની પ્રાપ્તિ થઈ જવી જોઈએ. જો ભગવાનની પ્રાપ્તિમાં વિલંબ થઈ રહ્યો છે તો એવું સમજવું જોઈએ કે તેની દયાને સારી રીતે સમજ્યા નથી. જ્યાં જ્યાં આપણી નજર જાય તો ચારે તરફ દયા જ દયા દૃષ્ટિગોચર થાય. દયાનો તો એક સાગર ભર્યો છે, આપ તેમાં ડૂબેલા છો. આ સાગરનો તો કિનારો છે, પરંતુ ભગવાનની દયાના સાગરમાં દયાનો કિનારો નથી. ભગવાનની દયાને જોઈ-જોઈને મનુષ્ય હસતો જ રહે, હસતા-હસતા જ મરી જાય તો કેટલા બધા આનંદની વાત છે અને તેનાથી વધારે છે શું ? એટલે કે દયાના સાગરમાં ડૂબી જાય, સંસારના સાગરમાં નહિ. દયાના સાગરમાં

પોતાને ડુબાડીને રાખે. ભગવાને સૂર્ય દ્વારા પ્રકાશ, વાદળો દ્વારા જળ અને જીવન ચલાવવા માટે પૂરતા પ્રમાણમાં હવા આપેલાં છે, જેનું કાંઈ પણ મૂલ્ય આપવું પડતું નથી. અને તે પ્રકાશ, જળ તથા હવાની સમાન કોઈ પ્રકાશ, જળ તથા હવા લાખો રૂપિયાઓ ખર્ચ કરીએ છતાં એ પ્રાપ્ત થઈ શકતાં નથી. પરંતુ ભગવાને તે મફત દીધું છે. આ તેમની કેટલી બધી દયા છે ! એનાથી પણ વધારે દયા છે કે, ભગવાને આપણને સ્ત્રી, પુત્ર, ધન, મકાન, શરીરમાં બળ, બુદ્ધિ, જ્ઞાન વગેરે સઘળું જ આપ્યું છે. તે બધી જ વસ્તુઓ આપી છે પરમાત્માની પ્રાપ્તિ માટે. એ તો ભગવાનની દયા છે કે તેમણે આપણને તે બધી ચીજો આપી. પરંતુ એનાથી પણ વધારે દયા કરે છે જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા કરી દે છે અથવા આપણને દુઃખ, કલેશ વગેરે દે છે, આપણી ચીજો લઈ લે છે. જેમ કે સ્ત્રી મરી ગઈ, પુત્ર મરી ગયો, ધનનો નાશ થઈ ગયો, બિમારી થઈ ગઈ. એક ભક્તે કહ્યું છે;

सुख के माथे सिल पड़े जो नाम हृदय से जाय ।
बलिहारी वा दुःख की जो पल पल नाम रटाय ॥

જે સુખ મળવાથી આપણે ભગવાનને ભૂલી જઈએ, તે સુખના માથા પર પથ્થર પડે, અને તે દુઃખની બલિહારી છે, તે દુઃખ ધન્ય છે જેમાં ક્ષણે-ક્ષણમાં ભગવાનના નામની યાદ આવે. સંસારમાં ભગવાન દુઃખમાં જ યાદ આવે છે. કોઈ ભક્તે કહ્યું છે ;

दुखमें सुमिरन सब करे सुखमें करे न कोय ।
जो सुखमें सुमिरन करे तो दुख काहे को होय ॥

દુઃખમાં બધાં જ ભગવાનને યાદ કરે છે પરંતુ સુખમાં કોઈ યાદ કરતું નથી. જો સુખમાં ભજન કરે તો દુઃખ હોય જ ક્યાંથી ?

સારું તો દુઃખ જ છે જે ભગવાનનું સ્મરણ કરાવે છે. આ પ્રકારે આપણા શરીરમાં તાવ આવી જાય અથવા કોઈ બીમારી થઈ જાય અને તે વખતે ભગવાન યાદ આવી જાય તો એ બીમારી આપણા માટે ઘણી જ લાભદાયક છે. સંસારની કોઈ પણ વિપત્તિ આવે તો ભગવાનની વિશેષ દયા સમજવી જોઈએ; કારણ કે જ્યારે આપણને બીમારી હોય છે તો પાપનું જે ફળ દુઃખ હોય છે, તેને ભોગવી લેવાથી પાપ મટી જાય છે અને આપણે પવિત્ર થઈ જઈએ છીએ. આપણને શુદ્ધ બનાવવા માટે ભગવાન એ બધી બીમારી આપે છે.

ભીષ્મે ભગવાનને પ્રાર્થના કરી કે, "મેં જેટલાં પાપ કર્યાં છે–તે બધાં રોગરૂપમાં પ્રાપ્ત થઈ જાય અને મને પાપ વગરનો બનાવી દો, શુદ્ધ બનાવો. હું એવું ઈચ્છતો નથી કે દુઃખ ભોગવવા માટે મારે ફરી જન્મ લેવો પડે." એક બીજી આનંદની વાત એ છે કે પોતાને બીમારી થઈ ગઈ, તાવ આવી ગયો તો આપણે તેને તપ સમજી લેવું. તપ સમજીને તેનો આદર કરો તો પરમ તપનું જે ફળ છે, તે પ્રાપ્ત થાય છે, આ લાભ છે. અને દુઃખની પ્રાપ્તિ થતાં નિરંતર એ વાતની યાદ આવે કે મેં જે પાપ કર્યાં છે એના ફળસ્વરૂપ આ દુઃખ ભોગવી રહ્યો છું, તો એથી એવી ધારણા બનશે કે પાપ ન કરવું જોઈએ. ભગવાનની સ્મૃતિમાં દુઃખ મુખ્ય હેતુ હોય છે, એથી દુઃખને સુખથી ચઢિયાતું સમજવું જોઈએ. અને વિપત્તિમાં ભગવાનની વિશેષ દયા સમજવી. એ જુદી વાત છે કે કોઈ-કોઈ સમયમાં ભગવાનની યાદ બધાને આવે છે. જો યાદ ન આવત તો આપ શું કરત, કશું ન કરત. તો આ ભગવાનની વિશેષ દયા છે. સમય-સમય પર ભગવાન આપણને વિશેષ યાદ આવી જાય છે, યાદ આવ્યા બાદ તેમને ભૂલી જવા કે છોડી દેવા એ આપણી મૂર્ખતા છે, અન્યથા એમને ભૂલી શા

માટે જઈએ ? સ્વાભાવિક જ જો ક્યારેય ભગવાન યાદ આવી જાય છે તો તે ભગવાનની પ્રત્યક્ષ દયા છે. જો ભગવાન યાદ ન આવત તો આપણું શું જોર હતું ? તો પ્રત્યેક વિષયની પ્રાપ્તિમાં, પ્રત્યેક વિષયમાં ભગવાનની દયાનું દિગ્દર્શન કરવું જોઈએ. ગીતામાં પણ ભગવાને કહ્યું છે,

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥
(ગીતા-૬/૩૦)

"જે મને બધી જગાએ જુએ છે અને બધાંને મારામાં જુએ છે, તેનાથી હું અલગ થતો નથી અને તે મારાથી અલગ થતો નથી." આ પ્રકારે જોવાનું જે જ્ઞાન છે તે પરમાત્માથી જ થાય છે. તો દરેક સમયે આપણી એ જ બુદ્ધિ હોય કે આપણે સર્વે સ્થળે ભગવાનને જોઈએ અને બધાને ભગવાનમાં જોઈએ. એથી આપણને વધારેમાં વધારે પ્રસન્નતા અને શાંતિ મળે છે. કીર્તન કરતાં-કરતાં પ્રેમમાં મૂર્છિત થઈ જાય, પોતે પોતાને ભૂલી જાય, કીર્તન સિવાય કોઈ વાતનું જ્ઞાન ન રહે, ભાવ વધતો વધતો વધી જાય તો ભગવાન તરત પ્રગટ થઈ જાય. જેવી રીતે દ્રૌપદીએ એક જ વાર સકામ ભાવથી એક અવાજ લગાવ્યો તો ભગવાન ત્યાં તરત આવી ગયા. આ પ્રમાણે ભાવ, દયા, નામ-જપ અને પ્રેમની પણ વાત છે. પ્રેમ વધતાં-વધતાં એટલો બધો વધી જાય કે તે એકદમ પોતાને ભૂલી જાય, પ્રેમમાં મૂર્છિત થઈ જાય, તો ભગવાન તે જ સમયે પ્રગટ થઈ જાય. સત્સંગનો શાસ્ત્રોમાં મુક્તિથી અધિક મહિમા બતાવ્યો છે. પોતાના ભાગ્યના ભરોસે બેઠો રહે તો કાંઈ ભાગ્યથી તો મળતા નથી, એ તો ભગવત્કૃપાથી મળે છે, પ્રેમથી મળે છે. પ્રેમ અને શ્રદ્ધાની આપણામાં કમી છે એટલે તો આપણે

દયાને પાત્ર છીએ. ભગવાન દયાથી જ મળે છે, તો ભગવાનની આગળ રડવું જોઈએ, સ્તુતિ-પ્રાર્થના કરવી જોઈએ. હૃદયથી રડીને પ્રાર્થના થાય તો તેની સુનાવણી ભગવાનને અધિક થાય છે. કરુણાથી રડે અને હૃદયથી ન રડે તો ભગવાનને આવવામાં વિલંબ થઈ શકે છે. જેમ કે એક છોકરો છે જે પોતાની માતાને પોકારે છે. મા, મા, કહીને રડે છે. મા તેની વાત પર ધ્યાન આપતી નથી. બીજી સ્ત્રીએ કહ્યું, "તારો છોકરો આટલા બધા વખતથી રડી રહ્યો છે અને તું તેની તરફ ધ્યાન જ આપતી નથી, તે કેટલી બધી વારથી રડી રહ્યો છે. તેના દુઃખ તરફ તો ખ્યાલ કર." તો છોકરાની મા કહે છે, "એ ખોટો ખોટો રડી રહ્યો છે. જુઓ, આંસુનું એક ટીપું પણ આવ્યું નથી." આ પ્રકારે બનાવટી રોવાની અસર જેવી રીતે મા પર નથી પડતી, તે પ્રકારે આપણા રોવાની કોઈ વિશેષ અસર પડતી નથી. કારણ કે આપણું રડવું હૃદયથી છે નહિ. હૃદયનો જે ઉદ્‌ગાર છે, હૃદયનો જે કરુણાભાવ છે, તેનાથી જો ભગવાનની આગળ રડે તો ભગવાને બાધ્ય થઈને આવવું પડે. આપણા હૃદયના ભાવને વધારવો જોઈએ. ભગવાનની પ્રાપ્તિ અર્થે રડવા માટે હૃદયની વ્યાકુળતા એટલી બધી વધી જાય કે આપણે ભગવાનના વિયોગને જરા પણ સહન કરી શકીએ નહિ. આપણામાં યોગ્યતા ન હોય, ગુણ ન હોય, આદર ન હોય, ભક્તિ ન હોય, વૈરાગ્ય ન હોય, જ્ઞાન ન હોય, કાંઈ પણ ન હોય, કેવળ ભગવાનને મળવાની તીવ્ર ઈચ્છા હોય તો ભગવાન એ જોતા નથી કે આ પાત્ર છે અથવા અપાત્ર છે.

એક ધનવાન અને દયાળુ વ્યક્તિ છે. તે મીઠાઈ ખાઈ રહ્યો છે. એક ગરીબ વ્યક્તિ આવીને બેસી જાય અને કહે, 'મને પણ જલેબી આપો.' થોડી દયાવાળો તેને પણ જલેબી આપે છે. અને તે ખાઈને

પ્રસન્ન થઈ જાય છે. કારણ કે આનાં પહેલાં તેણે કદી પણ જલેબી ખાધી ન હતી. તેની પ્રસન્નતાને જોઈને દાતાના મનમાં પણ ઘણી પ્રસન્નતા થાય છે. તો ભગવાન ઘણા ઉચ્ચ કોટિના દાતા છે. આપણે કાંઈપણ ન ઈચ્છીએ અને પોતાને અપાત્ર સમજીને એક માત્ર પ્રભુના દર્શનની ઈચ્છા કરીએ. ભગવાન જુએ છે કે ભાઈ, એની ઉત્કટ ઈચ્છા છે તો દર્શન આપી જ દો. પાત્રને તો જલેબી પૈસા આપવાથી બજારમાં કંદોઈની દુકાનેથી મળી જ જાય છે. અને પૈસાના અભાવમાં પણ ખાવાની ઈચ્છા થાય તો તેને પણ મળી જાય છે. જલેબી માટે આતુર થઈને કોઈને કહે, "શેઠ, અમે કદી પણ જલેબી ખાધી નથી. મને એક જલેબી અપાવો." તો કોઈને કોઈ વ્યક્તિના દિલમાં દયા આવી જ જાય છે, અને તેને અપાવે છે. તો આપણા હૃદયમાં જે દયા છે તે મામૂલી દયા છે. દયાના સાગરરૂપ જે ભગવાન છે તેઓ તો પાત્રતાને જોતા જ નથી. જો એ સમજી જાય કે, એને દર્શનની ઈચ્છા છે તો મારું કર્તવ્ય છે કે તેને દર્શન આપું. આપણે ભગવાનના વ્રત, દયા અને સ્વભાવની તરફ જોઈને દર્શનની ઈચ્છા કરવી જોઈએ, તો આપણે અપાત્ર હોવા છતાં પણ પાત્ર થઈ જઈએ છીએ. ભગવાનનો સ્વભાવ કોમળ છે, તેઓ ઘણા દયાળુ છે, તેઓ પોતાના દાસનાં દુઃખોને જોઈને પ્રગટ થયા વગર રહી જ શકતા નથી. તેઓ દોષોને તો જોતા જ નથી.

આ પ્રકારે આપણે ભગવાનની દયાના પ્રભાવને સમજીને તે દયાના બળ પર દર્શન કરી શકીએ છીએ. 'આપણે અપાત્ર છીએ એટલા માટે દૂર છીએ' એ તો આપણી પોતાની સમજની ખામી છે. આપણે, દરેક ભાઈ ખ્યાલ રાખીને પોતાની તરફ જોઈએ તો જે કાંઈ પણ ભગવાનની દયાનો લાભ મેળવી રહ્યા છીએ તે જ અસંભવ જેવી

વાત છે. કારણ કે ક્યાં આપણે લોકો અને ક્યાં ભગવાન ! રામચરિતમાનસના ઉત્તરકાંડમાં શ્રી ભરતજી કહે છે :

जौं करनी समुझै प्रभु मोरी । नहिं निस्तार कलप सत कोरी ॥

"હે નાથ, જો આપ મારી કરણી તરફ ખ્યાલ કરીને જોશો તો સો કરોડ કલ્પો સુધી પણ મારો ઉદ્ધાર થવો સંભવ નથી."

जन अवगुन प्रभु मान न काऊ । दीन बंधु अति मृदुल सुभाऊ ॥

આંપ પોતાના દાસોના દોષો તરફ જોતા નથી. આપનો સ્વભાવ ઘણો કોમળ છે. આપ તો દીનોના બંધુ છો, અને હું તો દીન છું. એથી મને વિશ્વાસ થાય છે કે ભગવાન મને મળશે. એ પ્રમાણે આપણે પણ આપણા મનમાં સમજી લઈએ તો જે વાત ભરતજી માટે હતી તે આપણે માટે પણ છે. ભરતજી કરતાં વધારે અપરાધ આપણામાં હોઈ શકે છે; પરંતુ વધારે ભલે હોય, જ્યાં સૂર્યનો પ્રકાશ હોય છે ત્યાં થોડો કે વધારે અંધકારનો ખ્યાલ થોડો કરાય છે, ત્યાં તો ગમે તેટલો પણ અંધકાર હોય તે બધો દૂર થઈ જાય છે. પ્રત્યેક ભાઈ પોતાના પર વિચાર કરીને જુએ, આપણે આપણા પોતાના પર વિચાર કરીને જોઈએ કે હું કેટલો નીચી કક્ષામાં છું ! બીજી તરફ ભગવાનની દયા તરફ જોઈએ તો આપણને આશ્ચર્ય થઈ જાય છે કે મારા જેવા પુરુષ ઉપર પણ ભગવાનની દયા થઈ શકે છે, તો બીજા પર દયા થાય તેની વાત જ શી ? હું જે આપને શાસ્ત્રોની આટલી બધી વાતો સંભળાવું છું તો શું આ એક પ્રકારથી અમારી કોઈ પૈતૃક સપંત્તિ છે ? અમારી શું એ કોઈ કમાણી છે ? અથવા અમારી કોઈ શું પૂંજી છે ? આ તો કેવળ ભગવાનની દયા સિવાય બીજી વાત જ કઈ છે ? મારાથી પણ નીચેની શ્રેણીના લોકો

સંસારમાં રહે છે. તેઓ પણ પરમાત્માની દયાના પ્રભાવથી બ્રહ્માની પદવી સુધી પહોંચી શકે છે. પરંતુ ભગવાનની દયાના પ્રભાવને પોતાના પર સમજવો અને માનવો જોઈએ. હું તો માનનારાઓમાંનો નથી, પણ હું ભગવાનની દયાના પ્રભાવને ન જાણનારાઓમાંનો છું. તેમની દયાનો જે પ્રભાવ છે, તત્ત્વ છે, રહસ્ય છે, તેને હું જાણતો નથી કે માનતો નથી, જો એવા આદમી પર પણ ભગવાન દયા કરી રહ્યા છે, તો જે પોતાના પર દયા સમજે, જાણે, માને તેના પર દયાનો પાર નથી રહેતો. એટલા માટે વાત કહું છું કે જે પોતાના ઉપર ભગવાનની દયા સમજે , તેના ઉપર તેની સમજ કરતાં પણ ઘણી જ વધારે દયા છે, કારણ કે હું મારા પર ઘટાવીને જોઉં છું કે ભગવાનની જે દયા છે તેમનું જે તત્ત્વ-રહસ્ય છે તેને જે જાણે છે તેને તો કેટલો બધો લાભ થાય છે, એ તો તે પોતે જ જાણે ! ભગવાનની દયાનું તત્ત્વ-રહસ્ય ન જાણનારી, ન સમજનારી, ન માનનારી એવી જે વ્યક્તિ છે તેની ઉપર પણ ભગવાનની એટલી બધી અપાર-અપરિમિત દયા છે, તો બીજાઓની ઉપર અથવા તો માનનારા પર થાય તે ઉચિત ન્યાય જ છે. એટલા માટે આ વાત કહેવામાં આવે છે કે અપાત્ર ઉપર પણ ભગવાનની દયા હોય છે.

પ્રત્યેક મનુષ્યે એ સમજવું જોઈએ કે મારા ઉપર ભગવાનની સૌથી વધારે દયા છે, પાત્ર તો છું નહિ, છતાં દયા બધાથી વધારે છે. એ વાતને માની લેવાથી પછી તો ચારે તરફ તેને દયા જ દયા દેખાય છે. જાણે તે દયાના સાગરમાં ડૂબેલો છે. જ્યારે તે એક પ્રકારથી દયાનો અનુભવ કરે છે તો તેને સર્વત્ર ભગવાનનાં દર્શન થવા લાગે છે, દરેક સમય ભગવાનની લીલા થતી હોય એમ દેખાય છે. પદાર્થ

માત્રમાં તેને ભગવાનનું સ્વરૂપ દેખાય છે અને જડ-ચેતન દ્વારા થનારી તેની ક્રિયા—લીલા દેખાય છે. જે મંડળીઓ ભગવાનની લીલા કરાવે છે—રામલીલા, કૃષ્ણલીલા એ તો કૃત્રિમ છે, બનાવટી છે. પરંતુ ભક્તને જે દેખાય છે તે અસલી લીલા છે. તેને તો પ્રત્યેક સમય ભગવાનની લીલા દેખાય છે. સંસારમાં હવા ચાલી રહી છે અથવા મન, ઇન્દ્રિયો અને શરીરને અનુકૂળ અથવા પ્રતિકૂળ જે કંઈ પણ ક્રિયા થઈ રહી છે તે તેને ભગવાનની લીલા દેખાય છે. તમે ખ્યાલ કરીને જુઓ—લોકો સિનેમા જોવા જાય છે, તેમાં તેઓ તમાશો જુએ છે—તે બિલકુલ જૂઠું છે. 'જૂઠું છે અને સિનેમાનો ખેલ છે' આ બુદ્ધિમાં સ્પષ્ટ હોવા છતાં પણ તેને જોઈને ખુશ થાય છે. અને એટલા માટે તો તે વારંવાર જોવા જાય છે. નહિ તો શા માટે જાય ? તે તો સિનેમાનો ખેલ-તમાશો છે, બનાવટી છે, અને મનુષ્યકૃત છે. તેને જોવું તે મૂર્ખતા છે. અને ભગવાનની તરફથી જે તમાશા થઈ રહ્યા છે, તે તમાશાના મુકાબલામાં તો કોઈ બીજો તમાશો છે જ નહિ.

જો ભગવાન પ્રગટ થઈને લીલા કરે અને તેનું તત્ત્વ આપણે સમજી લઈએ તો તે સમયે તેમની લીલાને જોઈ-જોઈને આપણામાં પ્રસન્નતા થવી જોઈએ. આ જ ભગવાન તો કૃષ્ણાવતારમાં લીલા કરતા હતા. તો ભગવાનની પ્રત્યેક ક્રિયા ગોપીઓને માટે લીલારૂપ હતી. અને જેમને ભગવાનમાં શ્રદ્ધા ન હતી તેમને માટે તે લીલારૂપ ન હતી. જ્યારે બ્રહ્માજી ભગવાનને ભગવાન સમજતા ન હતા તો ભગવાનની બાળ-લીલા તેમને માટે લીલા ન હતી. જો તેઓ સમજે કે ભગવાન લીલા કરી રહ્યા છે તો ગોપ બાળકો અને વાછરડાંઓને લઈ જઈને એક ગુફામાં શા માટે રાખત ? તેમની બુદ્ધિમાં ભ્રમ થઈ ગયો હતો.

ગોપબાળકો તે લીલાને લીલા સમજતા હતા અને ગોપીઓ તેનાથી પણ વધારે સમજતી હતી. ઘરનાં બારણામાં બધી ઊભી રહેતી હતી કારણ કે તે જાણતી હતી કે ભગવાન અહીં થઈને નીકળશે. ભગવાન વાછરડાંઓની પાછળ પાછળ ચાલી રહ્યા છે. તે વાછરડાંઓની ખરીની ધૂળ ઊડીને ભગવાનના શરીર પર પડતી તો ભગવાન ધૂલિધૂસરિત થઈ જતા હતા, આખા શરીર પર ધૂળ જ ધૂળ ભરાઈ જતી. સૂક્ષ્મ ધૂળ જેને માટી કહે છે, તે ભગવાનના શરીર પર ફેલાઈ જતી. એવા ભગવાનના ધૂળથી ભરેલાં સ્વરૂપને જોઈને ગોપીઓ પ્રસન્ન થઈ રહી છે. જો શરીર પર ધૂળ પડવાથી સુંદરતાની મહત્તા થઈ હોત તો બીજા લોકો પોતાના ઉપર ધૂળ નાખીને મહત્તા પ્રાપ્ત કરી લેત, પરંતુ તેથી કાંઈ પ્રસન્નતા નથી થતી ! એ તો ગોપીઓનો ભાવ હતો કે ભગવાનને કોઈ પણ રૂપમાં, કોઈ પણ પ્રકારથી તેમને ભગવાન રૂપે જોતી હતી અને તેમની પ્રત્યેક ચેષ્ટા લીલારૂપમાં જોતી હતી. ભગવાન એક રૂપમાં થઈને ચેષ્ટા કરતા હતા, તો તેમની ક્રિયા લીલારૂપે દેખાતી હતી. ભગવાને ગોપબાળકો તથા વાછરડાંઓનાં રૂપમાં અનેક રૂપ ધારણ કરી લીધાં. લીલાનો વિસ્તાર થઈ ગયો. તો તે ભગવાનના સ્વરૂપો દ્વારા જે કાંઈ ચેષ્ટા થતી હતી તે સમજનારા લોકોને માટે બધી જ ભગવાનની લીલા થતી હતી. જે સમજતા ન હતા તેમને માટે તો કાંઈ જ ન હતું. તો જે મનુષ્ય આ સંસારના તત્ત્વ-રહસ્યને સમજી જાય છે કે વર્તમાનમાં જેટલાં સંસારનાં સ્વરૂપ છે તે બધાં જ ભગવાનનાં સ્વરૂપ છે, અને એમના દ્વારા થનારી બધી ચેષ્ટા ભગવાનની લીલા છે, તો સમજો કે ભગવાન શ્રીકૃષ્ણજીની ઉપસ્થિતિમાં જે તેમની લીલા થઈ રહી હતી તે તો અમુક સમયે અને અમુક સ્થાને હતી. પરંતુ

સમગ્ર બ્રહ્માંડમાં જે થાય છે તે તો તેનાથી પણ ચઢિયાતી લીલા છે. એ જ ભાવ (ગીતા-૬/૩૧)માં આ પ્રકારે બતાવવામાં આવ્યો છે

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥

સમગ્ર ભૂત-પ્રાણીઓમાં સ્થિત જે હું છું—એવા મુજ પરમાત્મામાં એકીભાવથી, અર્થાત્ સઘળી જગાએ મારા પરમાત્માના સ્વરૂપનો અનુભવ કરનારાઓના અનુભવમાં મારા સિવાય બીજો કોઈ હોતો નથી. પરમાત્માને જ બધી જગાએ જોનારા સંસારમાં જે કાંઈ કરી રહ્યા છે, વર્તી રહ્યા છે, ભગવાન કહે છે કે તે મારામાં જ વર્તી રહ્યા છે, તે તો ભગવાનની સાથે જ લીલા કરી રહ્યા છે. અને બધાંને ભગવાનનું સ્વરૂપ સમજીને તેમની સાથે જે વર્તાવ કરી રહ્યાં છે તે ભગવાનની સાથે કરી રહ્યા છે. બધાંને ભગવાન સમજી લીધા પછી જેવી રીતે ભગવાનની સાથે વ્યવહાર થવો જોઈએ તેવો જ વ્યવહાર થશે તો તે બધાંને ભગવાન સમજીને અને રસાસ્વાદ લેતા રહીને આનંદમાં મુગ્ધ રહેશે, અને તેની તમામ ચેષ્ટા ભગવાનની સાથે રમણ-ક્રીડા કરવામાં થશે. તેમના સ્વરૂપનો અનુભવ તો કેવળ માનવાથી થાય છે. ભગવાન બધામાં છે, હું ભગવાનની સાથે ક્રીડા કરું છું, ખેલ કરું છું, હું રમણ કરું છું; ક્રીડા, રમણ અને ખેલ એ ત્રણે એક જ છે. એક જ વાત છે, તેના આનંદ-શાંતિનું તો શું કહેવું ? એ આનંદ-શાંતિ બધામાં મોજૂદ છે. કેવળ માની લેવાની વાત છે. જ્યાં સુધી સમજવામાં ન આવે ત્યાં સુધી ભગવાનનાં વચનોને માની લીધા પછી આગળ જઈને તે વાત સમજમાં આવી જાય છે. ભગવાન પોતે જ કહે છે—

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥

(ગીતા-૬/૩૦)


જે પુરુષ મને બધી જગાએ જુએ છે, અને બધાને મારામાં જુએ છે. જેવી રીતે વાદળાંઓમાં આકાશને અને આકાશનાં એક અંશમાં વાદળાંઓના સમૂહને જુએ છે. એ 'સાકાર'નું દૃષ્ટાંત છે કે જ્યાં નેત્ર તથા મન જાય ત્યાં ભગવાનને જુએ. જેવી રીતે ગોપીઓ જોયા કરતી હતી. ભગવાન તેમનાં નેત્રોમાં વસતા હતા. તેમનાં હૃદયમાં વસતા હતા. એનો અર્થ છે કે જે ચીજ નેત્રોમાં વાસ કરે તે બહાર દેખાય છે, ભલે તે સૂક્ષ્મ દેખાય. આ પ્રકારે આપણે ભગવાનને આપણાં નેત્રોમાં, હૃદયમાં વસાવી લઈએ તો જ્યાં પણ આપણાં નેત્ર-મન જાય ત્યાં ભગવાન જ દેખાય. ભગવાન બધી જગાએ છે એવું ચોક્કસ માની લઈને જોવાનું શરૂ કરે તો તેનું પરિણામ એ થશે કે—"तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥" તેની નજરથી દૂર નથી થતો. તે પણ મારાથી દૂર નથી થતો. તો એનું પરિણામ એ આવે છે કે

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।

(ગીતા-૬/૩૧)

ભગવાન કહે છે, "બધાં પ્રાણીમાત્રમાં હું રહેલો છું, સ્થિત છું, એવા મુજ પરમાત્મામાં જે સ્થિત થઈને સંસારમાં પોતાના શરીરથી વર્તે છે, તો તે મારામાં જ વર્તે છે. જ્યારે તે આ સમજી લે છે કે સમગ્ર બ્રહ્માંડ પરમાત્મામાં છે, હું પણ પરમાત્મામાં છું, અને પરમાત્મા બધામાં પરિપૂર્ણ છે, તો એવો અનુભવ કરીને તે બધી જ રીતે વર્તીને

પરમાત્મામાં જ વર્તે છે. બધું જ પરમાત્મામાં છે તો તેનું શરીર પણ પરમાત્મામાં છે, તો પરમાત્મામાં તે તન્મય થઈ જાય છે, 'એકીભાવ' થઈ જાય છે. એકીભાવ રૂપે થઈને તે પરમાત્મામાં સ્થિત થઈને ચેષ્ટા કરે છે. પોતાને તે પરમાત્માને સમર્પણ કરી દે છે અર્થાત્ પોતે પોતાને પરમાત્મામાં મેળવી દે છે. પરમાત્મામાં એકીભાવ થઈ જાય છે. પરમાત્મામાં તે રમમાણ થઈ જાય છે અને સ્વયં તે પરમાત્મામાં તદ્રૂપ થઈને ચેષ્ટા કરે છે. તેની લીલા પરમાત્મામાં જ છે, પરમાત્માની બહાર નહિ. આપણે લોકો જેમને જ્ઞાન નથી, તેઓ પરમાત્માની ચેષ્ટાને અલગ રીતે જુએ છે. આપણું જોવું વ્યર્થ, અને તેનું જોવું ઠીક. આ પ્રકારે તેના આનંદ અને શાંતિની કઈ સીમા ? ભગવાનની સાથે ખેલ કરે છે. જેવી રીતે ગોપી-ગોવાળ સૌ ભગવાન શ્રીકૃષ્ણની સાથે રમ્યા કરતા હતા, ક્રીડા કરતા હતા, પરંતુ તેઓ તો કોઈ-કોઈ સમયે કરતા હતા અને આ તો આઠે પહોર રમ્યા કરે છે. એટલે કે તે લીલાથી આ લીલા વધુ મહત્ત્વપૂર્ણ છે.



# ૪. ભગવાનનો નિર્હેતુક સુહૃદભાવ

ભગવાન દયા કરીને જ બધાંનો ઉદ્ધાર કરે છે. ભગવાન ઘણા જ પ્રેમી છે. મહાન દયાળુ છે. ગીતામાં ભગવાને પોતાના વિષયમાં સ્વયં કહ્યું છે;

"सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥"

(ગીતા-૫/૨૯)

'મને સંપૂર્ણ ભૂત-પ્રાણીઓના સુહૃદ અર્થાત્ સ્વાર્થ રહિત પ્રેમી–એમ તત્ત્વથી જાણીને સાધક શાંતિને પ્રાપ્ત કરે છે.'

આપ કહો છો કે અમે પરમાત્માને પરમ દયાળુ, પરમ પ્રેમી, નિર્હેતુક દયા કરનારા, નિર્હેતુક પ્રેમ કરનારા માનીએ છીએ તો અમે એ કહીશું કે આપ ખાલી કહો છો, માનતા નથી. અમે એ વાતને જ્યારે સમજી જઈશું કે ભગવાન પરમ પ્રેમી છે, તો પછી અમે ભગવાનને છોડીને કોઈને પણ પ્રેમ કરીશું નહિ. ભગવાન પ્રેમમાં વેચાઈ જાય છે. પ્રેમી ભગવાનને ખરીદી લે છે અને વેચી પણ શકે છે. પ્રેમીને ભગવાનનાં દર્શન પણ થાય છે. એ કોઈ આશ્ચર્યની વાત નથી–

"हरि ब्यापक सर्बत्र समाना । प्रेम तें प्रगट होहिं मैं जाना ॥"

આ તો નીતિ છે કે, ભગવાન બધી જગાએ વ્યાપક છે અને પ્રેમથી પ્રગટ થાય છે. પ્રગટ થઈને દર્શન જ આપે છે, એટલી જ વાત નથી, તેઓ પ્રેમીને આધીન થઈ જાય છે. 'अहं भक्तपराधीनः'– હું ભક્તોને આધીન છું. એટલું જ નહિ, ભક્ત આગળ આગળ ચાલે છે, હું પાછળ પાછળ ચાલું છું. તેમનાં ચરણની ધૂળ મારા પર પડી જાય તો હું પોતાને પવિત્ર માનું છું–

"अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥"

(શ્રીમદ્ભાગવત-૧૧/૧૪/૧૬)

'એ મહાત્માની પાછળ પાછળ હું નિરંતર, એમ સમજીને ફર્યા કરું છું કે એના ચરણોની ધૂળ ઉડીને મારી ઉપર પડી જાય અને હું પવિત્ર થઈ જાઉં.'

કારણ કે ભગવાનની એવી માન્યતા છે–

'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्' ।

(ગીતા ૪/૧૧)

'જે મને જેવી રીતે ભજે છે, હું પણ તેમને તેવી જ રીતે ભજું છું.'

એટલું જ નહિ, ભગવાનને કોઈ ભક્ત વેચી દે અથવા બીજાને આપી દે તો ભગવાન કહે છે, 'તે મને દઈ શકે છે.' એવી કથાઓ આવે છે. નરસિંહ મહેતાને માટે ભગવાને કહ્યું છે, "बेचे तो बिक जाऊँ । नरसी म्हारो सिर धनी ॥" નરસિંહ અમારો માલિક છે. મને વેચે તો હું વેચાઈ જાઉં.

નરસિંહ મહેતાએ ભગવાન પર એક હુંડી સાતસો પચાસ રૂપિયાની લખી દીધી. એક મહાજન તેમને રૂપિયા આપીને અને હુંડી લઈને દ્વારકામાં ગયા. ત્યાં પત્તો લાગ્યો નહિ. લોકોએ પૂછ્યું : 'તમને કયું સ્થળ બતાવ્યું છે ?' ત્યારે તેમણે કહ્યું : "દ્વારકાધીશના મંદિરની પાસે શામળશા." ત્યારે લોકોએ કહ્યું; "અહીં તો કોઈ આ નામની વ્યક્તિ છે નહિ. અને તેમની અહીં કોઈ દુકાન પણ નથી. તમે કોઈના દગામાં આવી ગયા." તે પશ્ચાત્તાપ કરીને વિચાર કરવા લાગ્યો, 'હવે ત્યાં જઈને નરસિંહની બેઇજ્જતી કરીશ.' રાત્રિનો

સમય થઈ ગયો. દ્વારકાના કિનારે આવીને ઊંઘવા લાગ્યો. તે ઘણો જ દુઃખી હતો એટલે તેને ઊંઘ આવી નહિ, કેવળ સૂતો જ રહ્યો. એટલામાં ભગવાન આવ્યા, બોલ્યા : "અહીં કોઈની પાસે મારા નામની સાત સો પચાસ રૂપિયાની હુંડી છે ? હું હુંડીવાળાની શોધ કરી રહ્યો છું." તે વખતે અહીં સૂતેલી એ વ્યક્તિએ કહ્યું : "હું પોતે જ હુંડી લઈને આવ્યો હતો. પરંતુ આપનો પત્તો લાગ્યો નહિ." તેથી ભગવાને કહ્યું : "આપ રૂપિયા લઈ લો અને હુંડી મને આપી દો." અને તેમણે ૭૫૦ રૂપિયા આપીને હુંડી લઈ લીધી તથા ફરીથી કહ્યું : "મારી એક વિનંતિ છે – શેઠની પાસે જઈને મારી નિંદા કરશો નહિ. આપની પાસે મારા અપરાધ માટે માફી માગું છું. મારાથી ઘણી જ ભૂલ થઈ. આપ શોધતા રહ્યા. રાતનો સમય થઈ ગયો. અને હું પહોંચી ન શક્યો. મેં સાંભળ્યું કે તરત જ દોડીને આવ્યો. ત્યાં મારા અપરાધનું વર્ણન ન કરશો. આપ જ મને માફ કરી દો." મહાજન વિચાર કરવા લાગ્યો, જુઓ કેવા ભલા માણસ છે. અમે પાછા ચાલ્યા જાત. અને નરસિંહને ગાળો આપતા, બેઇજ્જતી કરત. આ ભાઈએ તો મારી પાસે આવીને હુંડીની રકમ આપી દીધી... ફરી બીજી વખત જરૂર પડી ત્યારે તેઓ નરસિંહ પાસે પહોંચ્યા અને કહ્યું, ફરીથી હૂંડી લખી આપો. નરસિંહે પૂછ્યું– કોના ઉપર ? તેઓએ કહ્યું–શામળશા ઉપર. તમારા ગુમાસ્તા તો બહુ ભલા માણસ છે. અમોને હુંડીની રકમ અમારા ઘેર આવીને આપી દીધી. અમે તો એને ખોળીને થાકી ગયા હતા, જેને માટે એણે માફી પણ માગી. જો કે તેમનો કોઈ અપરાધ જ ન હતો તેઓ સ્થાન પર ન મળ્યા, પરંતુ શોધતાં શોધતાં અમારી પાસે પહોંચી ગયા. ગુમાસ્તો તો આપનો એક નંબરનો છે. નરસિંહ બોલ્યા : "ધન્ય

ભાગ છે તમારું. એ તો સાક્ષાત્ ભગવાન હતા. હું તમને નમસ્કાર કરું છું, તમને એમનાં દર્શન થઈ ગયાં. અમારી ત્યાં કોઈ દુકાન છે નહિ. કોઈ ગુમાસ્તો નથી. તમે મારા ગળે પડી ગયા એટલે ભગવાનના ભરોસા પર હુંડી લખી આપી. હુંડી સ્વીકારાઈ ગઈ, એ તમારું અહો ભાગ્ય છે." તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તેમણે દ્વારકામાં જઈને તપાસ્યું તો હવે તે દુકાનદાર ક્યાં મળે. તો આ તો એક પ્રકારથી ભગવાનને વેચવાનું જ છે. તો ભગવાનના ભક્ત બીજાને પણ દર્શન કરાવી શકે છે. પોતે ભગવાનનાં દર્શન કરી લે તો એમાં શંકાની વાત શી છે ?

ભગવાનના પ્રેમનો વિષય એટલો બધો ગહન છે કે વાણી તેને બતાવી શકે નહિ. મનની શક્તિ નથી કે કલ્પના કરીને, દૃષ્ટાંત આપીને વાણીને આજ્ઞા આપે, બુદ્ધિની ક્ષમતા નથી. સમજવું જોઈએ કે અસંખ્ય બ્રહ્માંડોના માલિકની આપણા જેવા તુચ્છ પ્રાણીઓની સાથે કેવી રીતે મિત્રતા ? આપણી તેમની સાથે કેવી રીતે બરાબરી ? એ પણ સમજવું ભગવાનના ઐશ્વર્યના પ્રભાવને લીધે જ છે. મેં અસંખ્ય બ્રહ્માંડોના માલિક બતાવ્યા. આ ભગવાનની ઉપમા, તેમનો પ્રભાવ નીચામાં નીચી કક્ષાનો છે. ઓહો ! અસંખ્ય બ્રહ્માંડનો માલિક સૌથી નીચા દરજ્જાની વાત કઈ રીતે છે ? આ તો ઐશ્વર્યને ઇચ્છનારા પુરુષોને માટે છે. એ રીતે ઐશ્વર્યમયરૂપ જ તો બતાવ્યું. એકનો નહિ, વીસનો નહિ, લાખ બ્રહ્માંડના માલિક. ભગવાનને એવી રીતે સમજે તો એક બે બ્રહ્માંડ તો આપે જ. એટલે બ્રહ્માંડના ઐશ્વર્યથી તેમની તુલના કરો છો ને ! ભગવાન ઐશ્વર્યશાળી તો થયા. જેમ કોઈ હજારો ગામના રાજા હોય, એમ તે હજારો બ્રહ્માંડોના માલિક છે. રાજા ખુશમાં હોય તો એક બે ગામ આપી દે. ભગવાન ખુશ થાય તો તેને એક-

બે બ્રહ્માંડના ઐશ્વર્યશાળી અથવા બ્રહ્મા બનાવી દે. તો તમારે ભગવાનના વિષયમાં આ જ બુદ્ધિ થઈ.

ભગવાન પ્રેમમય, આનંદમય, ચિન્મય, જ્ઞાનમય છે. એની તો થોડી પણ આપે કલ્પના જ નથી કરી. આપ જો એ સમજો કે મારો આત્મા અલ્પજ્ઞ છે, પરમાત્મા સર્વજ્ઞ છે. હું ઘટાકાશ જેવો છું, અને પરમાત્મા મહા-આકાશની જેવા છે. પરમાત્માની ઉદારતા જુઓ કે ઘટ-આકાશ જેવો જીવ જો પરમાત્માના શરણમાં આવી જાય તો મહા-આકાશ-સ્થાનીય પરમાત્મા પોતાને તેના હાથમાં અર્પણ કરી દે.

જે પોતાને ભગવાનને સમર્પણ કરી દે છે, ભગવાન પણ પોતાની જાતને તેને સમર્પણ કરી દે છે. આ તેમની ઉદારતા તો જુઓ. આપણી શક્તિ કેટલી : તુચ્છ ! આપણે તો અલ્પજ્ઞ છીએ, તુચ્છ છીએ. પરમાત્મા મહાન છે. તેમની મહત્તા તરફ તો ખ્યાલ કરો. તે મહાન જ્ઞાનસ્વરૂપ, ચેતનસ્વરૂપ છે. તે સર્વજ્ઞ પરમાત્મા પોતાની સર્વજ્ઞતા અર્પણ કરી દે છે. આપણે આપણી અલ્પજ્ઞતા તેમને અર્પણ કરીએ છીએ. તેમની સર્વજ્ઞતા તરફ ખ્યાલ કરો, આપણી અલ્પજ્ઞતા તરફ ખ્યાલ કરો. ત્યારે તો તમે તેમને જ્ઞાનથી તોળ્યા, સર્વજ્ઞતાથી તોળ્યા. ઐશ્વર્યથી તોળ્યા તો શું તોળ્યું ? આ તો બધા નાશવાન અને મિથ્યા પદાર્થ છે. તમે ભગવાનને કાંઈ સમજ્યા નથી. તેમને આત્માથી તોળવા જોઈતા હતા. તો મનુષ્ય જ્યારે આ પ્રકારે સમજી જાય છે ત્યારે તે પરમાત્માને છોડીને બીજા કોઈ સાથે પ્રેમ કરતો નથી, ઐશ્વર્યને જોઈને મોહિત થતો નથી. તે સમજે છે—'આ સ્વપ્નવત્-માયાવત્ માત્ર છે.' કાંઈ પણ નથી. પરમાત્મા એવા પ્રેમી છે કે જે તેમની સાથે પ્રેમ કરે તો તેને માટે તેઓ વેચાઈ જાય છે. બધું જે કાંઈ છે તે આપી દે છે. પ્રેમના બદલામાં પોતાની જાતને જ અર્પણ

કરી દે છે. વ્યક્તિનો પ્રેમ પ્રાપ્ત કરીને તેના બદલામાં ભગવાન પોતાને સમર્પણ કરી દે, એ કેટલી મહાન પ્રીતિ, કેટલી બધી વિશેષ ઉદારતા !

## દયાની વાત

જો હું આ ઉદાહરણ આપું કે ભગવાન દયાના સાગર છે. તો એ ઉદાહરણ પણ નીચી કક્ષાનું છે. કારણ કે સાગર પણ સીમા વાળો છે. ભગવાનની દયાની કોઈ સીમા છે જ નહિ. સઘળી દુનિયામાં જે દયા છે તે તો માત્ર તે દયા-સાગરની એક બુંદ જેવી છે. આ ઉદાહરણ પણ બરાબર છે નહિ. ઉદાહરણ તેમને માટે છે જ નહિ. ભગવાન કહે છે, મને દયાળુ માની લો તો પરમ શાંતિ મળી જાય. તો દયાના તત્ત્વને આપણે લોકો સમજ્યા જ નથી.

જ્યારે આપણે માનીએ છીએ કે અમે તેમને લાયક નથી— એટલું તો ઠીક છે. પરંતુ જ્યારે આપણે તેની સાથે એવું માની લઈએ છીએ કે ભગવાનનું દર્શન આપણે માટે અસંભવ છે તો નિરાશ થઈ જઈએ છીએ. નિરાશ થઈ જવું તેમની અસીમ કૃપાના વિષયમાં સારી રીતે ન સમજવું, તે છે. જો આપણે એવું સમજીએ છીએ કે ભગવાન ઘણા જ દયાળુ છે. આપણા અવગુણો તરફ જોતા જ નથી, તો પછી આપણા હૃદયમાં કદી પણ નિરાશા આવી શકે નહિ. ભગવાન પોતાના વ્રતની તરફ જોઈને દર્શન આપે છે. આ તત્ત્વ-રહસ્યને જો સમજીએ તો કદીપણ આપણે નિરાશ થતા નથી. ભગવાન તો એટલા દયાળુ છે કે આપણે કેટલા બધા અપરાધ કરીએ છીએ છતાં પણ તેઓ તેની શિક્ષા કરતા નથી. એ શિક્ષા કરે છે તે એ કે તમને દર્શન થતાં નથી. તેને જ ભલે તમે શિક્ષા સમજી લો. જ્યારે ભગવાન આપણા અવગુણો તરફનો ખ્યાલ પણ કરતા નથી, તો આપણે એવું કેમ કહીએ કે અમારા

અવગુણો તરફ જોઈને ભગવાન દર્શન નહિ આપે. ભગવાન તો આપણા અવગુણો તરફ ખ્યાલ પણ કરતા નથી અને આપણે જાતે જ સિદ્ધ કરીએ છીએ–કે ભગવાન અમારા અવગુણો તરફ ખ્યાલ કરે છે. તો પછી ભગવાન દયાળુ ક્યાં રહ્યા ? આપણે ભગવાનને જ્યારે પરમ દયાળુ સમજી લઈશું ત્યારે આપણે તેમના વ્રત પર હિંમત રાખીશું અને વિશ્વાસ કરીશું કે ભગવાન આપણને જરૂર દર્શન દેશે. એ તો જ્યારે આપણા દિલમાં એવો વિશ્વાસ થશે ત્યારે આપણે દર્શનોથી કદી પણ વંચિત રહીશું નહિ. ભગવાન કેટલા દયાળુ છે. આપણે તે સમજીએ છીએ ક્યાં ? ભગવાનને દયાળુ માનીને પણ આપણે દર્શનથી વંચિત રહીએ છીએ, તો દયાના પ્રભાવને કાંઈ પણ સમજ્યા નથી. આપણે તો વાસ્તવમાં ભગવાનને દયાળુ સમજ્યા જ નથી. ભગવાન પાત્રને તો દર્શન આપે જ છે, એ તો નીતિ જ છે, એમાં કઈ આશ્ચર્યની વાત છે ? જે જિજ્ઞાસુ હોય છે, શ્રદ્ધાળુ હોય છે, તેને ભગવાન દર્શન આપે છે. જે પ્રેમી હોય છે, તેને દર્શન આપે છે. એ તો ન્યાય જ છે. ભગવાન તો એક પ્રકારથી કોઈ કેવો પણ નીચ અથવા પાપી કેમ ન હોય તેની તરફ નહિ જોતાં, અપાત્રને પણ દર્શન આપે છે, કુપાત્રને પણ દર્શન આપે છે. કેવોય કુપાત્ર અને નીચ કેમ ન હોય ! કેવળ એ માનવું જોઈએ કે ભગવાન બધાના સુહૃદ છે, નિર્હેતુક દયા કરનારા, પ્રેમ કરનારા છે.

આપણે જો એવું માનીએ કે હું પાત્ર છું નહિ, એટલા માટે ભગવાન મને દર્શન આપતા નથી. તો 'ભગવાન નિર્હેતુક દયા કરનારા છે, પ્રેમ કરનારા છે,' તેમના આ સુહૃદભાવને આપણે ક્યાં સમજ્યા ? આપણે તો એ સમજ્યા કે હેતુને લઈને ભગવાન દયા કરે છે. પરન્તુ વાસ્તવમાં તો નિર્હેતુક દયા કરનારા છે. આપણને આ મનુષ્યનું શરીર

મળ્યું છે એ તો માત્ર તેમની અહૈતુકી કૃપાનું પરિણામ છે. શું આ શરીર આપણા આચરણોને જોઈને ભગવાને આપ્યું ? ભગવાન પ્રજાજનોને ઉપદેશ આપીને સ્વયં કહે છે :

"कबहुँक करि करुना नर देही । देत ईस बिनु हेतु सनेही ॥"

ક્યારેક દયા કરીને ભગવાન કારણ વિના જ—ભગવાન દયાળુ છે, પ્રેમી છે એટલે—દર્શન આપે છે, પોતાના વ્રતની તરફ જોઈને આપે છે. જો જીવોની તરફ જોઈને વિચાર કરવામાં આવે તો મનુષ્યોની સૃષ્ટિ જ ન થવી જોઈએ. મનુષ્યની સૃષ્ટિ થાય છે—તે ભગવાન દયા કરીને મનુષ્ય બનાવે છે. આચરણ તરફ જોઈને તો મનુષ્ય શરીર મળવું સંભવ છે જ નહિ. પરન્તુ ભગવાન જુએ છે કે શું કરીએ ? બધાંને મોકો તો આપવો જોઈએ. બધાને મોકો આપે છે. કુપાત્ર હોય કે અપાત્ર હોય.

અમને તો એક વાત પ્રતીત થાય છે કે જે ભગવાનને એક પ્રકારથી ચાહતા નથી તેને પણ ભગવાન ચાહે છે. ભગવાન તો દર્શન આપવા માટે લાલાયિત રહે છે. કેવળ નિમિત્તમાત્ર બનાવે છે. કોઈ બહાનું મળી જાય કે કોઈ નિમિત્ત બની જાય. એટલું પણ આપણે હૃદયથી માની લઈએ કે, "ભગવાન પાત્ર-કુપાત્ર જોતા નથી, ઘણા જ દયાળુ છે" તેમના હૃદયમાં દયા આવી જાય છે. એક માતા બધાંને મેવા-મિષ્ટાન્ન આપે છે. એક છોકરો કુપાત્ર અને બદમાશ છે. તેને પણ આપ્યા વિના તેનું હૃદય માનતું નથી. પરંતુ તે છોકરાને આપે અને છોકરો ક્રોધમાં આવીને ફેંકી દે તો મા શું કરે ? આ પ્રકારે જ ભગવાન દયા કરીને પોતાનું દર્શન આપવા માટે તૈયાર છે. પરંતુ આપણે જે દર્શન નથી પ્રાપ્ત કરી શકતા એ એમની શિક્ષા છે કે—આપણે એમની દયાના રહસ્યને જાણતા નથી. દયાના રહસ્યને જાણતા

હોત તો આપણે આપણાં આચરણની તરફ શા માટે દૃષ્ટિ કરત, ભગવાનના વ્રત તરફ જોતાં હોત. એમ કરત તો ભગવાન મળ્યા વગર કેવી રીતે રહી શકત ? આપણામાં જ ખામી છે કે આપણે ભગવાનના પ્રભાવને તો માનતા જ નથી અને છતાં આપણે તેમને નિર્દયી માનીએ છીએ. નિર્દયી માનવાનો એ અભિપ્રાય છે કે જો દયાળુ માનત તો તેમની દયા પર મુગ્ધ થઈ જાત કે કેવી તેમની અપાર દયા છે !

એવું જોવામાં આવે છે કે એક આદમી ભગવાનનું દર્શન ઈચ્છતો નથી તેને પણ ભગવાન દર્શન આપે છે, છતાં પણ તે સ્વીકાર નહિ કરે તો ભગવાન શું કરે ? દુર્યોધન શું ભગવાનના દર્શનને પાત્ર હતો ? ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર પોતાના અવતારના રૂપમાં દુર્યોધન તથા બીજાઓને દર્શન આપી રહ્યા હતા. તો પછી આપ એ પણ કહી શકો છો કે એ મનુષ્ય છે અથવા પરમાત્મા, કેવી રીતે સમજીએ ? પરંતુ દુર્યોધનની સભામાં દુર્યોધનને જ્યારે વિશ્વરૂપ પ્રગટ કરીને બતાવ્યું ત્યારે તો એણે સમજવું જોઈતું હતું. આવું રૂપ શું કોઈ મનુષ્ય ધારણ કરી શકે છે ? ભગવાને અપાત્રોને પણ આકાંક્ષા વિના, માગણી વિના પણ પ્રકટ થઈને દર્શન આપ્યું. પરંતુ તે દર્શન કરીને પણ એ સમજ્યો નહિ કે આ સાક્ષાત્ ભગવાન છે. દર્શન પ્રાપ્ત કરીને પણ પરમાત્માની પ્રાપ્તિથી વંચિત રહ્યો. તો ભગવાનની દયામાં તો કોઈ કમી નથી.

ઝેર આપનારી પૂતનાને પણ ભગવાને મુક્તિ આપી હતી કે મારી સાથે એનો કોઈ પણ પ્રકારે સંબંધ થઈ ગયો. તેની તરફ શું જોઉં ? હું મારી તરફ જોઉં. મારા કર્તવ્યની તરફ જોઉં, તો ભગવાન ભક્તના કર્તવ્ય તરફ નથી જોતા. બીજા દુષ્ટોના કર્તવ્યની તરફ પણ નથી જોતા તો પછી ભક્તોના કર્તવ્ય તરફ શા માટે જુએ ? પોતાના વ્રતની તરફ જ જુએ છે. અને પોતાના વ્રતની તરફ જ્યારે જુએ છે

તો આપણે બધાં જ પાત્ર થઈ જઈએ છીએ. પરંતુ ભગવાનની દયાનો આપણે સ્વીકાર ન કરીએ તો ભગવાનનો શું ઉપાય ? ભગવાન પરમ દયાળુ છે, એટલી વાત તો આપણે સ્વીકાર કરવી જોઈએ. જ્યારે આપણે ભગવાનની દયા તરફ જોઈશું તો વિહ્વળ થઈ જઈશું. પછી ભગવાન વગર આપણે રહી શકીશું નહિ.

બાળક માતાની દયાના પ્રભાવને થોડો જાણે છે. નાનું બાળક એક-બે સાલનું હોય છે તે મા વગર રહેવા માગતું નથી. મા તેને છોડીને ચાલી જાય તો તે રડતું રહે છે. એનો કોઈ ઉપાય નથી – સિવાય કે રોવાનો. પરંતુ આપણે લોકો તો રડતા પણ નથી. માનો પ્રભાવ બાળક જેટલો જાણે છે કે મા મારી છે, તે ઘણી જ દયાળુ છે, મને ઘણો જ પ્રેમ કરે છે. આ પ્રકારે જાણનારું નાનું બાળક માના વિયોગને સહન કરી શકતું નથી. પરંતુ આપણે લોકો ભગવાનના વિયોગને સહન કરી રહ્યા છીએ, એટલા માટે એ વિયોગ છે.

આપણા લોકોને ભગવાનનાં દર્શન થવામાં જે વિલંબ થઈ રહ્યો છે તે ભગવાનની સુહૃદતાનાં તત્ત્વને ન જાણવાનું જ પરિણામ છે. ભગવાન તો બધાંના સુહૃદ છે. જો આ પ્રકારે જાણનારા હોત તો વિલંબ ન થાત. જેવી રીતે ભગવાનમાં શ્રદ્ધા, પ્રેમ ન રાખનારા પુરુષ છે, ભગવાનને નહિ માનનારા પુરુષ છે, ભગવાનની દયાના તત્ત્વ-રહસ્યને નહિ જાણનારા પુરુષો છે, ભગવાનના પ્રેમના તત્ત્વને નહિ જાણનારા પુરુષ છે, ભગવાનને જે ચાહતા નથી તેને પણ ભગવાન દર્શન આપવા માટે પ્રયત્ન કરે છે તો જે ઇચ્છે છે તેમને માટે કેમ પ્રયત્ન નહિ કરે. ઉત્તંક જાણતો ન હતો કે આ ભગવાન છે. એવું જાણતો ન હતો તો પણ ભગવાને સમજાવ્યું કે, "હું સાક્ષાત્ ભગવાન છું. મને શાપ આપશો નહિ. શાપ આપવાથી આપની ગુરુ-ભક્તિ નાશ પામી જશે. ગુરુની

સેવાથી મળનારું ફળ નષ્ટ થઈ જશે. હું સાક્ષાત્ પરમેશ્વર છું. મને શાપ લાગતો નથી. મેં આ સમયે મનુષ્યના રૂપમાં અવતાર લીધો છે, આવું તેને ભગવાન કહે છે. હું સાક્ષાત્ પૂર્ણ બ્રહ્મ પરમાત્મા છું. જ્યારે જ્યારે સંસારમાં વિપ્લવ થાય છે ત્યારે ત્યારે અવતાર લઉં છું. હું મત્સ્ય, કૂર્મ, વરાહના રૂપમાં પ્રગટ થાઉં છું, દેવ, મનુષ્ય વગેરે રૂપોમાં આવશ્યકતા અનુસાર પ્રગટ થાઉં છું. વર્તમાનમાં મનુષ્યરૂપે પ્રગટ થયો છું.'' ત્યારે તેણે કહ્યું : "જો આપ સાક્ષાત્ પરમાત્મા છો તો મને આપનું વિશ્વરૂપ બતાવો." ભગવાને પોતાનું વિશ્વરૂપ તેને બતાવ્યું. આ રીતે ભગવાને જ તો તેને પરિચય આપ્યો. ભગવાને વિચાર્યું કે એણે આત્માના કલ્યાણને અર્થે ઘણી સારી ગુરુભક્તિ કરી છે, તો એના આત્માનું કલ્યાણ થવું જ જોઈએ. ભગવાને દર્શન આપીને તેના આત્માનો ઉદ્ધાર કર્યો. ત્યાં તેની તરફથી તો ભગવાનની માંગણી ન હતી. ભગવાનને જાણતો જ ન હતો તો માંગણી કરે જ કેવી રીતે ? આ પ્રકારે ભગવાન જ્યારે શોધી-શોધીને ઉદ્ધાર કરે છે ત્યારે જે ભગવાનને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે તેને શું ભગવાન દર્શન નહિ આપે ? તો પછી તે કોને દર્શન આપશે ? કોઈ કેવોય પાપી કેમ ન હોય તેનાં તમામ પાપ–'ભગવાન સુહૃદ છે' એ જાણવાથી જ નષ્ટ થઈ જાય છે. જેમ કોઈ ગુફામાં કેટલાય વર્ષોનો અંધકાર કેમ ન હોય પરંતુ ત્યાં વીજળીની રોશની થતાં જ અંધકાર ભાગી જાય છે. એવી રીતે કેટલુંયે અજ્ઞાન હોય, તે માત્ર જ્ઞાન થતાંની સાથે જ મટી જાય છે. પાપોનો કેટલોય ઢગલો હોય પંરતુ તે જ્ઞાનરૂપી અગ્નિથી બધો જ ભસ્મ થઈ જાય છે.

"ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥"

(ગીતા-૪/૧૯)

એવા આ જ્ઞાનરૂપી અગ્નિદ્વારા ભસ્મ થયેલાં કર્મોવાળા પુરુષને જ્ઞાની માણસો પણ પંડિત કહે છે. સાથે જ–

"अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥"

(ગીતા-૪/૩૬)

ભગવાને અર્જુનને કહ્યું : "જો તું બધાં પાપીઓ કરતાં પણ વધારે પાપ કરનારો છે તો પણ જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃસંદેહ સંપૂર્ણ પાપને સારી રીતે તરી જઈશ."

પરંતુ જાણી બુઝીને પાપ કરવું જોઈએ નહિ. પાછળનાં જેટલાં પાપ છે તેને માટે આપણે એ સમજવું જોઈએ કે ભગવાન નિર્હેતુક જ દયા, પ્રેમ કરનારા છે. તેમની કૃપાથી બધાં પાપોનો નાશ થઈ જશે. ભગવાનમાં અપાર દયા છે–તે વાતને માન્યા પછી કોઈ પણ પાપી તેમની દયાથી વંચિત રહી શકતો નથી. અમે તો પાપી છીએ, પરંતુ ભગવાન તો નિર્દયી નથી.

આપણે પોતાને પાપી સમજવાથી ભગવાનને નિર્દયી માનીએ છીએ. આ અપરાધ કરીએ છીએ. પોતાનાં પાપોને લઈને એ માનીએ છીએ કે આપણો ઉદ્ધાર થવો કઠિન છે, અસંભવ છે–તે થઈ નહિ શકે. આવું સમજવું એ તો ભગવાનની દયાનો તિરસ્કાર કરવા બરાબર છે.

આપણા ઘરમાં અંધકાર છે તે સૂરજથકી પણ દૂર થઈ શકતો નથી–એવું માનવું મૂર્ખતા છે. એ અંધકાર ત્યાં સુધી જ છે જ્યાં સુધી સૂર્ય ભગવાન ઉદય થતા નથી. સૂર્ય ભગવાન બધા પર દયા કરીને રોજ ઉદય થાય છે. રાત્રે આપણે વિચાર કરવો જોઈએ કે આજે

સૂર્ય ભગવાનનો ઉદય થશે અને તે અંધકાર સૂર્યનો ઉદય થવાની સાથે જ એકદમ દૂર થઈ જશે. આપણે પ્રકાશમાં જે કામ કરવા ઈચ્છીએ છીએ તે સૂર્યની રોશનીમાં કરીએ. પ્રાતઃકાળે પ્રકાશ અવશ્ય થશે. સૂર્ય ભગવાન એવું નથી જોતા કે હું કોના માટે ઉદય થાઉં અને કોના માટે ઉદય ન થાઉં ? તે તો ઉદય થઈ જ જાય છે. ઉદય થઈ જતાં પણ ઘુવડને દેખાતું નથી. તેના નેત્ર બંધ થઈ જાય છે. તો એમાં સૂર્યનો કોઈ દોષ નથી. ભગવાનની દયા તો સૂર્યના પ્રકાશ જેવી ઉદય થઈ છે. તેથી જો આપણે આંખ બંધ કરી લઈએ તો આપણને અંધકાર જ અંધકાર દેખાય છે. આપણે દયાનો લાભ નહિ લઈ શકીએ તો એ આપણી મૂર્ખતા છે. દયાની સામે બીજા નાના-મોટા અપરાધ કોઈ વસ્તુ જ નથી. આપણા કર્તવ્યથી જ આપણો ઉદ્ધાર થાય તો પછી દયા શી ચીજ છે ! થાય છે ભગવાનની દયાથી. આપણે સમજીએ છીએ કે આપણો ઉદ્ધાર આપણા કર્તવ્યથી થશે—આપણે હજી તે દરજ્જા ઉપર પહોંચ્યા નથી. તે દરજ્જા પર પહોંચીશું ત્યારે આપણું કલ્યાણ થઈ જશે. તો જેવી આપણી માન્યતા હોય છે તેવું જ આપણને ફળ મળે છે. જ્યારે પાત્ર થઈશું ત્યારે જ કલ્યાણ થશે. જ્યારે આપણે એવું સમજત કે ભગવાનની દયા પાત્ર-કુપાત્રને જોતી નથી તો આપણે એની દયાથી વંચિત શા માટે રહેત ? ભગવાનની દયાના પ્રભાવને આપણે માનતા નથી, ઉપરથી આટલા દયાળુ ભગવાનને નિર્દયી સમજીએ છીએ. આ એક પ્રકારનો અપરાધ છે.

પરમ દયાળુ પરમાત્માને નિર્દયી સમજવું એ શું ? કે અમે દયાને પાત્ર નથી એટલા માટે વંચિત છીએ. ભગવાનની આગળ તો

બધા જ દયાને પાત્ર છે. પરન્તુ અમે માનીએ છીએ અમે દયાને પાત્ર નથી. એટલા માટે અપાત્ર છીએ. ભગવાને તો નિર્ણય કર્યો નથી કે તમે દયાને પાત્ર નથી. ભગવાનની બધા પર અપાર દયા છે. તેણે તો દયાનો ભંડાર ખોલી રાખ્યો છે. કોઈ ભાઈ સદાવ્રત વહેંચે છે ખુલ્લા દરબારમાં. એક આદમી કહે હું ત્યાં જઈને શું કરું ? એ વાત પર બીજાએ કહ્યું, કે કેમ ન ગયા ? તે બોલ્યો એ તો ગરીબોને આપે છે. મને મળશે નહિ. 'તમે જઈને જોયું ?' 'મને વિશ્વાસ છે ત્યાં મળશે નહિ.' તો તમે તે દાતાને નિર્દયી સમજ્યા. અહીં તો ખુલ્લો દરબાર છે, કોઈ લઈ આવે. તમે એવું કેમ માની લીધું કે ત્યાં મળશે નહિ ? એ વાત પર તેણે કહ્યું; મેં લોકોને પૂછયું હતું અને ખબર પડી કે ત્યાં તો ભિખારીઓને મળે છે તો હું લેવા માટે પાત્ર નથી. ભગવાનની આગળ તો બધાં જ ભિખારી છે, બધાં જ પાત્ર છે. ભગવાન પોતાની દષ્ટિમાં બધાને પાત્ર સમજે છે.

જે કોઈ નિરાકારના ઉપાસક હોય છે તેને ભગવાન દર્શન આપવા માટે બાધ્ય નથી—એ વાત ઠીક છે. પરંતુ ભક્તિ કરનારાઓ માટે તો તેઓ બંધાયેલા છે—

"भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥"

(ગીતા-૧૧/૫૪)

ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે—હે શ્રેષ્ઠ તપવાળા અર્જુન, અનન્ય ભક્તિ કરીને તો આ પ્રકારે ચતુર્ભુજ રૂપવાળો હું પ્રત્યક્ષ જોવાને માટે અને તત્ત્વથી જાણવાને માટે તથા પ્રવેશ કરવા માટે અર્થાત્ એકીભાવથી પ્રાપ્ત થવાને માટે પણ શક્ય છું.

ભક્તને માટે તો બંધાયો છું. નિર્ગુણ-નિરાકારવાળાઓને દર્શન આપવા માટે બંધાયો નથી. પરંતુ એવું નથી કે તેમને દર્શન ન આપું ! એવું પણ નથી કે જે નથી ચાહતા તેને દર્શન નથી આપતો. જે કુપાત્ર છે, અપાત્ર છે, તેનો ઉદ્ધાર કરતો નથી, એવી વાત તો છે નહિ.

ભગવાન નિર્હેતુક બધા પર દયા અને પ્રેમ કરનારા છે—એવું અમે લોકો કહીએ છીએ, પરંતુ માનતા નથી, જાણતા નથી. માનવાથી જ તે આગળ આવીને જાણે છે. પહેલાં માની લો. પરંતુ આપણે અહં રાખીએ છીએ કે એવું શા માટે માનીએ ? ભગવાનને ભગવાન માનવામાં પણ આપણને સંકોચ થાય છે, શરમ આવે છે. માનવાથી આગળ જઈને જાણીશું. તમારે સ્વીકાર કરી લેવો જોઈએ. સ્વીકાર કરવાને યોગ્ય તો ભગવાન છે જ. પરંતુ આપણે તો સ્વીકાર કરતા જ નથી.

જેવી રીતે કન્યાને માટે વર છે, તે તેના માટે વરવા યોગ્ય છે, પતિ બનાવવા યોગ્ય છે, પતિ માનવા યોગ્ય છે. પરંતુ કન્યા તો પતિ બનાવવા ઇચ્છતી નથી. તેને તે સ્વામીને યોગ્ય સમજતી નથી. તો વર શું ઉપાય કરે ? તો સંસારમાં સ્વામી બનાવવા યોગ્ય એક માત્ર પરમાત્મા જ છે. તેને પણ આપણે સ્વામી માનવા ઈચ્છતા નથી. ત્યારે આપણી દુર્ગતિ થાય તો એમાં સ્વામીનો શું દોષ છે ? યોગ્ય વરનો પણ જ્યારે કન્યા સ્વીકાર નહિ કરે અને તે અવિવાહિત રહે તો તે કન્યાની અણસમજ છે. તો ભગવાનને સ્વામી માનવા જોઈએ. ભલે સ્વામી ન માનો પરંતુ તેમનું અસ્તિત્વ માત્ર માનવાથી જ મનુષ્યને ઘણો લાભ થઈ જાય છે. ભગવાન છે, નિશ્ચય છે, એ માનવાથી પણ ઘણો જ લાભ થઈ જાય છે. અને તે સ્વામી બનાવવા યોગ્ય છે તો

પછી જે તેમને યાદ કરે છે, તેમનું ધ્યાન કરે છે, એના કલ્યાણમાં શંકા જ ક્યાં છે ?

ગાયત્રી-મંત્રનો પણ એ સિદ્ધાંત છે. તેમાં 'वरेण्यम्' છે. તેનો એ અર્થ છે જે મેં ઉપર બતાવ્યો છે. ભગવાનને આ શબ્દ પ્રમાણે માની લીધો, તે પાત્ર થઈ ગયો.

ભગવાનને પોતાના સ્વામી તરીકે સ્વીકાર કરી લે. જે ભગવાનને સ્વામી તરીકે સ્વીકાર કરતા નથી તેના કલ્યાણને માટે પણ ભગવાન તો ચેષ્ટા કરે છે, જેવી રીતે મહાત્મા લોકો. તે મહાત્માઓને જે તેમને મહાત્મા માનતા નથી, તો પણ તેઓ એટલા દયાળુ હોય છે કે મને મહાત્મા ન માને, અન્ય કોઈને માનીને પોતાના આત્માનો ઉદ્ધાર તો કરી લે. બીજાને મહાત્મા માનીને પોતાના આત્માનું કલ્યાણ કરી લે, તો મહાત્મા ખુશ થાય છે. જેવી રીતે કોઈ કહે છે કે તમે રામ-નામથી ભજો, તેથી તમારું કલ્યાણ થઈ જશે. પરંતુ તેની વાત પર વિશ્વાસ નથી. તેનો વિશ્વાસ મહાત્મા ગાંધીજી પર છે. તો તે કહે છે, ગાંધીજી રામ-નામની ઉપાસના કરતા હતા, તે ભક્ત હતા. જુઓ, તેમણે જાતે જ કહ્યું છે, "રામ-નામની સમાન કોઈ છે નહિ." ગાંધીજીને મહાત્મા માનીને તેમનું અનુકરણ કરો. રામ-નામનું ભજન કરો. ગાંધીજીના સિદ્ધાંતનો સ્વીકાર કરીને, તેમને મહાત્મા માનીને તેમને ગુરુ માનીને, રામ-નામની ઉપાસના કરવા લાગી જાય તો મહાત્મા ઘણા જ ખુશ થાય છે કે, એણે સારો રસ્તો પકડી લીધો. તેનું કલ્યાણ થવાની સંભાવના છે. કોઈપણ પ્રકારથી જીવોનું કલ્યાણ થાય. મહાત્મા ઘણા દયાળુ હોય છે. જેવી રીતે ભગવાન દયાળુ હોય છે, તેવી જ રીતે તેમના અનુયાયી ભક્ત, સાધુ-મહાત્મા દયાળુ હોય

છે. એટલા માટે ભગવાન કહે છે, 'એવા દયાળુ મને પ્રિય છે-'

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।


× × ×

मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥

(ગીતા-૧૨/૧૩-૧૪)

"જે બધાં જ પ્રાણીમાત્રમાં દ્વેષભાવથી રહિત અને સ્વાર્થ રહિત, બધાનાં પ્રેમી અને નિર્હેતુક દયાળુ છે—તે મારામાં મન-બુદ્ધિ અર્પણ કરનારા મારા ભક્ત મને પ્રિય છે."

'તે મને પ્રિય છે'—આ ભાવ ભગવાનનો છે અને ભક્તોનો પણ એ ભાવ છે. એટલા માટે ઉચ્ચ કોટિના ભક્ત પણ ઘણાં જ ખુશ થાય છે. જો કોઈ વ્યક્તિ ભગવાનની ભક્તિ કરે છે તો તેને જોઈને તેઓ ઘણા પ્રસન્ન થાય છે. તેઓ કહે છે, કોઈને ગુરુ માને, મહાત્મા માને પરંતુ ભક્તિ તો ભગવાનની જ કરે છે ને ? અમારા સ્વામીની જ કરે છે. આ પ્રકારે કોઈની પણ વાત માનીને ભગવાનની ભક્તિ કરે. ભગવાનનો ગુમાસ્તો તો એ જ સમજે છે કે અમારા માલિકનો ભક્ત બની ગયો. એ તો દલાલ બનીને કોશિશ કરે છે કે, ભગવાનની ભક્તિ કરો. બીજો દલાલ પહોંચી ગયો અને તેને ભગવાનની ભક્તિમાં લગાડી દીધો તો તે પ્રસન્ન થાય છે. એવું નથી કે મારા દ્વારા જ થવું જોઈએ. દલાલ કોઈ પણ હોય, તે ભક્તિ તો ભગવાનની કરે છે. આ પ્રકારે કોઈની પણ વાત માનીને ભગવાનની ભક્તિ અવશ્ય કરવાની છે.



# ૫. ભગવત્પ્રેમની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

ભગવાન સાક્ષાત્ પ્રેમના સ્વરૂપ છે. પ્રેમી, પ્રેમાસ્પદ અને પ્રેમ એક જ છે, જેવી રીતે ભગવાન થયા પ્રેમાસ્પદ, ભક્ત થયા પ્રેમી અને તેમનો પરસ્પરનો સંબંધ જે છે તે પ્રેમ. તો અહીં પ્રેમ, પ્રેમી અને પ્રેમાસ્પદ ત્રણ થયા. સ્વરૂપથી ત્રણ હોવા છતાં પણ વાસ્તવમાં ત્રણે એક જ છે. અને તે ત્રણે ચિન્મય છે. ચિન્મય પ્રેમ જ ભગવાનનું સ્વરૂપ છે. આપણા લોકોમાં જે પરસ્પરનો પ્રેમ છે તે તેનું પ્રતિબિંબ છે. જેવી રીતે આકાશમાં ચન્દ્રમા છે અને દર્પણમાં તેનું પ્રતિબિંબ પડે છે. તો તે પ્રતિબિંબ ચન્દ્રમાથી જ છે. સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવે તો તે પણ એક ચન્દ્રમાનું જ સ્વરૂપ છે. તેનો આધાર જે છે તે અસલી ચન્દ્રમા છે. એવી રીતે સંસારનો પરસ્પરનો પ્રેમ તે પરમાત્માના સ્વરૂપભૂત પ્રેમનું પ્રતિબિંબ છે. પરંતુ તેનું મૂળ કારણ પરમાત્મા જ છે. પરમાત્મા ચેતન છે, તેનું સ્વરૂપ ચેતન છે અને આ લૌકિક પ્રેમ જડ છે. પરંતુ એ ભગવાનના ઉદ્દેશથી હોય, ભગવાનને માટે હોય, નિષ્કામભાવથી હોય, ભગવાનની પ્રાપ્તિને માટે અથવા ભગવાનમાં પ્રેમ હોવાને લીધે અથવા ભગવાનની આજ્ઞા પાળવાને માટે હોય તો જડ હોવા છતાં પણ તે પ્રેમ ચિન્મય છે અને તે ભગવાનમાં છે. એટલા માટે આપણે પરસ્પરમાં ખૂબ પ્રેમ વધારવો જોઈએ. સ્ત્રીનો પોતાના પુત્રમાં, મનુષ્યનો ધનમાં, કુટુંબમાં, પોતાના શરીરમાં જે પ્રેમ છે તે પ્રેમ નથી, એ તો આસક્તિ છે. જે હેતુને લઈને પ્રેમ છે તે પ્રેમ નથી, આસક્તિ છે; અથવા તો એવું કહો—તે કામ છે. તેનું જે ફળ છે તે

ભગવત્ પ્રાપ્તિ નથી. સ્ત્રી, પુત્ર, ધન, મકાન, માન-મોટાઈ અને પ્રતિષ્ઠામાં જે પ્રીતિ છે, જે આસક્તિ છે, તે બંધનકારક છે. તે તો આપણા માટે ઘણી જ જોખમી વસ્તુ છે. તેને તો હટાવવાની જરૂર છે. વાસ્તવમાં એને પ્રેમ નહિ કહેતાં તેને આસક્તિ અથવા કામ કહેવામાં આવે તો તે ઠીક છે. પરંતુ જે નિષ્કામ પ્રેમ છે, નિર્હેતુક પ્રેમ છે, ભગવાનને માટે પ્રેમ છે, તે બીજી વ્યક્તિમાં હોય તો પણ તે થયો ભગવાનમાં જ. 'બધામાં ભગવાન બિરાજમાન છે'—આ ભાવથી કોઈ સાથે પ્રેમ કરવો તે ભગવાન સાથે પ્રેમ કરવા બરાબર છે. ભગવાનનો જે પ્રેમ છે તે તો સંસારમાંથી મુક્તિ આપનારો છે. સંસારમાંથી ઉદ્ધાર કરનારો છે. અને સંસારના વિષય-ભોગોના ઉદ્દેશથી અથવા કોઈ કામનાને લઈને અથવા સ્વાર્થને લઈને, આસક્તિને લઈને જે આ એક પ્રકારનો મોહમાંથી જન્મેલો પ્રેમ તે કથનમાત્રનો પ્રેમ છે તે મનુષ્યનું પતન કરનારો છે. તેનાથી દૂર રહેવું જોઈએ.

આથી માન-મોટાઈ અને પ્રતિષ્ઠાને ઠોકર મારી નિષ્કામ ભાવથી પરસ્પર ખૂબ પ્રેમ કરવો જોઈએ. પરંતુ જો પ્રેમની જગાએ એક બીજાની સાથે ઈર્ષ્યા, દ્વેષ, વૈમનસ્ય અથવા વેર હોય તો એ બધા પ્રકારે ખતરનાક ચીજ છે. આત્માને માટે હાનિકારક છે. એટલા માટે ભગવાને કહ્યું છે કે,

'निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव' ।

(ગીતા-૧૧/૫૫)

હે પાંડવ, જે તમામ પ્રાણીમાત્રમાં વેર-ભાવથી રહિત છે તે પુરુષ જ મને પ્રાપ્ત થાય છે. સમગ્ર સંસારની સાથે જેને પ્રેમ છે, પરંતુ એકની સાથે પણ વેર હોય, દ્વેષ હોય તો તેને ભગવાનની પ્રાપ્તિ

થઈ શકતી નથી. માની લો કે એક ભાઈ મારા આખા શરીરની પૂજા કરે છે, ફૂલ ચડાવે છે, આદર કરે, નમસ્કાર કરે, પરંતુ એક આંગળીને કપડામાં કેરોસીન લગાવીને આગ લગાડે તો શું હું તેના પર ખુશ થઈશ ? હું કહીશ કે તું શું કરે છે ? તો તે કહે, 'રોશની કરું છું. આપ તો મહાત્મા છો, આપને શું કષ્ટ છે ? હું તો આપને પૂજું છું, નમસ્કાર કરું છું, સત્કાર કરું છું, વારંવાર આપને પ્રણામ કરું છું. માત્ર એક આંગળીને કેરોસીનમાં બોળીને થોડી રોશની કરું છું.' તો હું એવું કહીશ કે 'હું આવી તમારી પૂજાને ઈચ્છતો નથી.' તો સઘળી દુનિયા સાથે પ્રેમ હોય અને એકની સાથે આપને વેર અથવા દ્વેષ હોય તો તે આપને માટે કલંક છે. ભગવાન આપને મળી શકશે નહિ. એટલા માટે બધાંની સાથે નિષ્કામભાવથી પ્રેમ કરવો જોઈએ અથવા ન કોઈની સાથે પ્રેમ, ન કોઈની સાથ દ્વેષ અથવા 'બધાનો આત્મા જ પરમાત્મા છે'—આ પ્રકારે સમજીને બધાંની સાથે પ્રેમ કરવો જોઈએ. આ ઘણી જ ઊંચી કક્ષાની વાત છે.

મેં આપનો અપરાધ કરી દીધો અને આપને માર્યા પણ ખરા. આપને ગાળો પણ આપી. આપે મારા પર દાવો કરી દીધો. જજ સાહેબની સાથે મારી ઘણી જ દોસ્તી છે. તેણે પૂછ્યું, 'કેમ ભાઈ, તમે માર-પીટ કરી ? ગાળો આપી ?' મેં કહ્યું : "સાચી વાત તો એ છે કે આપને આ વાત એકાંતમાં કહું છું. આપે મને માફ કરવો પડશે." ઈન્સાફ આપનાર જજ સાહેબે કહ્યું : "મારા બાપનું સામર્થ્ય નથી કે હું માફ કરી દઉં. જે ન્યાયપ્રિય ન્યાયાધીશ હશે તે તો કદી પણ માફ કરશે નહિ." ફરીથી મેં પૂછ્યું : "બીજો કોઈ ઉપાય છે ?" ન્યાયધીશે કહ્યું : "જાવ, જેનો તમે અપરાધ કર્યો છે અને જો તે રાજીપો રજૂ

કરી દે તો હું તમારા અપરાધને માફ કરી શકું છું. એ સ્થિતિમાં માફ કરવો કે ન કરવો એ મારા અધિકારમાં છે. પરંતુ જેનો તમે અપરાધ કર્યો છે, તે જાતે જ એક પ્રકારની એવી અરજી રજૂ કરી દે કે અમે બન્ને ખુશ થઈ ગયા છીએ અને હું મારો દાવો ઉઠાવી લઉં છું, તો રાજીપો રજૂ કર્યા પછી હું તેનો સ્વીકાર કરી શકું છું. તેનો સ્વીકાર કરવો કે ન કરવો તે મારા હાથની વાત છે. એટલું હું કરી શકું છું." તો ખ્યાલ એ કરવો જોઈએ કે અમે આપનો અપરાધ કરી નાખ્યો તો સંસારમાં અમને કોઈ પણ માફ કરી શકતા નથી. ન આ લોકમાં કે ન પરલોકમાં. આ લોકમાં રાજા, મહારાજા અથવા ન્યાયાધીશ માફ નથી કરી શકતા. પરલોકમાં યમરાજનું પણ સામર્થ્ય છે નહિ કે તે માફ કરી શકે. પરંતુ એક સાધારણ આદમી કે જેનો અમે અપરાધ કર્યો છે તે માફ કરી શકે છે. જો તે માફ કરી દે તો કોઈ પણ આપણને શિક્ષા કરી શકતો નથી. એથી આપણે તે શિક્ષણ લેવું આવશ્યક છે કે કોઈની સાથે આપણા લડાઈ-ઝઘડા થઈ જાય તો તેની પાસે જઈને પોતાનો અપરાધ માફ કરાવી લેવો જોઈએ. આ મામૂલી વાત છે. આગળ મામલો વધી ગયો—આ ગવર્નમેંટને ત્યાં તો પણ મુશ્કેલ છે. અને લાંબો મામલો વધી જાય, તો ભગવાનને ત્યાં તો વિશેષ મુશ્કેલી છે. પરંતુ અહીં તો નાની સરખી મામૂલી વાત છે. તો માતાઓ, બહેનો, ભાઈઓ સૌને કહેવાનું છે કે આપ લોકોએ કોઈની સાથે કિંચિત્‌માત્ર પણ વૈમનસ્ય થઈ જાય, રાગ-દ્વેષ થઈ જાય તો તે વખતે તેની માફી માગીને તે મામલો સમાપ્ત કરી દેવો જોઈએ. આ વાત ઘણી જ મહત્ત્વની છે. સ્ત્રીઓમાં પરસ્પર કલેશ થઈ જાય, લડાઈ-ઝઘડા થઈ જાય અને તે બંનેની વચ્ચે જે ગમ ખાય તે જ શ્રેષ્ઠ છે. જેનાથી

અપરાધ થઈ ગયો હોય તે પોતાના અપરાધ માટે ક્ષમા પ્રાર્થના કરે તો તે પણ શ્રેષ્ઠ છે. અને અપરાધ તો બીજી સ્ત્રીનો હોય અને ક્ષમા-પ્રાર્થના બીજી સ્ત્રી કરે, અર્થાત્ અપરાધ તો થયો મારાથી અને ક્ષમા-પ્રાર્થના કરી રહ્યા છો આપ, તો આપનું ઘણું જ ઉચ્ચ કોટિનું મહત્ત્વ છે. એટલા માટે વધારે મહત્ત્વ એ છે કે અપરાધ થયો ન હોય છતાં આપ માફી માગો અને પરસ્પરમાં વેર-ઝેર ન રાખો, એ વાત ભગવાનને ત્યાં ઘણી જ ઊંચી છે.

કેટલીક વખત આપનાથી એવું કાર્ય થતું જ રહે છે. તેમાં એક માર્ગ એવો છે જે મુક્તિને આપનારો છે અને બીજો સ્વર્ગની પ્રાપ્તિ કરાનારો છે, ત્રીજો નરક અથવા સ્વર્ગ બંને ન દેનારો છે, અને ચોથો માર્ગ છે અધોગતિ આપનારો. આ ચારે વાત ખૂબ જ ધ્યાન આપીને સમજવાની છે. જેવી રીતે મને ક્રોધ આપના પર આવી ગયો અને આપ કહો છો કે "તમારા ક્રોધમાં હું કારણ થઈ ગયો એટલા માટે હું ઘણો જ અપરાધી છું. આપ માફ કરી દો, આપ દયાળુ છો. મારા અપરાધ પર આપ ધ્યાન ન આપીને ક્ષમા કરી દો અને એ બતાવવું જોઈએ કે મારી કઈ ક્રિયાથી તમને ક્રોધ આવ્યો ? ભવિષ્યમાં હું સાવધાન રહીશ. એક પ્રકારે અપરાધથી બચી શકું." આ જે આપનો ભાવ છે તે નિષ્કામ અને અહંકાર વગરનો ભાવ છે. એનું ફળ પરમાત્માની પ્રાપ્તિ છે. જો એવો ભાવ માન, મોટાઈ, પ્રતિષ્ઠા માટે થાય છે તો આ લોકમાં આપની કીર્તિ થશે અને મર્યા પછી આપને સ્વર્ગ મળશે. આ મધ્યમ શ્રેણીની વાત છે. અને ત્રીજી વાત એ છે કે ન તો કોઈ તમારો અપરાધ હોય, અને ન કોઈ આપે ક્ષમા-પ્રાર્થના કરી. અપરાધ તો મારો છે. આપનો તો કોઈ અપરાધ છે જ નહિ. તો તે જગાએ આપ મૌન છો.

તો એ વિષયમાં આપને નથી મળતું પુણ્ય કે નથી થતું પાપ. એથી આપને માટે નથી સ્વર્ગ મળતું કે નથી મળતું નરક. ચોથી વાત એ છે કે આપ પોતાની જ દલીલથી બીજાનો અપરાધ કાયમ કરી રહ્યા છો. તમે કહો છો, 'જુઓ સાહેબ, કોઈ પણ કારણ વિના મને ગાળો દે છે, ખોટી-ખરી કહે છે તો તે શું આનો અધિકાર છે—જે મારો તિરસ્કાર કરી રહ્યો છે ?' તો તે આપને માટે ઘણી જ નીચી કક્ષાની વસ્તુ છે. આ વ્યવહાર આપનું પતન કરનારો છે.

આ પ્રકારે બીજી શ્રેણી બતાવવામાં આવે છે કે મને કોઈના ઉપર ક્રોધ આવ્યો. અને જેના પર ક્રોધ કર્યો તેને પ્રાર્થના કરું કે આ મારો ઘણો જ ભારે અપરાધ થઈ ગયો આપની કોઈ ભૂલ ન હતી. મારા સ્વભાવ-દોષના કારણે આ મારાથી ભૂલ થઈ ગઈ હતી. અને એ ભૂલ માટે આપ મને ક્ષમા કરી દો. આ મારું કહેવું નિષ્કામભાવથી છે, અહંકાર રહિત થઈને કહેવાનું છે, અભિમાનનો ત્યાગ કરીને પોતાના આત્માના કલ્યાણના ઉદ્દેશથી કહેવાનું છે તો તેનું ફળ મારા માટે આત્માનો ઉદ્ધાર છે. ક્રોધ કરીને પણ મારા માટે આ આત્માનો ઉદ્ધાર છે. જો આ વર્તાવ હું માન-મોટાઈ-પ્રતિષ્ઠાને માટે કરી રહ્યો છું તો લોકો કહેશે વાહ ભાઈ, આપ ઘણા જ સારા આદમી છો. ક્રોધમાં આવી ગયા પરંતુ પોતાની જાતને સંભાળી લીધી અને અપરાધની ક્ષમા માગી લીધી અને બીજું શું કરે. તો આ લોકમાં મારી કીર્તિ વધશે અને મૃત્યુબાદ ઉત્તમ ગતિ મળશે.

ત્રીજી વાત—અપરાધ મારો હતો, હું કશું બોલ્યો નહીં અને બીજાઓએ કહ્યું : "આપની ઘણી ભૂલ છે. આ પ્રકારે ખરી-ખોટી કહેવા લાગી જાઓ છો. ક્રોધ કરવા લાગી જાઓ છો, આ આપનો વ્યવહાર

સારો નથી.'' ભૂલનો સ્વીકાર કરી લઉં છું. તો તેનું પ્રાયશ્ચિત્ત થઈ જાય છે અને એની સજા ન તો પરલોકમાં મળશે કે નહિ અહીં મળશે.

ચોથી વાત—ક્રોધવશ બીજા લોકો મારો અપરાધ કાયમ કરવા ઇચ્છે છે અને હું તેની સામે સફાઈ આપતો રહું છું અને તેની વાતનો તિરસ્કાર કરી દઉં છું કે મારો અપરાધ છે નહિ, તમારો જ અપરાધ છે. તો તે મારા માટે નરકમાં લઈ જનારો એ વર્તાવ છે.

એટલે એક ખ્યાલ રાખવો જોઈએ કે મને જો ક્રોધ આવી જાય તો પણ હું ક્ષમા માગું અને આપ મારા પર ક્રોધ કરો તો પણ હું ક્ષમા માગું અને કહું કે, ''મારો અપરાધ છે કે મને ક્રોધ આવી ગયો. અને આપને ક્રોધ આવ્યો પણ તેનું કારણ હું મને પોતાને માની પોતાનો જ અપરાધ માનું તો તે ઘણા જ ઊંચા દરજ્જાની વાત છે, સંસારમાં કીર્તિ વધારનારી અને સ્વર્ગને આપનારી છે. નિષ્કામભાવથી અહંકાર વગરના થઈને જે મારો વર્તાવ છે તે મુક્તિ આપનારો છે.''

હવે બીજા પક્ષની વાત જણાવવામાં આવે છે કે મને ક્રોધ આવે તો પણ હું પોતાની દલીલ કરતાં કરતાં તમારો જ અપરાધ માનું છું. અપરાધ મારો છે અને હું માનું છું અપરાધ તમારો. તમને મારા પર ક્રોધ આવી જાય એમાં ભૂલ તો હોય મારી, પરંતુ હું અપરાધ બતાવું તમારો—આ નરકનો માર્ગ છે. અને અપરાધ મારો નથી, વાસ્તવમાં સાચી વાત છે અને હું એના માટે દલીલ કરું છું તો મારું આ દલીલ કરવાનું ઉચિત છે, એનું ફળ ન નરક છે કે ન સ્વર્ગ. જ્યારે અપરાધ જ નથી તો એનો દંડ પણ નથી.

તો પ્રત્યેક ભાઈઓ અને માતા-બહેનોએ શિક્ષણ લેવું જરૂરી છે કે જો બીજા કોઈ ભાઈ-બહેન આપણા પર ક્રોધ કરે તો તેમાં

આપણને જ હેતુ સમજીને આપણે પોતે જ અપરાધી છીએ એવું સમજીને તેની ક્ષમા માટે પ્રાર્થના કરવી અને આપણને કોઈના પર ક્રોધ આવી જાય તો તેને માટે પણ તેની ક્ષમા માટે પ્રાર્થના કરવી – આ માર્ગ ઉત્તમ છે. જો આપનો અપરાધ છે તો પણ હું મારો જ અપરાધ માનું અને મારો અપરાધ હોય તો હું મારો અપરાધ માનું આમાં સભ્યતા પણ છે અને શિષ્ટાચાર પણ છે. તે ઘણો જ ઊંચા દરજ્જાનો વર્તાવ છે. આનાથી ઉલટું મને ક્રોધ આવે તો પણ હું આપનો જ અપરાધ માનું કે મારા ક્રોધનું કારણ તમે છો એટલા માટે મૂળ કારણ તમે છો, આપને ક્રોધ આવે છે તો પણ હું આપને જ દોષી બનાવું, એ જે ચાલ છે એ આપણા માટે પતન કરનારી ચાલ છે. પ્રત્યેક ભાઈઓ અને માતા-બહેનોએ આ વિષયમાં પ્રત્યેક પળે જાગ્રત રહેવું જોઈએ. આપણી ભૂલ માનવા માટે આપણો અપરાધ છે તે સમજીને ક્ષમાને માટે તૈયાર રહેવું જોઈએ. જે જેટલી સરળતા અને જેટલા પ્રેમથી ક્ષમા-પ્રાર્થના કરે તે તેટલો જ ઊંચા દરજ્જાનો છે. આ વાત પ્રત્યેક ભાઈઓએ અને માતાઓ તથા બહેનોએ શીખવી જોઈએ. જે સંસારમાં બીજાનો દોષ કાયમ કરે છે તે ખુદ અપરાધી થઈને નીચે પડે છે. અને જે બીજાઓનો અપરાધ પણ પોતાના માથા પર લે છે તે અપરાધી થઈને પણ અપરાધથી મુક્ત થઈને ઉત્તરોત્તર ઉન્નતિ કરે છે અને જલદીથી તે પરમાત્માને પ્રાપ્ત કરી લે છે. આપણે સૌ ભાઈઓ અને માતા-બહેનો બધાં જ એક પ્રકારથી ખ્યાલ કરીને જુએ કે આપણા લોકોનો ઉદ્ધાર થવામાં આપણી શી ભૂલ છે ? જેથી પરમાત્માની પ્રાપ્તિ થવામાં આટલો વિલંબ થઈ રહ્યો છે. અમારામાં શું સાધનની ખામી છે ? અથવા કઈ કમી છે ? તો સાધનની કમી તો એ તો છે, અને

આપણા લોકોમાં બીજાના દોષ જોવાની બુદ્ધિ છે તો તે ઘણી જ ઘાતક છે. એથી મનુષ્યનું ઘણું જ વધારે પતન થઈ જાય છે. આપ બધા જ લોકો વિચાર કરીને જુઓ કે આપણે લોકો આપણી બુદ્ધિ અનુસાર વર્ષોથી સાધન કરી રહ્યા છીએ, પરંતુ તેનાથી જેટલો લાભ થવો જોઈએ તેટલો લાભ થતો નથી તો તેનું કારણ શું છે ? તો આ વિષયમાં આપણે લોકોએ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. એમાં આપણો જ અપરાધ સમજીને ભવિષ્યમાં સુધારો કરવો જોઈએ. ભગવાનનું ભજન-ધ્યાન કરવાથી જે આપણને લાભ થાય છે, તેનાથી વધારે નુકસાન થાય છે પાપ કર્મ કરવાથી અને બીજા પ્રત્યે ઘૃણા-બુદ્ધિ કરવાથી. હું શ્રેષ્ઠ છું, હું એક રીતે સારો છું અને તેઓ ખરાબ છે, બીજા પર દોષ-દૃષ્ટિ અને પોતાને માટે શ્રેષ્ઠ બુદ્ધિ રાખનાર મનુષ્યનું પતન્ થઈ જાય છે. પ્રત્યેક ભાઈ અને માતા-બહેનોએ પોતાના ઘરમાં જે ચોર બેઠો છે તેને ત્યાંથી ધકેલીને એકદમ કાઢી મૂકવો જોઈએ. તેને ફટકારવો જોઈએ કે ફરીથી અમારે ત્યાં ક્યારે પણ ન આવે. જેવી રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને રાગ-દ્વેષ જેવા ઘણા જ અવગુણ આપણા લોકોમાં પ્રવેશ કરીને બેઠા છે, તે બધામાં એક ભારે દોષ એ છે કે આપણે બીજાને ઘૃણા-બુદ્ધિથી જોઈએ છીએ, દ્વેષ-બુદ્ધિથી જોઈએ છીએ, અગર વેરભાવથી જોઈએ છીએ, અગર ઈર્ષ્યા કરીએ છીએ. તે આપણે માટે ઘણું જ ખતરનાક છે અને આપણે આપણને બીજાઓની અપેક્ષા દોષ રહિત અર્થાત્ સારા સમજીએ તો આ પણ આપણા માટે આ ઘણી જ ખતરનાક વસ્તુ છે.

હું શ્રેષ્ઠ છું, વાસ્તવમાં હું સારો છું અને પોતાની જાતને સારી

માનું પણ છું, અને બીજા જે નીચલી કક્ષાના છે તેઓને હું નીચ માનું છું – બન્ને વાત સત્ય છે, છતાં પણ એ માન્યતા પરમાત્માની પ્રાપ્તિમાં રુકાવટ કરનારી છે. પરમાત્માની પ્રાપ્તિમાં એ વિલંબ કરનારી છે. એ આપણા માર્ગમાં પડેલા પથ્થર છે. જો આ બન્નેમાંથી એક વાત સાચી નથી, જેને દોષવાળો માનું છું તે દોષી નથી અને જો તેને જાણી-બૂઝીને દોષી બતાવું છું, તો તેનું ફળ છે ઘોર નરકની પ્રાપ્તિ. અને જાણ્યા વગર જો દોષવાળા બતાવું છું તો પણ હું પાપનો ભાગીદાર છું. પરંતુ આ થોડું પાપ છે, તે અત્યંત અધિક પાપ છે. સારો ન હોવા છતાં પણ મને પોતાને સારો માનું, તો એ દંભ છે, પાખંડ છે. તેનું ફળ પણ નરકની પ્રાપ્તિ છે. બીજાઓ પર ખોટી અસર પાડવા માટે હું શ્રેષ્ઠ છું, સારો છું, મહાત્મા છું અને હોઉં નહીં તે પણ એક રીતે મારા માટે ઘણું જ ભયાનક છે. મને ખાઈમાં નાખનારુ છે. આપણે પોતે સારા હોવા છતાં પણ બીજાની ઘૃણા કરવી ન જોઈએ. કોઈ પાપી છે, પણ તેને નીચ અગર પાપી ન સમજવો. તે આપણે માટે હિતકારક અને લાભદાયક છે. એથી વિરુદ્ધ સમજવો આપણે માટે પતનની વાત છે. નીચને નીચ સમજવો અને પોતાને શ્રેષ્ઠ માનવો એ આપણે માટે પરમાત્માની પ્રાપ્તિમાં રુકાવટ લાવનારી વાત છે. કેમ કે હું મને પોતાને સારો સમજું છું, અને હકીકતમાં પણ છું, તો અચ્છાઈનું જે ફળ છે તેનાથી વંચિત રહીશ, આ મારે માટે પતન છે. આપણે લાભથી વંચિત રહી જઈશું. પરમાત્માની પ્રાપ્તિમાં રુકાવટ નાખનારું એ પણ એક વિઘ્ન છે. શ્રદ્ધાની કમી એ પણ પરમાત્માની પ્રાપ્તિ કરવામાં બાધક છે. આ પ્રકારે આપણામાં જે સારાપણાનો અહંકાર છે તે પણ બાધક છે.

અપરાધ ન હોય તેના પર કોઈ સારાપણાની ચેષ્ટા કરે તો તેમાં કોઈ દોષ છે નહિ કે કોઈ પાપ પણ નથી; કારણ કે સાચી વાત છે. સાચી વાતમાં કોઈ પાપ છે નહિ, પરંતુ આપણે માટે શરમની વાત તો છે જ. અને તે આપણે માટે ઘણી જ ઉચ્ચ કોટિની વાત છે કે કોઈ આદમી મને અપરાધી માને તથા હું અપરાધી છું નહિ, પણ તેના સંતોષ માટે મને પોતાને અપરાધી માની લઉં તો સંસારમાં મારું ગૌરવ છે. અને ભગવાનને ત્યાં મારે માટે ઊંચું સ્થાન છે. તે બધી જ વાતોને ખ્યાલમાં રાખી બીજા લોકો આપણને અપરાધી માને તો આપણે એવું કહીએ કે ભાઈ, એવી વાત આપની દૃષ્ટિમાં છે તો હું ક્ષમા-પ્રાર્થના કરું છું. તેની ક્ષમા માગવી એ ઉચ્ચ કોટિની ચીજ છે, બહુજ ગૌરવની ચીજ છે. જો તેમાં નિષ્કામભાવના માનીને, પોતાનું કર્તવ્ય માનીને કરે અને તે પણ નિરભિમાન થઈ કરે તે ઘણી જ મહત્ત્વની ચીજ છે. આપણે તો આ વાત શીખવી જોઈએ. બીજાનામાં દોષ ન જોવા. બીજા પાપી છે, નીચ છે, અપરાધી છે, તેમનામાં ઘણા પ્રકારના અવગુણો ભર્યા છે, પણ આપણે તો તેની ઉપેક્ષા કરી દેવી જોઈએ તેમાં જ આપણે માટે લાભની વાત છે.

બીજાઓના અપરાધ, બીજાઓનાં પાપ, બીજાઓની આફત જે મનુષ્ય પોતાની ઉપર લે છે તો ભગવાન તેને જોઈને ખુશ થાય છે અને જે પોતાનો અપરાધ, પોતાનું પાપ અને પોતાની આફત બીજા પર નાખે છે તો ભગવાન દ્વારા તેનો ત્યાગ કરવામાં આવે છે, તેનું પતન થઈ જાય છે. એટલા માટે પોતાનો અપરાધ, આફત અથવા પાપ બીજા માગણી કરે તો પણ આપવાં જોઈએ નહિ. પરાણે કોઈના માથા પર

ઢોકી બેસાડવું તે પણ ઘણું ભારે પાપ છે. કોઈ માગે તો પણ ન આપવું જોઈએ. અને બીજાનાં પાપ, અપરાધ, ઋણ અથવા આફત પોતાના માથે લેવું તે ઉદારતાની વાત છે, ઘણો જ ઉચ્ચ કોટિનો ભાવ છે. સાથે જ તે નિષ્કામ ભાવથી હોય તો પછી કહેવું જ શું પડે ? પરંતુ જો અભિમાન આવી જાય કે મેં ઘણું જ ઊંચા દરજ્જાનું કામ કર્યું છે અને ઘણી જ ઉદારતાનો વ્યવહાર કર્યો છે, ઉદારતાનો વ્યવહાર– ઉચ્ચ કક્ષાનું કામ કરીને ચિત્તમાં શ્રેષ્ઠપણાનું થોડું અભિમાન આવવાથી તે શ્રેષ્ઠતામાં ખામી આવી જાય છે અર્થાત્ તેને પૂરો લાભ મળતો નથી.

તેને પરમાત્માની પ્રાપ્તિ તો થતી જ નથી, પરંતુ આ લોકમાં તેની જેટલી કીર્તિ થવી જોઈએ તેટલી પણ થતી નથી. અને મૃત્યુ પછી પણ સ્વર્ગની પ્રાપ્તિમાં કમી આવી જાય છે. આથી આ લોકમાં પણ નુકસાન છે, અને પરલોકમાં પણ નુકસાન જ છે આ શાસ્ત્રસમ્મત અને યુક્તિસમ્મત છે. આ પ્રકારે સમજણવાળા મનુષ્યની જે ઉત્તમમાં ઉત્તમ પદ્ધતિ બતાવવામાં આવી તેને અનુસરીને પોતાનું જીવન વ્યતીત કરવું જોઈએ. પરંતુ આ વિષયમાં બધા જ સાધારણ ભાઈઓનો જે વિચાર છે તે સ્વાભાવિક રીતે જ નીચી કક્ષાનો રહે છે. બીજાઓનો થોડો પણ અપરાધ તે પહાડની સમાન ગણે છે અને પોતાનો મોટો અપરાધ તે એક રજકણ સમાન ગણે છે. પણ ખરી વાત તો તેના કરતાં વિપરીત થવી જોઈએ. જેવી રીતે આપણા એક મિત્રની સાથે વ્યવહાર હોય તેના કરતાં પણ વધારે સારો વ્યવહાર થવો જોઈએ. આપણો નાનો સરખો જે અપરાધ છે તેને પહાડ સમાન સમજવો જોઈએ અને આપણા વિરોધીનો અપરાધ પહાડ સમાન હોય તો પણ

તે અપરાધને રાઈ સમાન સમજવો જોઈએ. જેવી રીતે શ્રી રામચંદ્રજી મહારાજે મિત્રને માટે કહ્યું છે :–

निज दुख गिरि सम रज करि जाना । मित्रक दुख रज मेरु समाना ॥

પોતાનું દુઃખ રજકણ જેવું પણ ન સમજે તો તે વધારે ઉત્તમ છે. મિત્રની તરફ જે એવી રીતે સમજતો નથી તેની નિંદા પણ કરી છે :–

जे न मित्र दुख होहिं दुखारी । तिन्हहि बिलोकत पातक भारी ॥

જે પોતાના મિત્રના દુઃખને જોઈને દુઃખી થતો નથી તે પુરુષ એટલો બધો નીચા દરજ્જાનો છે કે તેનું કોઈ દર્શન કરે તો તેને ભારેમાં ભારે પાપ લાગે છે–'पातक भारी'–નાનું-મોટું નહિ પરંતુ ઘણું જ ભારે પાપ લાગે છે. હું એથી વિશેષ વાત કહું છું, જે પોતાના શત્રુના દુઃખને જોઈને દુઃખી થતો નથી તે પણ ઓછો પાપી નથી. શત્રુના દુઃખને જોઈને જે સુખી થાય છે તે તો ઘણો જ નીચી કક્ષાનો અસાધુ છે, મહાન પાપી પુરુષ છે. મિત્રના દુઃખને જોઈને બધા જ દુઃખી થાય છે પરંતુ શત્રુના દુઃખને જોઈને પણ દુઃખી થવું જોઈએ. શત્રુને સુખી જોઈને જે પ્રસન્ન થાય છે તેના પર ભગવાન ખુશ થાય છે.

એક રહસ્યની વાત આપને બતાવવામાં આવે છે, જેવી રીતે એક પાર્ટી આપણી છે અને એક પાર્ટી બીજી છે. અને એ બંને પાર્ટીઓમાં મતભેદ છે તેમાં જો મારી પાર્ટીનો કસૂર છે તો બીજી પાર્ટીની પાસે ક્ષમા પ્રાર્થના કરવી જોઈએ. મારી પાર્ટીના લોકો મારી ઉપર નારાજ થઈ શકે છે. અપરાધ અમારી પાર્ટીનો છે–એ વાત સાચી હોવાથી ઈશ્વરને ત્યાં અમને કોઈ સજા મળી શકતી નથી. એક પ્રકારથી આપણે બધાની ક્ષમા-પ્રાર્થના કરીએ તો તે આપણે માટે આ

લોકમાં ગૌરવની વાત છે. પરલોકમાં આપણે માટે મહાન લાભ છે. બીજી પાર્ટીનો અપરાધ હોવા છતાં પણ આપણે તેને દંડ આપતા નથી એ આપણે માટે ગૌરવની વાત છે. તેનું અપમાન કરવું નહિ, તેને હલકા-નીચા ન દેખાડવો, તેના અપરાધને અપરાધ નહિ માનવો—એ આપણી પાર્ટીવાળાઓને સમજાવવું જોઈએ. જો આપણી પાર્ટીનો અપરાધ છે, બીજા સાચા છે તો આપણી પાર્ટીવાળાને પ્રેમથી સમજાવવું જોઈએ કે જો ભાઈ ! દોષ તો આપણો છે, તેમનો થોડો છે ! એવી પરિસ્થિતિમાં ઊલટા આપણે તેનો કસૂર સમજીએ તો તે આપણે માટે અપરાધની વાત છે. આપણી પાર્ટીનો પક્ષ તે પરિસ્થિતિમાં બિલકુલ લેવો જોઈએ નહિ. આપણે માટે તો તે સમયે મૌન રહેવું એ પણ અપરાધ છે, અને પક્ષ લેવો તે તો પાપ છે. તેમને દરેક પ્રકારે સમજાવીને અપરાધ માટે માફી માગી લેવી જોઈએ. આથી આપણી પાર્ટીવાળા તો આપણા છે જ બીજી પાર્ટીવાળા પણ આપણા થઈ જાય છે. તેની સારી અસર થાય છે. જે પોતાના શત્રુ પર પણ પોતાનો પ્રભાવ જમાવી લે છે એને સારો અને શ્રેષ્ઠ પુરુષ માનવામાં આવે છે. અભિમાન અને સ્વાર્થનો ત્યાગ કરવાથી અને મનમાં વિનય ભાવ હોવાથી તથા મનમાં અભિમાન જરા પણ નહિ હોવાના કારણે જ આવી વાત બને છે. આ વાત સૌથી શ્રેષ્ઠ છે.

મનુષ્યનું શરીર પ્રાપ્ત કરીને જો આપણે એવું ન કર્યું તો પછી આપણે માટે ઘણું જ દુઃખ અને ઘણી જ શરમની વાત છે. આપણે મનુષ્ય કહેવડાવીએ છીએ તો આપણું કામ ઉચ્ચકોટિના મનુષ્યની સમાન હોવું જોઈએ. મનુષ્યોમાં પણ શ્રેષ્ઠ પુરુષોની માફક આપણું


કામ થવું જોઈએ. એમાં આપણું આ લોક અને પરલોકમાં કલ્યાણ છે. એ સાચી સુધારણાની વાત છે. ઘણા દિવસ સુધી ભજન કરવાથી જે કાર્યની સિદ્ધિ થતી નથી, તે એના અનુસાર ચાલવાથી જ થઈ શકે છે. માન, મોટાઈ, પ્રતિષ્ઠા, અહંતા-મમતા, આસક્તિ અને સ્વાર્થની કામનાનો ત્યાગ કરવો જોઈએ, અને સાથે સાથે વિનયનો પ્રેમયુક્ત વ્યવહાર અને તે પણ અત્યંત નિષ્કામભાવથી કેવળ ભગવત્-પ્રાપ્તિના ઉદ્દેશથી કરવાથી ભગવત્-પ્રાપ્તિ ઘણી જ જલદીથી થઈ શકે છે.

ભજન, ધ્યાન વગેરેથી ભગવત્-પ્રાપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે તે નિષ્કામભાવથી થાય. સકામ ભજનથી પણ આત્માનો સુધાર અને ઉદ્ધાર થાય છે, પરંતુ તેમાં વિલંબ થાય છે. સકામ ભજન-ધ્યાન એક તરફ અને નિષ્કામ અર્થાત્ અભિમાન રહિત બધાનો ઉપકાર તેમજ ઉચ્ચકોટિનો વ્યવહાર બીજી તરફ રાખીએ, તો ઉચ્ચકોટિનો ત્યાગનો વ્યવહાર જ શ્રેષ્ઠ થશે. જેવી રીતે ભગવાને ગીતામાં બતાવ્યું છે–

"श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥"

(ગીતા-૧૨/૧૨)

કર્મ ફળનો ત્યાગ કરીને જે નિષ્કામ કર્મ કરાય છે તે કર્મ શ્રેષ્ઠ છે, એથી તત્કાલ પરમ શાંતિ મળી જાય છે.



# ૬. શીઘ્ર ભગવત્પ્રાપ્તિ કેવી રીતે થાય ?

એક ભાઈએ મને પૂછયું, "ભગવાનની પ્રાપ્તિ એક ક્ષણમાં કેવી રીતે થાય ? એનો જો કોઈ ઉપાય હોય તો બતાવો." મેં કહ્યું : "તમને લોકોને તમારા પૂરેપૂરા જીવનમાં જો ભગવાનની પ્રાપ્તિ થઈ જાય તો તેથી હું મને પોતાને ધન્ય સમજું છું તથા જેમને ભગવાન મળી જાય તે તો ધન્ય છે જ. કારણ કે જેને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય તો એ સમજવું જોઈએ કે તેને ઈશ્વરની કૃપાથી બધું જ મળી ગયું. ભગવાનની પ્રાપ્તિ તો તેને થાય છે કે જે પાત્ર હોય છે. પરંતુ આપણે લોકો તે પ્રકારના પાત્ર છીએ નહિ. પરમાત્માની પ્રાપ્તિ કરવી એ તો ઘણી જ સારી વાત છે. સારા વિષયને જાણવામાં વિલંબ કરવો જોઈએ નહિ."

"પરમાત્મા છે," જો એવો વિશ્વાસ દૃઢ થઈ જાય તો પરમાત્મા તેનાથી છુપાઈ શકતા નથી. કોઈ પણ વસ્તુનું જ્ઞાન એક ક્ષણમાં થઈ જાય છે. અને જ્યારે જ્ઞાન થઈ જાય છે ત્યારે અજ્ઞાનનો નાશ થઈ જાય છે. ભગવાનની અપ્રાપ્તિમાં કારણ અજ્ઞાન જ છે એટલા માટે આટલો વિલંબ થઈ રહ્યો છે. આ વિષયમાં એક કથા આવેલ છે. રાજા જનક અનેક થઈ ગયા છે. તેમાંથી એક જનકની કથા આ પ્રકારે છે. તે સાધુ-બ્રાહ્મણોને બોલાવ્યા કરતા હતા, તેઓનો સેવા-સત્કાર કરતા, તેમને ભોજન કરાવતા અને કહેતા હતા કે "જો આપ જ્ઞાની-મહાત્મા છો તો મને ઉપદેશ કહો, પરંતુ એવો ઉપદેશ આપો કે જેથી જેટલા વખતમાં ઘોડાના એક પેગડામાં હું મારો પગ રાખું અને બીજા પેગડા પર પગ રાખતા સુધીમાં મને જ્ઞાન થઈ જાય."

તેમને જ્ઞાન આપવા માટે ઘણા જ મોટા મોટા જ્ઞાની-મહાત્મા આવતા પરંતુ જ્ઞાન આપી શકતા ન હતા. ફળ સ્વરૂપ રાજા તેમને કેદી બનાવી લેતા હતા. એવા સેંકડો બંદીવાન બનાવી દીધા.

એક મુનિ હતા 'કહોડ'. તેઓ પણ રાજાને જ્ઞાન આપવા ગયા અને તે જ્ઞાન આપી ન શક્યા તો તેમને પણ કેદી બનવું પડ્યું. કહોડને એક પુત્ર હતો 'અષ્ટાવક્ર'. તેનું નામ અષ્ટાવક્ર પડવાની કથામાં એ બતાવવામાં આવ્યું છે કે જ્યારે તે માતાના ગર્ભમાં હતો ત્યારે તેને ચાર વેદનું શુદ્ધ જ્ઞાન હતું. એક દિવસ તેના પિતા કહોડ મુનિ વેદનો પાઠ કરી રહ્યા હતા. પાઠમાં અશુદ્ધિઓ આવી રહી હતી. માતાના ગર્ભમાં રહેલા બાળકે માતાના મુખમાંથી વારંવાર કહ્યું કે "આપનો આ પાઠ અશુદ્ધ છે, અશુદ્ધ છે." આ સાંભળીને કહોડ મુનિને ક્રોધ આવી ગયો. તે બોલ્યા, "અરે, ગર્ભમાં પડેલો જ આ મને ઉપદેશ આપી રહ્યો છે. જ્યારે તે બહાર નીકળશે તો ખબર નહીં કે મારી શી ફજેતી કરશે." ક્રોધાવિષ્ટ હતા જ. તેથી તેમણે ગર્ભની ઉપર લાત મારી. અંદરનો ગર્ભ તો કાચો હતો, તેના હાથ અને પગ તથા અન્ય અંગો બધાં વાંકાં થઈ ગયાં. હાથ વાંકા, પગ વાંકા, મુખ વાંકું, બધું જ વાંકું એક પ્રકારે તે તદ્દન જુદા જ ઢંગવાળો જન્મ્યો. તેનાં અંગ આઠ જગાએ વાંકાં હતાં. તેથી તેનું નામ 'અષ્ટાવક્ર' થયું.

અષ્ટાવક્રના પિતા કહોડ મુનિ જે વખતે રાજા જનકને જ્ઞાન આપી શક્યા નહિ તે કારણે જનકને ત્યાં કેદી બન્યા હતા, તે સમયમાં અષ્ટાવક્રની ઉંમરનો જ 'ઉદ્દાલક' મુનિનો પુત્ર તેમનો મામો હતો. તેનું નામ હતું 'શ્વેતકેતુ'. મામો-ભાણેજ બંને સાથે-સાથે જ રમતા હતા. જેવી રીતે શ્વેતકેતુ પોતાની માતાને માતા કહેતા અને પિતાને

પિતા કહેતા હતા, તે પ્રકારે અષ્ટાવક્ર પણ પોતાના નાનાને પિતા અને નાનીને માતા કહેતો હતો. કારણ કે મામા જેવું કહેતા હતા તેવું જ તે પણ કહેતો હતો. બાળકોમાં આ પ્રકારની દેખાદેખીની આદત પડી જ જાય છે. એ બંને પરસ્પર નિત્ય રમતો રમતા હતા. આપણા રાજપૂતાનામાં એક રમત છે દડાથી રાજ્ય પાડી નાખવાની. તે બંને એ જ રમત રમી રહ્યા હતા. અષ્ટાવક્રે દડો ફેંક્યો અને દડો લક્ષ્ય પર જ પડ્યો. તેથી તે વિજયી બન્યો. તેણે કહ્યું કે મારી જીત થઈ ગઈ. તેથી તેના મામાને ક્રોધ આવી ગયો અને બોલ્યો, "તું તો અહીં વિજયના આનંદમાં મગ્ન બન્યો છે પરંતુ તારો બાપ તો કેદી બનીને જેલમાં છે." આ વાત તેના હૃદયમાં તીરની જેમ ભોંકાઈ ગઈ. તેણે માતાની પાસે આવીને કહ્યું, "મા, મારા પિતા કોણ છે ? તે બોલી "આ છે ને !" તેણે કહ્યું, "ના, આ તો તારા પિતા છે, મારા પિતા ક્યાં છે ?" તે સાંભળી માતા રડવા લાગી અને બોલી, "બેટા, તું તો એ સમયે જન્મ્યો કે તારો જન્મ થયા બાદ જ તારા પિતા રાજા જનકને ત્યાં કેદમાં પડી ગયા." આ સાંભળી તેણે કહ્યું, "મા, હું તે જનકની પાસે જઈશ અને તેનો પરાજય કરીશ." માતાએ ઘણી જ ના પાડી, પરંતુ તે બાળકને ધૂન ચડી ગઈ અને જોશમાં આવી ગયો. અને પોતાની સાથે તેનો મામો શ્વેતકેતુ હતો, તે પણ તેની સાથે ગયો. જ્યારે એ બંને રાજા જનકને ત્યાં દરબારમાં પ્રવેશ કરવા લાગ્યા તો પહેરેગીરે રોકયા, અને કહ્યું, "તમે બંને ક્યાં જાવ છો ?" તેઓ બોલ્યા–'રાજસભામાં જઈએ છીએ.' ત્યારે પહેરેગીરે કહ્યું, "અહીં વિદ્વાનો-પંડિતોની સભા છે, બાળકોની નથી." તેઓ બોલ્યા, "શું તમે ઉંમરથી બાળક ગણો છો કે જ્ઞાન અને બુદ્ધિથી ? જો નાની ઉંમરના ત્યાં જઈ શકતાં નથી તો અમે જઈ શકતા નથી. અને જો નાની ઉંમરનો

હોય અને મૂર્ખ હોય તે નથી જઈ શકતો, તો અમે જઈ શકીએ છીએ, અમારો અધિકાર છે. તમે અમારી સાથે શાસ્ત્રાર્થ કરો. જો હું શાસ્ત્રાર્થમાં તમારા પ્રશ્નોનો ઉત્તર આપી દઉં તો અમને જવા દેવા પડે.'' તેમણે જોયું કે ખરેખર અવસ્થામાં તો આ બાળક છે પરંતુ પંડિતોનાં પણ દાંત ખાટા કરનાર છે. પહેરેગીરે તેમને જવા દીધા અને સભામાં આવીને બંને ઊભા રહ્યા. અષ્ટાવક્રને જાઈને લોકો હસવા લાગ્યા. લોકોને હસતા જોઈને અષ્ટાવક્ર પણ હસવા લાગ્યો. રાજાએ પૂછ્યું : "તું કેમ હસી રહ્યો છે ?'' અષ્ટાવક્રે પૂછ્યું–"તમે લોકો કેમ હસી રહ્યા છો ?'' તો સભાસદ બોલ્યા : "અમે તમારું શરીર જોઈને હસી રહ્યા છીએ.'' અષ્ટાવક્ર બોલ્યો, "હું એટલા માટે હસી રહ્યો છું કે હું સમજ્યો હતો કે અહીં પંડિતોની સભા છે, પરંતુ અહીં તો બધા ચમાર જ બેઠા છે. જો આ વાતની મને પહેલાં ખબર પડી હોત તો અહીં ચમારોની સભામાં તો હું આવત જ નહિ. હું તો પંડિતોની સભા સમજીને અહીં આવી ગયો. જે પંડિતો હોય છે, તેઓ ગુણ અને વિદ્યા જુએ છે, તથા જે ચમાર હોય છે તેઓ હાડકાં અથવા ચામડાંની પરીક્ષા કરે છે. અહીંના પંડિતો હાડકાં અને ચામડાંના બનેલા મારા શરીરને જોઈને હસી રહ્યા છે. એ જોઈને મને આશ્ચર્ય થઈ રહ્યું છે.'' આ સાંભળી બધા જ ચૂપ થઈ ગયા. અષ્ટાવક્રે ફરીથી કહ્યું : "મેં સાંભળ્યું છે કે આપને ત્યાં એવી પદ્ધતિ છે કે જો કોઈ પંડિત અહીં આવીને જ્ઞાનનો ઉપદેશ કરે અને પોતાના જ્ઞાનથી સંતુષ્ટ કરે તો આપ તેને સંતુષ્ટ કરો છો. અને જે સંતુષ્ટ કરી શકતા નથી તેને આપ કેદી બનાવી દો છો. વળી ઉપદેશ એટલો બધો જલદી આપવો પડે છે કે ઘોડાના એક પેગડામાં એક પગ રાખતાં જ બીજા પેગડામાં જ્યાં પગ રાખે તેટલા સમયમાં જ જે પોતાના જ્ઞાનથી સંતુષ્ટ

કરે તેને જ જ્ઞાની માનવામાં આવે છે." રાજા જનકે કહ્યું : "હા, એ વાત ખરી છે, એ નિયમ છે." તો અષ્ટાવક્રે કહ્યું, "હું તને જ્ઞાન આપવા આવ્યો છું." રાજાએ કહ્યું; "ઘણું જ સારું છે, પરંતુ આપ એ વાત સમજી લો કે ઘોડાના એક પેગડામાં એક પગ રાખતાં જ તત્કાલ બીજામાં રાખતાં સુધીમાં જ જ્ઞાન આપવું પડે છે." અષ્ટાવક્ર બોલ્યો; "એટલી વારમાં તો હું ત્રણ વખત જ્ઞાન આપી શકું છું." રાજા બોલ્યો-"ઘણું જ સારું છે."

ઘોડો મગાવવામાં આવ્યો. અષ્ટાવક્ર સામે ઊભો રહ્યો. રાજા ઘોડાના એક પેગડામાં એક પગ રાખીને જ્યારે બીજા પેગડામાં પગ રાખવા ઈચ્છતા હતા ત્યાં જ અષ્ટાવક્રે કહ્યું; "મનને મુઠ્ઠીમાં પકડો." રાજા બોલ્યા, "અરે ભાઈ, મન મુઠ્ઠીમાં કેવી રીતે પકડી શકાશે ? મન એવી વસ્તુ નથી કે તેને મુઠ્ઠીમાં પકડી લેવાય ! આપ મને મનને મુઠ્ઠીમાં પકડવાનું તાત્પર્ય બતાવો." અષ્ટાવક્ર બોલ્યો : "તાત્પર્ય એ છે કે જ્યાં સુધી હું બીજી આજ્ઞા ન કરું ત્યાં સુધી તમારું મન તમારી મુઠ્ઠીમાં જ રહે. અને તમે તમારી મુઠ્ઠીમાં એવું ધ્યાન લગાવો કે મન એકદમ મુઠ્ઠીમાં જ રહે, અહીં તહીં ન જાય." રાજાએ કહ્યું, "આ થવું કઠિન છે." ત્યારે અષ્ટાવક્રે કહ્યું, "એટલા સમયમાં જ્ઞાન થવું પણ કઠિન છે." ફરીથી બોલ્યો, "ઉપદેશ તો પાત્રને આપવામાં આવે છે. જો તમે ઉપદેશ પ્રાપ્ત કરવા માટે પાત્ર છો તો આટલા બધા લાંબા સમયની શી આવશ્યકતા છે ? એટલે કે તમે પાત્ર તો છો જ નહિ અને બધાને કેદી બનાવો છો, બ્રાહ્મણોને અને ઋષિઓને. તમારી તો અહીં તૈયારી જ નથી અને છતાં કહો છો કે 'મને જ્ઞાન આપો.' કોઈ હાથમાં ચાળણી લઈને આવે અને કહે કે આમાં દૂધ નાખી દો. તો તેમાં દૂધ રહેશે નહિ, નીકળી જશે. દૂધ રહે તે માટે તો પાત્ર

હોવું જઈએ. દૂધ તો પાત્રમાં રહે છે. તમે પાત્ર તો છો નહિ અને ઊલટો દોષ દો છો બ્રાહ્મણોને. આ તમારો અન્યાય છે.'' રાજાએ કહ્યું : ''તો શું કરવું જોઈએ ?'' અષ્ટાવક્રે કહ્યું, ''પહેલાં તો તમે પાત્ર બનો. પાત્ર બન્યા પછી પ્રશ્ન કરો. ત્યારે જો હું તમને એટલા સમયમાં જ્ઞાન ન આપી શકું તો તમે મને કેદી બનાવી દેજો.'' રાજાએ વિચાર્યું વાત તો સાચી છે. તે બોલ્યો, ''મહારાજ, આપ જ મને પાત્ર બનાવો.'' અષ્ટાવક્ર કહે, ''પાત્ર બનાવવામાં તો સમય લાગશે. પાત્ર બનાવ્યા પછી તો વાર લાગવાની વાત જ નથી.'' રાજાએ કહ્યું : ''મહારાજ, આપની શી આજ્ઞા છે ?'' ત્યારે અષ્ટાવક્ર કહે, ''પ્રથમ તો તમે જે નિરપરાધી એવા બ્રાહ્મણોને કેદી તરીકે રાખ્યા છે તેમને છોડી મૂકો. પછી પાત્ર બનવાનો પ્રયત્ન કરો. ત્યાર પછી તમને જ્ઞાન બતાવીશ. એક ક્ષણનું જ કામ છે.'' રાજાએ તે પ્રમાણે કર્યું કે જે પ્રમાણે અષ્ટાવક્રે કહ્યું હતું.

અષ્ટાવક્રે રાજા જનકને જે જ્ઞાનનો ઉપદેશ આપ્યો તેનું નામ છે 'અષ્ટાવક્ર ગીતા.' તેમાં એવું બતાવવામાં આવ્યું છે કે જો આપણે ભગવાનની પ્રાપ્તિનાં પાત્ર બની જઈએ તો પરમાત્માની પ્રાપ્તિમાં કોઈ વિલંબ છે નહિ. જેવી રીતે વીજળી સારી થઈ જાય તો બટન દબાવવાની સાથે બલ્બ ચાલુ થઈ જશે, એક મિનિટનો પણ વિલંબ નહીં થાય. જે વિલંબ છે તે વીજળીના ઠીક થવામાં જ છે, આપણી તૈયારી કરો. તૈયારી થઈ ગયા બાદ તો જ્ઞાન એક ક્ષણ માત્રમાં થઈ શકે છે. તેમાં વિલંબ થઈ શકતો નથી. આ વાત તો મેં આપ લોકોને સમજાવવાને માટે એક કથાના રૂપમાં કહી.

વાત એ હતી કે એક ક્ષણમાં ભગવાન કેવી રીતે મળે ? તો હું કહું છું કે આપણે લોકો પાત્ર થઈ શકીશું તો ભગવાન મળી જશે.

પાત્ર બનવાની ચેષ્ટા કરવી જોઈએ. ભગવત્ પ્રાપ્તિનું પાત્ર બનવાનો ઉપાય તો એ કે "પરમાત્માને સઘળી જગા જોવા." અગર આપણી બધી જગાએ ભગવદ્‌બુદ્ધિ થઈ જાય તો પરમાત્માની પ્રાપ્તિ તરત જ થઈ શકે છે. ભગવાન કહે છે–

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

(ગીતા-૭/૧૯)

ઘણા જ જન્મો પછી–બધું વાસુદેવ અથવા પરમાત્માનું સ્વરૂપ છે–આ પ્રકારે અનુભવ કરનારા મહાત્મા છે અને તે ઘણા દુર્લભ છે.

એથી પહેલાં તો એ સમજવું જોઈએ કે સંસારમાં જે કાંઈ પણ છે તે બધું ભગવાનનું છે. ત્યારે જ ભગવત્ પ્રાપ્તિ થશે. આ સિદ્ધાંત અનુસાર સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ રાખનારા કૂતરામાં પણ ભગવદ્‌બુદ્ધિ થઈ જાય છે. જોકે કૂતરામાં ભગવદ્‌બુદ્ધિ થવી કઠિન છે, કારણ કે તે એક તો જાતે જ અપવિત્ર છે અને અપવિત્ર વસ્તુનું ભક્ષણ કરે છે તથા તેનામાં અપવિત્ર વસ્તુ જ ભરેલી છે. છતાં પણ તે પરમાત્મા છે, તેને માટે પણ આપણી ભગવદ્‌બુદ્ધિ થવી જોઈએ. પરંતુ જે સ્વયં પરમાત્મા છે અથવા જે ભગવત્પ્રાપ્ત પુરુષ છે તથા જે જિજ્ઞાસુ છે-પરમાત્માની પ્રાપ્તિ ને અર્થે સાધન કરવા માટે તત્પર છે–તેમનામાં પણ આપ તેમનાં છિદ્રો જોતા રહો છો, તેમનામાં દોષ બુદ્ધિ રાખો છો તો આપનું આટલું જલદીથી કલ્યાણ કેવી રીતે થશે ?

ભગવાન તો કહે છે, "બધામાં ભગવદ્‌બુદ્ધિ કરો," પરંતુ આપ નથી ભગવાનમાં એવું કરતા કે ન તો મહાત્માઓમાં તથા ન જિજ્ઞાસુઓમાં. ભગવદ્‌બુદ્ધિ તો બધામાં રાખવી જોઈએ. જો એવું ન થઈ શકે તો એમાં તો અવશ્ય કરવી જ જોઈએ કે જે સાક્ષાત્ ભગવાન

છે તેમાં અને મહાત્મા પુરુષમાં તથા ઉચ્ચકોટિના જે સાધક છે તેમનામાં. તે લોકોમાં પણ આપલોકોની જે બુદ્ધિ છે તે ઉચ્ચ કોટિની નથી, ભગવદ્બુદ્ધિ નથી. તેમના ગુણોની તરફ પણ આપ ખ્યાલ રાખતા નથી. દિવસભર તેમના અવગુણોની જ ચર્ચા કરતા રહો છો. ભલા, બતલાવો કે ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થશે ! એ ઘણી જ મુશ્કેલ વાત છે.

હા, તો મેં જે સાધકને એ વાત કહી કે અમુક મનુષ્ય કહે છે કે અમને ભગવાનની પ્રાપ્તિ થઈ નહિ અને અમે પણ માનીએ છીએ કે નથી થઈ. એમના કેટલાક અવગુણ છે. તેઓ ક્યારેક ક્યારેક ચિડાઈ જાય છે, જેથી એમનામાં ક્રોધનો, લોભનો કાંઈક દોષ થઈ જાય છે, તો આપણે ટીકા-ટિપ્પણી કરીએ છીએ. માની લો જેવી રીતે હું કહું કે આવેલા આદમીઓની મહેમાનગતિ કરવાવાળા આ જે સજ્જન છે તેનામાં આપણે દોષ બુદ્ધિ કરીએ છીએ, એવી સ્થિતિમાં જો કોઈ પણ ભાઈમાં અવગુણ છે તો આપણે એના અવગુણો તરફ નહિ જોવું જોઈએ, તેના ગુણોની તરફ જોવું જોઈએ. જ્યારે એવું થઈ શકશે ત્યારે આપણે લોકો લાભ લઈ શકીશું. આપણે જો અવગુણ જ જોવામાં રહી જઈશું તો આપણા હૃદયમાં અવગુણ જ અવગુણ એકઠા થઈ જશે. આપણા ઘરમાં મેલું જ એકઠું થઈ જશે. આપણા ઘરમાં પહેલેથી જ ઘણું મેલું એકઠું થઈ રહ્યું છે, અને ગામનું મેલું વળી બીજું ભેગું થઈ જશે તો ઉદ્ધાર થવાનો તો દૂર રહ્યો, પતનની તરફ જ જઈશું. એક વ્યક્તિએ મને ફરિયાદ કરી કે આ જે ઓરડો (સત્સંગીઓ માટે રૂમ) આપે છે તેથી અમુકને વાંધો છે. વાત તેમની એકદમ સાચી છે. કોઈ ફરક નથી. મેં કહ્યું : "વાત એવી છે કે

આ કામ તારી જવાબદારી પર લગાવી દેવામાં આવે તો મને વિશ્વાસ છે કે એથી પણ અધિક દોષ તારામાં આવશે. અને જો વિશ્વાસ ન હોય તો આજથી એ કામ તમારી જવાબદારી પર લઈ લો. અને તેમનાથી વધારે સારું કરીને બતાવો. દોષ બતાવવો તો સહેલી વાત છે. કારણ કે ક્રિયામાં દોષ તો આપણે શ્રીરામ અને શ્રીકૃષ્ણમાં પણ કરી શકીએ. વાસ્તવિકતા એ છે કે લોકો મારી સંમતિ પ્રમાણે જ લોકોને જગા આપે છે. વ્યવહાર ક્યાંય બગડી જાય છે તો તેઓ પણ ઈચ્છતા નથી અને હું પણ ઈચ્છતો નથી. અને ભગવાન તો ઈચ્છે જ કેમ ? પરંતુ ક્યાંક ક્યાંક એવી વાત થઈ જાય છે. આવનાર વિચારે છે કે શેઠજી તો ભલા આદમી છે, પરંતુ આ જ ચોર છે. એવી સ્થિતિમાં કઠિનતા આવી જાય છે. અને બીજા કોઈ તેના સ્થાનમાં હોય તો તેને માટે પણ કઠિનાઈ થશે. મારા મનમાં તો એ ભાવ રહે છે કે ભગવાન જેવી રીતે રાજી રહે તેવી રીતે હું બધાને રાજી રાખું. અને તેમને એ ભાવ રહે છે કે જેથી હું રાજી રહું તેવું જ કરું. તો તેમાં જે દોષ લગાવ્યો તેને હું સમજું કે મારા ઉપર જ લાગી ગયો. તે ઈચ્છે તો મારા ઉપર જ લગાવે અગર ચાહે ભગવાન પર લગાવે.

મારું તો એ કહેવું છે દોષબુદ્ધિ કોઈનામાં રાખવી નહિ. જો કોઈને સમજાવવો હોય તો તેના ગુણની અધિક પ્રશંસા કરો અને અવગુણ ઓછા બતાવો. પહેલાં તેના ગુણ બતાવો કે આપ કેવી સુંદર સેવા કરી રહ્યા છો ? સત્સંગ છોડીને આપ કાર્ય કરી રહ્યા છો. આપ આખો દિવસ કાર્યમાં રત રહો છો. જેટલા પણ તેમનામાં ગુણ જોવામાં આવે તેટલા કહી દો. પછી તો તે જાતે જ પૂછશે કે ભાઈ, આપ મારા માટે શું કહો છો ? મારામાં કોઈ ખામી હોય તો તેને બતાવો.

ત્યારે કહો, ત્રુટિ તો શું સમજું ? પરંતુ તમે પૂછી રહ્યા છો તો હું બતાવું છું. તમે જે અમુક કાર્ય કર્યું, એમાં મને આ ભૂલની ખબર પડી. જો એવું ન કરીને આ પ્રકારે કરત તે ઘણું વધારે સુગમ થાત. તો તેઓ પણ આ વાતનો સ્વીકાર કરશે કે ઠીક છે, આ વાત તે વખતે મારા હૃદયમાં આવી નહિ. હવે પછી એવું જ કરીશ. અને તે વાતની શિખામણ એને લાગશે અને તે વિચારશે કે આ મારો પોતાનો છે. તો વાત એ છે કે જો કોઈને શિખામણ આપવાની હોય તો પહેલા તેના ગુણની વાત કહેવી જોઈએ. પછી જો તે પૂછે તો તેની ખામીઓ દેખાય તો તેને નમ્રતાપૂર્વક પ્રેમથી કહેવી જોઈએ. એવું કરવાથી તેના પર અસર પણ થશે અને એની સુધારણા પણ થશે.

ભગવાનની પ્રાપ્તિ માટે ભગવાનના સ્વરૂપ વગેરેના શ્રવણ-મનનમાં આપણું ચિત્ત, આપણી બુદ્ધિ અને ઇન્દ્રિયો લગાવી દેવી જોઈએ. સાથે જ ઉત્તમ કર્મ પણ કરતા રહેવું જોઈએ. તીર્થોમાં આવીને ઉત્તમ આચરણ કરવું જોઈએ. જેવું કે, દાન, તપ, યજ્ઞ, ગરીબ-દુઃખીઓની સેવા વગેરે. મંદિરોમાં દેવતાઓનું દર્શન કરવું જોઈએ. ઉપવાસ તથા વ્રત કરવાં જોઈએ. યમ-નિયમોનું પાલન કરવું જોઈએ. એ બધાં ઉત્તમમાં ઉત્તમ કાર્ય છે.

યમ પાંચ પ્રકારનાં હોય છે : (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. અહિંસાનો અર્થ એ છે કે કિંચિત્માત્ર પણ ક્યારે પણ કોઈને કોઈ નિમિત્તથી દુઃખ પહોંચાડવું નહિ. કોઈના પણ આત્માને ક્યારે પણ કષ્ટ પહોંચાડવું નહિ. મનથી, વાણીથી, શરીરથી કોઈ પણ પ્રકારે કદી કોઈ પણ જીવને જરા પણ કષ્ટ ન આપવું. તેનું નામ છે—અહિંસા.

આ પ્રકારે 'સત્ય' બોલવાનું તાત્પર્ય છે—જે વાત જેટલી સાંભળી કે જેટલી જોઈ અથવા જેટલી સમજાઈ તેટલી કહેવી અને તેવીને તેવી જ કહેવી. ન ઓછી કહેવી કે ન વધારે કહેવી. એનો ખ્યાલ રાખવો જોઈએ કે મારા સત્યપાલનમાં કોઈની હિંસા ન થઈ જાય. સત્ય વચન બોલતી વખતે તેના હિતની અને પ્રિય વાત કહેવી. ઓછું બોલવું.

'અસ્તેય'નો અર્થ છે—કોઈ પણ પ્રકારની ચોરી ન કરવી. બીજાના દ્રવ્યની ન તો ઠગાઈ કરવી, ન નજર બચાવીને લેવું, ન ધાડ પાડવી, કે ન જબરદસ્તી કરવી. કોઈ પણ પ્રકારથી કોઈનું ધન ન લેવું. સાધુ અને બ્રાહ્મણને આવશ્યક વસ્તુઓ – જેવી કે અન્ન, વસ્ત્ર, પુસ્તક વગેરે જે કોઈ આપે તો તેઓ લઈ શકે છે. તે ચોરી નથી. ચોરી તો એ છે કે કોઈની નજર ચૂકવીને લઈ લે, કોઈના પર દબાણ કરીને લઈ લે કે ફોસલાવીને લઈ લે અથવા કોઈ બીજાનો જે હક હોય તેનું હરણ કરી લે. એવું કદી પણ કરવું નહિ, તીર્થોમાં તો કરવું જ નહિ.

બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરવું. કોઈ પણ રીતે આપણા વીર્યનું નુકસાન નહિ કરવું. પુરુષોએ સ્ત્રીઓથી અને સ્ત્રીઓએ પુરુષોથી સંયમ રાખવો. પુરુષોએ સ્ત્રીઓનું ન તો દર્શન કરવું, ન સ્પર્શ કરવો. ન તો અશ્લીલ વાત કરવી, કે ન તો એકાંતવાસ અને ન તો રમણ કરવું. કોઈ પણ પ્રકારથી સંબંધ ન જોડવો. જો ખૂબ જ જરૂરી વાત હોય તો, ભગવદ્ વિષયની વાત હોય તો માતા તથા બહેન સમજીને વાત કરી શકાય.

પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ. 'ભવિષ્યને માટે કોઈ પ્રકારે એશ-આરામનો, ભોગ-વિલાસનો, વસ્તુઓનો સંગ્રહ કરવો યોગ્ય નથી.' એવો વિચાર કરીને એનો ત્યાગ કરી દેવો જોઈએ. કેવળ

પોતાના શરીરના નિર્વાહ પૂરતો જ. ભગવાન કહે છે–

"निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥"

(ગીતા-૪/૨૧)

જીતી લીધું છે અંતઃકરણ અને શરીર જેણે તથા ત્યાગી દીધી છે જેણે સંપૂર્ણ ભોગની સામગ્રી એવો આશારહિત પુરુષ કેવળ શરીર સંબંધી કર્મ કરતો પાપને પ્રાપ્ત થતો નથી.

કેવળ શરીરના નિર્વાહ અર્થે સત્ કર્મ કરતા પુરુષને કદી પાપ પ્રાપ્ત થતું નથી. શરીરના સુખ માટે ભોગ-દૃષ્ટિનો ત્યાગ કરવો જોઈએ. એશ-આરામની દૃષ્ટિએ સંસારના પદાર્થોનો સંગ્રહ કરવો તેને પરિગ્રહ કહેવામાં આવે છે. પરિગ્રહનો ત્યાગ કરવો તે સંગ્રહનો ત્યાગ કરવો છે. આ પાંચ પ્રકારના 'યમ'નું સારી રીતે પાલન કરવું.

'નિયમ' પાંચ છે. તે નિયમોને તીર્થોમાં આવીને ધારણ કરવા. પહેલો નિયમ છે. 'શૌચ' (બાહ્ય અને આંતરિક પવિત્રતા). બહારની પવિત્રતા ગંગાજળ, માટી અને શૌચ-આચાર–સદાચારથી થઈ જાય છે. સદાચારનો મતલબ એ છે કે બધાંની સાથે ઉત્તમ વ્યવહાર થાય. સદાચાર અને પવિત્ર ભોજન કરવું તે બહારની પવિત્રતા છે. આહાર, વ્યવહાર અને સ્નાન વગેરે દ્વારા પોતાને શુદ્ધ રાખવા. હવે અંદરની પવિત્રતા છે–કામ, ક્રોધ, લોભ, રાગ-દ્વેષ વગેરે જે ઘણા દોષ–પાપ અંદર એકઠાં થઈ રહ્યાં છે, તે બધાંનો નાશ કરવો. તેનું નામ છે, "શૌચ".

બીજો છે "સંતોષ". પોતાની ઈચ્છાથી કે બીજાની ઈચ્છાથી અથવા ઈશ્વરની ઈચ્છાથી જે કાંઈ પ્રાપ્ત થઈ જાય તો બસ તેમાં જ

આનંદ માનવો તેનું નામ 'સંતોષ' છે. "यदृच्छालाभसंतुष्टो०" (ગીતા-૪/૨૨) બાળક પેદા થયું તો આનંદ અને છોકરો મરી ગયો તો આનંદ. લાખ રૂપિયા ચાલ્યા ગયા તો આનંદ, લાખ રૂપિયા આવ્યા તો આનંદ. શરીરમાં બિમારી આવી તો આનંદ, ગઈ તો આનંદ. તાત્પર્ય એ છે કે હરિ-ઈચ્છાથી જે કાંઈ પણ આવીને મળી જાય બસ તેમાં જ આનંદ માનવો, તેનું નામ છે 'સંતોષ.'

ત્રીજું છે "તપ". તેનો અર્થ છે, ઈન્દ્રિયોને વશમાં રાખવી, મન તથા બુદ્ધિને સંયમિત કરવી. એકાદશી અને પૂર્ણિમાનું વ્રત કરવું. સમય-સમય પર ઉપવાસ કરવો તેને પણ તપની અંતર્ગત જ માનવામાં આવે છે. ભારેમાં ભારે આપત્તિ આવે તો પણ પોતાના ધર્મનો ત્યાગ ન કરવો તે તપ છે. ધર્મના પાલનરૂપ તપ દ્વારા મન, ઈન્દ્રિયો, વાણી તથા શરીરને શુદ્ધ બનાવવાનાં હોય છે. જેવી રીતે સોનાને અગ્નિમાં તપાવવામાં આવે છે તો તે સોનું શુદ્ધ થઈ જાય છે. તેમાંથી ખોટ નીકળી જાય છે અને માત્ર સોનું જ બાકી રહે છે. તે પ્રકારે આપણું મન, આપણી ઈન્દ્રિયો અને બુદ્ધિ—એ બધાં દૂષિત થઈ રહ્યાં છે. એટલા માટે ધર્મ-પાલન તપ દ્વારા તપાવીને તેમને સોના જેવા બનાવાનાં છે. ધર્મને માટે કષ્ટ સહન કરવું તે તપ છે. ગીતા, રામાયણ, મહાભારત જેવા ધાર્મિક પુસ્તકોનો દરરોજ કલાક-અર્ધોકલાક સ્વાધ્યાય કરવો, અધ્યયન કરવું, તેને સ્વાધ્યાય-જપ કહેવામાં આવે છે. ઈશ્વર-પ્રણિધાનનો ભાવ છે, ઈશ્વરની ભક્તિ. ઈશ્વરને પ્રત્યેક ક્ષણે યાદ રાખવા. ભગવાનના સ્વરૂપને, ભગવાનના નામને પ્રતિક્ષણ ધ્યાનમાં રાખવું. ભગવાનનું ધ્યાન કરતી વખતે ભગવાનના ગુણોને અને તેમનાં

ચરિત્રોને યાદ કરવાં.

જ્યારે એકાંત સમય મળે ત્યારે ભગવાનના નામના ગુપ્ત રૂપથી માનસિક જપ કરો અને તેને પ્રકાશિત ન કરો. નિત્ય-નિરંતર નિષ્કામભાવથી કરવામાં આવેલા જપ ઘણા મૂલ્યવાન છે. આ બતાવવામાં આવેલી તપની વાતોને તીર્થોમાં આવીને અવશ્ય રીતે પાળવી. પિતૃઓના ઉદ્ધારને માટે પ્રત્યેક તીર્થોમાં જઈને તર્પણ અને પિંડદાન કરવાં. બદરિકાશ્રમમાં એક 'બ્રહ્મકપાલ' તીર્થ છે. કહેવામાં આવે છે કે ત્યાં પિંડ-દાન કરવાથી પિતૃઓનો ઉદ્ધાર થઈ જાય છે. એવી રીતે પ્રત્યેક તીર્થોમાં જઈને ક્ષૌર-કર્મ કરાવવું, પિતૃઓને જળ-તર્પણ કરવું, પિંડ દાન આપવું તે ઘણી જ ઉત્તમ વાત છે. આપણાથી બની શકે તો પ્રત્યેક તીર્થમાં જઈને 'યજ્ઞ' કરો. ભલે પાંચ જ રૂપિયા ખર્ચ કરો. દાન પોતાની શક્તિ અનુસાર કરવું. જેમ કે કોઈ ભૂખ્યું હોય તો તેને અન્ન આપવું, વસ્ત્રહીનને વસ્ત્ર આપવું, વિદ્યાર્થીઓને ગીતા, રામાયણ વગેરે પુસ્તક આપવામાં આવે. બિમાર વ્યક્તિને દવા આપવામાં આવે. તાત્પર્ય એ છે કે જે જેને પાત્ર હોય તેને તે ચીજ આપવામાં આવે. દાન સાત્વિક કરવું. ભગવાને ગીતામાં કહ્યું છે—

"दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥"

(ગીતા-૧૭/૨૦)

"હે અર્જુન, દાન આપવું જ કર્તવ્ય છે—એવા ભાવથી જે દાન દેશ, કાળ અને પાત્રને પ્રાપ્ત થવાથી પ્રતિ-ઉપકાર ન કરનારા માટે આપવામાં આવે છે, તે દાનને સાત્વિક કહેવામાં આવે છે."

એટલા માટે 'આપવું એ જ કર્તવ્ય છે'—એવું સમજીને દાન આપવામાં આવે. તેના બદલામાં કોઈ પણ પ્રકારની ઈચ્છા ન કરવી. પ્રતિ-ઉપકારની કામના તો કરવી જ નહીં. જેથી આપણું કોઈ પ્રયોજન ન હોય તેને દેશ, કાળ, પાત્ર અનુસાર નિષ્કામભાવથી આપવું, તથા કર્તવ્ય સમજીને આપવું. ઉત્તમ દેશ, ઉત્તમ સમય અને ઉત્તમ પાત્રને આ પ્રકારે સમજવાં જોઈએ—જો તીર્થસ્થાન હોય તો તે ઉત્તમ દેશ છે. અને તીર્થસ્થાનમાં પણ જો ગ્રહણનો સમય હોય, અમાવસ્યા હોય, વ્યતીપાત હોય તો ઉત્તમ કાળ છે. અને જેને દાન આપવામાં આવે તે પણ ગ્રહણ કરવાને પાત્ર હોય, જે વસ્તુને જે પાત્ર હોય તેને તે જ આપવામાં આવે. અહીં એક પ્રકારે મેં દેશ, કાળ અને પાત્રની વ્યાખ્યા બતાવી છે. બીજા પ્રકારની વ્યાખ્યા આ પ્રકારે છે—દાન તે દેશમાં આપવામાં આવે જ્યાં આપનારી કોઈ વ્યક્તિ છે નહિ અને ત્યાં આવશ્યકતા છે. જેમ કે પૂર આવ્યું, ધરતીકંપ થઈ ગયો, આગ લાગી ગઈ અને કોઈ વિપત્તિ ઉત્પન્ન થઈ ગઈ. ત્યાં આપનારા કોઈ છે નહિ તો તે દેશ પાત્ર છે. યોગ્ય કાળ તે છે જેવી રીતે કોઈ સમયે કોઈને કોઈ વસ્તુનો અભાવ છે, કોઈ ચીજ પેદા ન થઈ અને પ્રજા ભૂખથી મરી રહી છે, તો તે સમય એક પ્રકારે દાન આપવાનો સમય છે. અને પાત્ર એ છે કે જે દુઃખી છે, ભૂખ્યું છે, અનાથ છે, અભ્યાગત છે, લંગડું છે, કોઢવાળું છે, વિધવા સ્ત્રી છે, કમાવવાની શક્તિ છે નહિ, રોજગારી કરવા છતાં પણ ખાવા પૂરતું મળતું નથી, તેને દાન આપવું જોઈએ. તે દાન ગ્રહણ કરવાને પાત્ર છે. આ બીજા પ્રકારની દેશ, કાળ અને પાત્રની વ્યાખ્યા છે.

તીર્થમાં આવીને ઉત્તમમાં ઉત્તમ કાર્ય કરવું. મોટાઓનાં ચરણમાં નમસ્કાર કરવા. તથા તેમની સેવા અને આજ્ઞાનું પાલન કરવું

જોઈએ. જો પત્ની પતિને દેવ માનીને તેની પૂજા કરે, પરિવારની સેવા કરે, નમસ્કાર કરે, તો તે કેવળ પતિવ્રતાધર્મથી જ પોતાના પતિની સાથે ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. એવી જ રીતે જે છોકરાઓ છે તેઓ માતા-પિતાને નારાયણના સ્વરૂપ સમજીને તેમની સેવા કરે, તેમની આજ્ઞાનું પાલન કરે અને તેમનાં ચરણોમાં નમસ્કાર કરે તો સહજમાં જ તેમનો ઉદ્ધાર થઈ જાય. આ પ્રકારે ભગવાનની ભક્તિ કરવી જોઈએ. પોતાના ગુરુની, મહાત્માઓની તન, મન અને વાણીથી સેવા કરવી જોઈએ. જો એ સેવા નિષ્કામભાવથી કરે તો ગમે તેવો પણ પાપી કેમ ન હોય, તેનો શીઘ્ર ઉદ્ધાર થઈ જાય.

અહીં સુધી મેં એક વાત તો કરી યજ્ઞ, દાન વગેરે કર્મોની તથા બીજી વાત કરી ભગવાનની ભક્તિની અને ત્રીજી વાત કરી તપસ્યાની. તાત્પર્ય એ છે કે મન અને ઈન્દ્રિયોનો જે વ્યાપાર છે તેનો સંયમ કરવો. અને કર્મોનો ત્યાગ કરવો અર્થાત્ તેને અક્રિય બનાવીને કષ્ટ સહન કરીને તપસ્યા કરવી. આ પ્રકારે કર્મોનાં ફળનો ત્યાગ તથા શરીર દ્વારા ખૂબ કાર્ય કરવું. કર્મ-અનુષ્ઠાનનાં એ બે ભેદ થઈ ગયા— નિષ્કામ કર્મ અને ઉપાસના.

ઉપાસના ભક્તિનું નામ છે. ભાવ એ છે કે ઈશ્વરની ભક્તિ કરવી એટલે જ્ઞાન અને વૈરાગ્ય દ્વારા ભોગોનો ત્યાગ કરીને પરમાત્માના સ્વરૂપનું વિવેક-બુદ્ધિથી જ્ઞાન પ્રાપ્ત કરવું. બધા જ નિયમો કલ્યાણ કરનારા છે. દાન કરતાં ઈશ્વરની ભક્તિ વધારે ઉત્તમ છે. એક ભાઈએ દાનમાં સો રૂપિયા આપ્યા અને એ રૂપિયાનું અનાજ મગાવીને સાધુઓને દાન આપી દીધું અથવા વસ્ત્ર મંગાવીને આપી દીધા, જોડા મંગાવીને આપી દીધા અથવા બદરિકાશ્રમ જનારા

ભાઈઓને એ બધું જ મગાવીને આપી દીધું. બીજા ભાઈએ સો રૂપિયાનો સામાન મંગાવ્યો અને સાધુઓની કુટિરોમાં જઈ જઈને, શોધી શોધીને પાત્રને જોઈ જોઈને આપ્યું તથા શરીરથી મહેનત કરી. તો સો રૂપિયા કરતાં તે વધારે મહત્તમ છે. અને એથી પણ વધારે લાભ ભગવાનની ભક્તિ કરનાર અથવા ભજન કરનારને છે. માનો કે એક આદમીએ લાખ રૂપિયાનું દાન કરી દીધું. અને એક આદમીએ એક દિવસ ભગવાનનું ભજન અને ધ્યાનમાં મન લગાવ્યું. એક દિવસની તો વાત જ શી, અગર એક કલાક પણ મન લગાવી ભજન-ધ્યાન કરી લે તો તેને મુકાબલે ન હજાર રૂપિયા છે, ન લાખ રૂપિયા છે. કોઈ ભાઈ આવનાર ભાઈને માટે મકાન બનાવી આપે, ઓરડો બનાવી આપે, તેને રહેવાની વ્યવસ્થા કરી આપે, સમજો કે એ જે પુણ્ય છે, ધર્મ છે, લોકોની સેવા છે, એ પણ નિષ્કામભાવે કરવાથી મુક્તિ અપાવનારી છે. પરંતુ ભગવાનનાં ભજન અને ધ્યાનની બરાબર છે નહિ.

આપ લોકોને કહેવામાં આવે છે કે આપ લોકો જ્યારે અહીં સત્સંગમાં આવ્યો ત્યારે પૈસાનો વધારે ખર્ચ ન કરો, કારણ કે જે વધારે પૈસા ખર્ચ કરે છે તે વારંવાર સત્સંગમાં આવી શકતા નથી. કારણ કે તેમનાં ઘરવાળાં કહે છે કે તીર્થોમાં ગયા અને કેટલો બધો ખર્ચ કરીને આવ્યા, પાંચસો રૂપિયા ખર્ચ કરીને આવ્યા. બીજી વખત જવા માટે કહ્યું તો તેમણે કહ્યું ભાઈ, એક વખત જવામાં ઓછામાં ઓછા પાંચસો રૂપિયાનો ખર્ચ થશે. આપણો ધંધો પણ સારો ચાલતો નથી એટલા માટે ઘરમાં જ બેસીને શા માટે ભજન ન કરી લઈએ, તીર્થોમાં જઈને જ ભજન શા માટે કરીએ શું નારાયણ ત્યાં જ બેઠા છે ? ત્યાં

જવામાં દસ રૂપિયા, આવવામાં દસ રૂપિયા અને ત્રીસ રૂપિયા બેમાસ ખાવાના, કુલ પચાસ રૂપિયા લાગશે તો ઘરના લોકો કહેશે કે કોઈ વાંધો નહિ, અહીં પણ પચાસ રૂપિયા ખર્ચ થઈ જાય છે. તો તે કહેશે— ભલે, પ્રતિદિન શરીર વૃદ્ધ થઈ રહ્યું છે, તીર્થમાં જવું જ જોઈએ, તીર્થમાં જવું તે સારી વાત છે. તો પછી બોલશે કે હા, તમે તો વૃદ્ધ થઈ ગયા અને તમારા હાથે ખર્ચ પણ ઓછું થાય છે. તો તમે ભલે સદાને માટે તીર્થમાં જ રહો. તો આટલું કહેવાનો નિષ્કર્ષ એ છે કે અહીં આવીને વધારે ખર્ચ કરવો ન જોઈએ. ફરીથી આપને અહીં આવવાનું છે. આવવાનું મન કરે તો તમારી શક્તિથી વધારે ખર્ચ કરવો નહીં. માનો કે કોઈ ભાઈ ઉપર દેણું છે, તો માથા પર ઋણ હોય અને તીર્થ કરશો તો દેવું વધશે. બીજાના પૈસાથી તીર્થ-યાત્રા કરવી ઠીક નથી. ગંભીરતાથી વિચાર કરીને જુઓ—આપણા ઘરમાં પુંજી તો છે નહિ, જેટલા પૈસા છે તે બીજાના હકના છે તો તેમાંથી ખર્ચ કરે છે એ તો બીજાના પૈસાનું ખર્ચ કરે છે. એવી વ્યક્તિએ યાત્રા ન કરવી જોઈએ, કોઈ કોઈ વ્યક્તિ તીર્થ-યાત્રા કરે છે તો તે તીર્થમાં બીજાનાં પૈસા લઈ લે છે, ઉધાર લઈને દાન કરે છે; તો બીજાના પૈસાથી તીર્થયાત્રા કરવી એ ઘણી જ નીચલા દરજ્જાની વાત છે. કદાચ તમે પૂછો કે કોઈ બ્રાહ્મણ હોય, સાધુ હોય અને તેમની પાસે પૈસા ન હોય તો તેમને માટે શું આ નીચા દરજ્જાની વાત છે ? તો તેમને માટે બે વાત છે. યાચના કર્યા વિના જો કોઈ આપી દે અથવા એમને તીર્થ-યાત્રા કરાવી દે તો તે બ્રાહ્મણને માટે અને સાધુને માટે અમૃત સમાન છે. અને જો તે માગણી કરે તો તે તેના માટે નિંદનીય છે. તમે માગો, પણ બીજા બધાને માટે, પોતાને માટે નહિ. અને માગ્યા વિના જો કોઈ


તીર્થયાત્રા કરાવી દે, તો તે તેને માટે પાપ નહિ, અમૃતની સમાન છે. એ જ રીતે દાન પણ અમૃત સમાન છે જે માગ્યા વિના આપી દે. માગવાનું તે છે જેમકે ફાળો ઉઘરાવો. જેવી રીતે એક આદમીએ ફંડ માટે રૂપિયા માગ્યા અને કહ્યું; "તું તો લખપતિ છે. તમારે તો ઓછામાં ઓછા પાંચ સો રૂપિયા આપવા જોઈએ." તેણે કહ્યું : "નહીં, મારી તો આટલી ઈચ્છા છે." તેણે કહ્યું : "નહિ, હું પણ વાણીયાનો બેટો છું, પાંચ સો રૂપિયા લઈને જઈશ." તેણે કહ્યું : "નહિ, બસો રૂપિયા લઈ જા." છેવટે ત્રણ સો રૂપિયામાં સોદો પૂરો થયો. તો આ જે દાન છે તે એક પ્રકારનું તામસી દાન છે, આપવું તો પડે છે, અમારે પણ આપવું પડે છે. પરંતુ તે તામસી દાન છે. કહેવાયું છે :

**વણમાગ્યું તે દૂધ બરોબર, માગ્યું તે તો પાણી,**
**ખેંચાતાણી રક્ત બરોબર એ સંતોની વાણી.**

તો આવા લેણા-દેણા લેનારાને માટે પણ વિષ સમાન છે અને દેનાર માટે પણ વિષ સમાન છે. બંનેને માટે તે નિંદનીય છે. જેવી રીતે તીર્થમાં આવીને જો કોઈ પુણ્ય કરે તો તેનું અનંતગણું થાય છે. તેવી રીતે જો તીર્થોમાં આવીને કોઈ પાપ કરે તો તે પણ અનંત થઈ જાય છે. તીર્થોમાં એવી શક્તિ છે કે તે બધાંને અનંત કરી દે છે. કોઈ ભાઈ તીર્થમાં આવીને જો ચોરી કરે, વ્યભિચાર કરે, જૂઠું બોલે, મદ્ય પીએ, જુગાર ખેલે તો તેનું અનંત થઈ જાય છે. જેવી રીતે ગંગાનું ધ્યાન કરવાથી, તેમાં સ્નાન કરવાથી, તેનું પાન કરવાથી તથા દર્શન કરવાથી બધાં જ પાપ નાશ પામે છે. તેવી રીતે ગંગામાં કોઈ મલ-મૂત્રનો ત્યાગ કરે, તો તે ભયંકર નરકમાં જાય છે. કોઈ અન્ય સ્થાન

પર જાજરુ જાય તો એટલું પાપ છે નહિ, પરંતુ ગંગામાં ગંદુ કરે તો તે ઘણા જ પાપની વાત છે. અહીં આવીને ગંગાથી ઘણા જ દૂર જઈને જાજરુ-પેશાબ કરવાં. ગંગાના કિનારે દાતણ ન તો કરવું, કે ન કોગળા કરવા, કે ન ધોતિયું ધોવું. ધોતિયાનું પાણી કિનારે આવીને નીચોવવું. પરંતુ એ ધ્યાન રાખવું કે તે નીચોવેલું પાણી ગંગામાં ન ચાલ્યું જાય.

ગંગાજીમાં સ્નાન કરતાં પહેલાં ગંગાજીનું ધ્યાન કરવું, દંડવતપ્રણામ કરવા, પછી પુષ્પ ચડાવીને ગંગાજીનું પૂજન કરીને સ્નાન કરવું. કારણ કે ગંગાજીમાં સ્નાન કરવાનું ઘણું માહાત્મ્ય છે. એનાથી વિપરીત ગંગાજીમાં મળ-મૂત્રનો ત્યાગ કરવો ઘણું જ પાપ છે. જેવી રીતે કોઈ મહાત્મા પુરુષની સેવા કરવી પુણ્ય છે, પરંતુ તેમનો તિરસ્કાર કરવો એ ઘણું મોટું પાપ છે. જેવી રીતે તુલસી ક્યારામાં જળ નાખવું ઘણું જ પુણ્ય છે, પરંતુ તેમાં પેશાબ કરવો ઘણું મોટું પાપ છે. દરેક પ્રકારે આપે સમજી લેવું કે તીર્થોમાં આવીને કોઈ પણ પ્રકારનું પાપ ન કરવું. જો પુણ્ય ન મેળવો તો પાપ તો ન જ કરો. ભગવાનને પ્રાર્થના કરવી કે, "હે ભગવાન, જો અમારાથી કોઈ પુણ્ય ન થાય તો અમારાથી પાપ પણ ન થાય. આપ મારી રક્ષા કરો." આ રીતે તીર્થોમાં જઈને રહેવું. એથી શીઘ્ર પરા-ભક્તિની પ્રાપ્તિ થતાં ભગવદ્-પ્રાપ્તિનો માર્ગ પાકો થઈ જાય છે. અને જગદીશ્વર ભગવાન પ્રાપ્ત થઈ જવાથી તથા પ્રસન્ન થઈ જવાથી કાંઈપણ અલભ્ય નથી રહેતું અર્થાત્ બધું પ્રાપ્ત થઈ જાય છે.



# ૭. ભગવાનનાં ગુણ-પ્રભાવના તત્ત્વ-રહસ્યનું વર્ણન

ભગવત્તત્ત્વના રહસ્યને સારી રીતે સમજવાને માટે એક પ્રસંગ-કથા સંભળાવું છું, જે કદાચ લોકકથા અથવા કાલ્પનિક હશે.

એક પંડિત હતા. તેમનો જે છોકરો હતો તે ઘણો જ બદમાશ હતો. તેનામાં જૂઠ, કપટ, ચોરી, વ્યભિચાર વગેરે બધા જ અવગુણ હતા. તેના પિતાની પાસે ઘણા રૂપિયા હતા. તે શિવજીના ઉપાસક હતા. તેમની પાસે શિવજીનું એક મંદિર, પોતાનું મકાન અને બગીચો હતો. તે સિવાય તેમની પાસે એક લાખ રોકડા રૂપિયા હતા. અને તે સિવાય જે જમીન-જાગીર વગેરે હતી, તે પણ લગભગ એક લાખની સંપત્તિ હતી. તેમણે વિચાર્યું કે મારા મૃત્યુ પછી આ છોકરો મારા ઘરને બરબાદ કરી દેશે. તે આ સંપત્તિને પાત્ર છે નહિ પરંતુ આ જમીન અને સંપત્તિ તો રહેશે. તેને તો વેચી શકાશે નહિ. પરંતુ એક લાખ રોકડા રૂપિયા છે, તે તેને આપવા નથી. તેમણે તે રૂપિયાને ગુપ્ત રાખી દીધા.

છોકરાના ખરાબ આચરણને જોઈને તે હમેશાં દુઃખી રહેતા. જ્યારે તે મરવા પડ્યા ત્યારે તે રોવા લાગ્યા. છોકરો કહે : "પિતાજી, કેમ રડો છો ?" તેના પિતા બોલ્યા : "તારામાં જે દુર્ગુણ અને દુરાચાર છે તેમને જોઈને હું રડું છું. મારી જે સંપત્તિ છે, તેનો તું નાશ કરી નાખીશ." ત્યારે છોકરાએ કહ્યું : "આ તો મારા સ્વભાવનો દોષ છે. એ તો મારાથી દૂર થવો મુશ્કેલ છે. પરંતુ કોઈ એક વાત આપ મને બતાવી આપો કે તેને હું કામમાં લાવવાની ચેષ્ટા કરીશ" તો તેના પિતાએ એક મંત્ર શીખવાડી દીધો અને બોલ્યા : "જ્યારે તું

સ્નાન કરે ત્યારે આનો દરરોજ એક વખત પાઠ કર્યા કરજે. જો કોઈ મહાત્મા તને આનો સાચો અર્થ બતાવનાર મળી જશે તો તારી સાંસારિક દરિદ્રતા નાશ થઈ જશે.'' તેને તે મંત્ર શીખવાડી દીધો. અને તેણે તેને સારી રીતે મુખપાઠ કરી લીધો. તે મંત્રનો અભિપ્રાય એ હતો, "મારા છોકરામાં દુરાચાર ઘણા છે. એ સદાચારી બની જાય તો મારું જે ગુપ્ત ધન છે, તેને મહાત્મા પુરુષ બતાવી આપે. મેં એક લાખ રૂપિયા શિવજીના મંદિરના ઘુમ્મટમાં ચૈત્ર સુદ એકમે દિવસના બાર વાગે રાખ્યા છે. એનું જે રહસ્ય છે, તે જ્યારે આનામાં પાત્રતા આવી જાય ત્યારે મહાત્મા એને સમજાવે, એ વગર નહિ.''

તે છોકરો દરરોજ સ્નાન કરતી વખતે મંત્રનો પાઠ કરી લેતો. તેના પિતા મૃત્યુ પામ્યા. છોકરો તેમના મૃત્યુ પછી પાઠ કરતો જ રહ્યો. મંદિર સિવાય તેની સઘળી સંપત્તિ ઘણું કરીને નષ્ટ થઈ ગઈ. તે જુગાર, સટ્ટો રમતો હતો, તેમાં તે બરબાદ થઈ ગયો. પહેલાં તેનામાં ચોરી, લંપટતા, હિંસા, ભક્ષ્યાભક્ષ્ય બધી જ ખરાબ આદતો હતી, પરંતુ જ્યારે રૂપિયા ખતમ થઈ ગયા તો તે બધું જાતે જ બંધ થઈ ગયું. જુગારી પૈસા હોય તો જુગાર રમે. તે ઘણો જ દુઃખી થઈ ગયો. ન તો તેને ઉધાર મળતું હતું, ન તો માગવા છતાં તેને ભીખ પણ મળતી હતી. દુઃખથી દુઃખી થઈને તે રડી રહ્યો હતો. તેણે સ્નાન કર્યું અને સ્નાન કરીને સમય પ્રમાણે તે શ્લોકનો પાઠ કર્યો.

એક સારા વિદ્વાન મહાત્મા તેનો પાઠ સાંભળીને તેનું તાત્પર્ય સમજી ગયા. તેમણે કહ્યું, "તું જે આ પાઠ કરે છે, તેનો શું મતલબ છે ?'' છોકરો કહે, "મતલબ એ છે કે જ્યારે મારા પિતાજી મૃત્યુ પામ્યા તો તેમણે કહ્યું હતું કે આ શ્લોકનો તું નિત્ય પાઠ કરજે. આ શ્લોકથી તારી દરિદ્રતા દૂર થઈ જશે. પરંતુ જ્યારે તું દુરાચાર છોડી

દઈશ ત્યારે કોઈ મહાત્મા તને એનું તત્ત્વ-રહસ્ય સમજાવી દેશે.'' મહાત્મા બોલ્યા : ''એના તત્ત્વ-રહસ્યને તું સમજ્યો ?'' તો કહે, ''નથી સમજ્યો.'' ત્યારે મહાત્માએ કહ્યું, ''હું સમજી ગયો. તેનો સાર જે છે તે હું તને બતાવું છું. સાંભળ, તારા પિતાની પાસે રૂપિયા હતા ?'' છોકરો કહે, ''એક લાખ રૂપિયા રોકડા હતા.'' મહાત્મા કહે, ''મરતી વખતે તને આપ્યા નહિ ?'' તે બોલ્યો, ''નથી આપ્યા.'' તેમણે કહ્યું, ''જણાવ્યું નહી ?'' તેણે કહ્યું, ''જણાવ્યું પણ નથી.'' તેમણે કહ્યું, ''કેમ ?'' તે કહે, ''ખબર નહીં શા માટે ન બતાવ્યું ?'' મહાત્મા બોલ્યા; ''મને ખબર છે.'' તે કહે, ''તો મહારાજ, આપ બતાવી દો.'' મહાત્મા કહે : ''તારા પિતાજીની એ આજ્ઞા છે કે છોકરો જ્યારે પાત્ર થઈ જાય, દુરાચારને છોડી દે, ત્યાર પછી બતાવવું. તેનો તું શું અર્થ સમજ્યો ?'' તે કહે : ''હું એનો અર્થ સમજ્યો કે અમારું એક શિવજીનું મંદિર છે. તેનો જે ઘુમ્મટ છે, તેમાં પિતાજીએ લાખ રૂપિયા રાખ્યા છે. એવું સમજીને મેં તે ઘુમ્મટને તોડાવ્યો હતો. પરંતુ તેમાં એક પાઈ પણ મળી નહિ. ફરીથી તે ઘુમ્મટને જેવો હતો તેવો બનાવી નાખ્યો. તો મહાત્મા કહે, ''સારું કર્યું. જો ઘુમ્મટમાં હોત, અને એ અર્થ બરાબર હોત તો રહસ્યને અને તત્ત્વને સમજાવવાની શી જરૂર હોત ! એનું કોઈ તત્ત્વ-રહસ્ય છે અને તેને હું જાણું છું.'' આ સાંભળતાં જ તે છોકરો મહાત્માનાં ચરણમાં ઢળી પડ્યો. બોલ્યો, ''આપ જાણો છો તો હું ઘણો જ દુઃખી છું. મારા માથે દેવું પણ થઈ ગયું. સંપત્તિ તો બધી જ નાશ પામી. અને આ મંદિરનું તો પિતાજી ટ્રસ્ટ બનાવી ગયા અને તેને ધર્માર્થ કરી ગયા. મંદિર તો ધર્માર્થ હોય જ છે. બસ અત્યારે તો એ બચ્યું છે, જેનો મારી પાસે કોઈ ઉપાય નથી, અને કાંઈ પણ સંપત્તિ પણ નથી. મને અત્યારે ન તો કોઈ ઉધાર આપે છે કે ન તો ભીખ ? માર્યો-માર્યો

ફરું છું, ઘણો જ દુઃખી છું.'' મહાત્મા કહે, ''હું તને બતાવી દઉં. પરંતુ તારામાં જે દુર્ગુણ અને દુરાચાર છે, તેને તું છોડી દે.'' તે કહે, ''મહારાજ, હું છોડી દઈશ.'' મહાત્મા કહે, ''પહેલાં બતાવીશ નહિ, પહેલાં તું છોડી દે.'' તેણે કહ્યું, ''તો આપને મારો વિશ્વાસ કેવી રીતે આવશે ?'' ત્યારે મહાત્મા કહે, ''તું આખું વર્ષ આનો સંયમ રાખ અને પછી હંમેશને માટે પ્રતિજ્ઞા કર.'' છોકરો કહે; ''સારું.''

એક વર્ષ પછી તે ફરી મહાત્માને મળ્યો અને બોલ્યો, ''મહારાજ, હવે મેં એ બધું જ છોડી દીધું છે. મારામાં વ્યભિચારનો જે દોષ હતો તે હવે બિલકુલ રહ્યો નથી. બીજાની સ્ત્રીને માતા સમાન સમજું છું, જૂઠું બોલતો નથી તેમજ ચોરી પણ કરતો નથી, બધું જ છોડી દીધું—મદ્યપાન, માંસ-ભક્ષણ, જુગાર રમવો વગેરે મારામાં જે દોષ હતા, તે બધા મેં છોડી દીધા. હવે તો હું કેવળ ભગવાનનું ભજન-ધ્યાન જ કરું છું અને અહીં તહીં ભીખ માગીને ખાઉં છું. ઉધાર કોઈ આપતું નથી. મારા પર જે દેવું છે તે તો છે જ. હું આપને વિશ્વાસ આપાવું છું, પ્રતિજ્ઞા કરું છું કે ભવિષ્યમાં કોઈ પણ દોષ મારામાં આવશે નહિ. હવે આપ મારા પિતાનું ધન મને બતાવી દો.'' તો મહાત્મા કહે, ''ચૈત્ર સુદ પડવાનો દિવસ આવવા દે.'' તેણે કહ્યું : ''ઠીક છે.'' થોડા દિવસ પછી ચૈત્ર સુદ પડવાનો દિવસ આવી ગયો. છોકરો કહે : ''મહારાજ, કાલે તે દિવસ છે.'' મહાત્મા કહે; ''કાલે તું ચાર મજૂર રાખી લેજે.'' તે કહે : ''મહારાજ, મારી પાસે પૈસા છે નહિ.'' મહાત્મા કહે : ''પૈસા હું આપીશ.'' તે કહે : ''સારું.'' મજૂરોને રાખી લીધા. મહાત્મા કહે : ''તમારું મંદિર ક્યાં છે ?'' તેણે જઈને મંદિર દેખાડયું.

મહાત્માએ ચારે તરફ નજર કરીને જોયું. અને બોલ્યા : ''મજૂરોને બોલાવી લાવો.'' છોકરો - ''અહીં મજૂર નવ વાગે આવે

છે.'' મહાત્મા - ''જમીન ખોદવાની સમગ્રી-સાધન બધાં જ મંગાવીને રાખો.'' તેણે કહ્યું; ''રાખી દીધી.'' તે કહે, ''મહારાજ, બતાવો.'' મહાત્માજી કહે, ''તું જે પાઠ કરે છે, તેમાં જે મંત્ર બોલે છે, તે મંત્રમાં તો એ વાત છે કે, અમારો છોકરો દુરાચારી છે, એનામાં દુર્ગુણ પણ છે. જ્યારે એનામાં દુર્ગુણ-દુરાચાર ન રહે તો મારી જે સંપત્તિ છે. એને મહાત્મા બતાવી દે. મારી સંપત્તિ મંદિરનો જે ઘુમ્મટ છે, તેમાં ચૈત્ર સુદ એકમના દિવસે બરાબર બાર વાગે રાખી છે. એથી દિવસના બાર વાગવા દો.'' જ્યારે દિવસના બાર વાગી ગયા તો તે ઘુમ્મટની જ્યાં છાયા પડી ત્યાં નિશાન કરી દીધું. અને બોલ્યા, ''એને ત્યાંથી ખોદો.'' ત્યાં ખોદવાથી એક લાખ રૂપિયા નીકળ્યા. મહાત્મા કહે, ''આ તારા બાપની સપંત્તિ છે, એને તું લઈ લે. અને મજૂરોને શું મહેનતાણું ઠરાવ્યું છે ?'' તે કહે, ''એક રૂપિયામાં એક મજૂર.'' તો મહાત્મા બોલ્યા, ''ચાર રૂપિયા એમને આપી દો. બાકીનું ધન તારું.'' તે કહે ''આપ પણ કાંઈક લો.'' મહાત્મા કહે, ''અમે કાંઈ લેતા નથી. આ તો તારા પિતાનું ધન છે, તારું છે.'' તો આ પ્રકારે તે છોકરાને તેના પિતાની સંપત્તિ મળી ગઈ.

આપણા લોકોના પિતા તો એક જ છે ભગવાન. તેમની સંપત્તિ છે મુક્તિ અને આ તો બધાંની વસ્તુ છે. આ જે લૌકિક સ્વરાજ છે તે તો એકને જ મળી શકે છે. આપણા જે પરમ પિતા પરમાત્માની સંપત્તિ છે—તે યુવરાજ-પદ—બધાંને મળી શકે છે. આ પ્રકારની પદવી છે, તેને પરમાત્માની પ્રાપ્તિ કહો, મુક્તિ કહો; તે બધાંને મળી શકે છે. આ આપને એક વાત કહેવામાં આવી. એનું જે તત્ત્વ-રહસ્ય છે તે બધાંએ સમજવું જોઈએ.

તો આપના પિતા કોણ છે ? પરમાત્મા. આપણને તેમણે

ગીતાનો ઉપદેશ અર્જુનને નિમિત્ત બનાવીને દીધો છે. તેનો તમે લોકો સ્નાન કરીને પાઠ તો કરો છો જ, એનો અર્થ પણ સમજો છો, શબ્દનો અર્થ સમજો છો; પરંતુ તેનું તત્ત્વ-રહસ્ય નથી સમજતા. એક પણ શ્લોકનું તત્ત્વ-રહસ્ય સમજવામાં આવે તો બેડો પાર છે. અર્થ સમજવો એ શું છે ? અને તત્ત્વ-રહસ્ય સમજવું શું છે ? તેને બતાવે છે :

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥

(ગીતા-૫/૨૯)

આ જે શ્લોક છે એ આપણા આત્માનો ઉદ્ધાર કરવા માટે ઉચ્ચ કોટિનો મંત્ર છે. એનાં ચાર ચરણ છે. ચારે ચરણમાંથી એકમાં તો ફળ બતાવ્યું છે અને બીજા ત્રણ ચરણમાં ત્રણ સાધન બતાવ્યાં છે. 'भोक्तारं यज्ञतपसाम्' યજ્ઞ અને તપોનો ભોક્તા, 'सर्वलोकमहेश्वरम्' બધા લોકોના મહાન ઈશ્વર, 'सुहृदं सर्वभूतानाम्' બધા જ ભૂત-પ્રાણીમાત્રના સુહૃદ મને જાણીને મનુષ્ય પરમ શાન્તિને પ્રાપ્ત કરે છે. અહીં શાન્તિનો અર્થ પરમશાન્તિ લેવો જોઈએ. આ સાંસારિક શાન્તિ નથી, પારમાર્થિક શાન્તિ છે. એટલા માટે તો ત્રણ સાધન બતાવ્યાં છે. એ ત્રણેને ધારણ કરવાથી અથવા કોઈ એકને ધારણ કરવાથી પણ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. એકને ધારણ કરવાથી પણ થઈ જાય છે તો ત્રણે ધારણ કરવાથી તો વાત જ શી કરવી ? તો આ તો શબ્દાર્થ થયો. એને તો આપણે સમજી ગયા. એનું તત્ત્વ-રહસ્ય સમજ્યા નથી. તો તત્ત્વ શું છે ? રહસ્ય શું છે ? તત્ત્વ એ સમજવું જોઈએ કે, પહેલી વાત અહીં ભગવાન કહે છે, "મને યજ્ઞ અને તપના ભોક્તા સમજવાથી મનુષ્યને શાન્તિ પ્રાપ્ત થાય છે."

भोक्तारं यज्ञतपसां ज्ञात्वा मां शान्तिमृच्छति । सर्वलोकमहेश्वरं ज्ञात्वा मां शान्तिमृच्छति, सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ।

યજ્ઞ અને તપોનો મને ભોક્તા સમજીને, બધા લોકોનો મહેશ્વર સમજીને અને બધા ભૂતોનો પરમ સુહૃદ મને સમજીને મનુષ્યને પરમશાન્તિની પ્રાપ્તિ થાય છે. યજ્ઞ અને તપોનો ભોક્તા, એનો અભિપ્રાય શું છે ? એનો તાત્વિક અર્થ શું છે ? સંસારમાં લોકો જે યજ્ઞ કરે છે એ બધાંનો ભોકતા હું છું. જેટલા પ્રકારના સંસારમાં યજ્ઞ છે. કોઈ વ્યક્તિ અગ્નિમાં આહુતિ આપે છે. તો ભગવાન કહે છે, હું અગ્નિરૂપ બનીને આહુતિ ગ્રહણ કરું છું. અર્થાત્ અગ્નિમાં અર્પણ કરેલી આહુતિનો હું ભોક્તા છું, હું ખાઉં છું. પિતૃઓને જે પિંડ દે છે, જળ આપે છે, શ્રાદ્ધ કરે છે તો હું પિતૃરૂપથી ખાવાનારો છું. અતિથિને ભોજન કરાવે છે, જેને 'મનુષ્ય-યજ્ઞ' કહે છે, તો તે અતિથિના રૂપમાં પણ હું જ ભોજન કરું છું. જેને 'બલિવૈશ્વયજ્ઞ' કહે છે, જે તમામ ભૂતોને આહુતિ આપવામાં આવે છે, તો ભગવાન કહે છે, તે તમામ ભૂતોના રૂપમાં હું જ એક પ્રકારથી ભોજન કરું છું. ભાવ એ છે કે આખું જગત મારું સ્વરૂપ છે. મનુષ્ય જે કાંઈ કરે છે-કોઈની સેવા કરે છે, કોઈને દાન આપે છે અથવા ઉપકાર કરે છે, તે બધી મારી જ સેવા છે. એ આનો તાત્ત્વિક અર્થ થયો. આ તાત્ત્વિક અર્થને સમજીને તેવી જ રીતે કરવામાં લાગી જાય ત્યારે આપણને પરમશાન્તિ મળી શકે છે.

કોઈ આપણા ઘેર અતિથિ આવે તો તેને સાક્ષાત્ ભગવાન સમજીને તેની સેવા કરવા લાગી જાવું. ભગાવનને મળવાથી જેવી પ્રસન્નતા, શાન્તિ, આનંદ થાય છે, તેવો જ આનંદ થવો જોઈએ. જો ગીતાને આપણે સત્ય માનીએ છીએ અને વિશ્વાસ કરીએ છીએ તો

એવું જ સમજવું જોઈએ. રસ્તામાં ક્યાંક કોઈ વૃક્ષ આવી ગયું તો 'પ્રભુ, આપ અહીં વૃક્ષનું રૂપ ધારણ કરીને બેઠા છો,' એવો મનમાં વિચાર કરીને એમાં જળ નાખો. જેવી રીતે પીંપળાનું વૃક્ષ છે, વડનું વૃક્ષ છે, તુલસીનો છોડ છે, આમળાનું વૃક્ષ છે. શાસ્ત્રોમાં બતાવ્યું છે કે આ બધાં સાક્ષાત્ ભગવાનના સ્વરૂપ છે. ગીતા પણ કહે છે– "अश्वत्थः सर्ववृक्षाणाम् (૧૦/૨૬) તમામ વૃક્ષોમાં હું અશ્વત્થ-પીંપળો છું." આ વાત વિશેષ રૂપમાં કહેવામાં આવી છે. સામાન્ય ભાવથી તો બધાં જ મારું સ્વરૂપ છે (૧૦/૨૦). આપણે તો એ સમજવું જોઈએ કે બધું જ ભગવાનનું સ્વરૂપ છે. વિશ્વાસપૂર્વક જે આ પ્રકારે કરે છે, વિશ્વાસ હોવાથી તે કરશે જ તો આ જે વિશ્વાસ તે કરવો છે તે જ તેનું રહસ્ય જાણવા બરાબર છે.

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥

આકાશમાંથી પડેલું જળ જેવી રીતે પહાડોમાંથી વહીને નદીઓમાં આવે છે. અને નદીઓમાં થઈને તે જળ સમુદ્રમાં જઈને પડે છે. વર્ષાનું જળ ભૂમિમાં જેટલું સૂકાઈ જાય છે, તે પછી જેટલું બચે છે, ચારે તરફથી તે જળ વહીને સમુદ્રમાં જઈને મળી જાય છે. એ પ્રકારે આપણે જે દેવતાઓને અથવા કોઈને પણ નમસ્કાર કરીએ છીએ, તે ભગવાનને પ્રાપ્ત થાય છે. આ સમજવું તે એના રહસ્યને સમજવા બરાબર છે. ભગવાનને કેવી રીતે પ્રાપ્ત થાય છે ? બધામાં ભગવાન બિરાજમાન છે, એટલા માટે બધાને નમસ્કાર કરવા તે ભગવાનને જ નમસ્કાર કરવા બરાબર છે. બધાની સેવા કરવી એ ભગવાનની સેવા છે, જે પૂજા તથા બધાનો સત્કાર કરીએ છીએ તે ભગવાનની જ પૂજા છે, ભગવાનનો જ સત્કાર છે. એનાથી ઊલટું

જો કોઈનો તિરસ્કાર કરીએ છીએ તો તે ભગવાનનો જ તિરસ્કાર છે. બધાના હિતમાં રત થઈને બધાની સેવા કરવી જોઈએ. "परहित बस जिन्ह के मन माहीं । तिन्ह कहुँ जग दुर्लभ कछु नाहीं ॥"- જે બીજાના હિતમાં રત રહે છે. તેને માટે સંસારમાં કોઈપણ પદાર્થ દુર્લભ છે નહિ. ભગવાન ગીતામાં પણ કહે છે :

'ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ।' (ગીતા-૧૨/૪)

જે તમામ પ્રાણીઓનાં હિતમાં રત રહે છે, તેઓ મુજને જ પ્રાપ્ત થાય છે. તો બધાંને નારાયણ સમજીને જે બધાંની સેવા કરવાનું છે તે વાસ્તવમાં ભગવાનને બધા યજ્ઞોના ભોક્તા સમજવા અર્થાત્ તત્ત્વ-રહસ્યથી સમજવા બરાબર છે. તો આપણે જે કાંઈ પણ યજ્ઞ કરીએ છીએ, દાન દઈએ છીએ, તપ કરીએ છીએ, સેવા કરીએ છીએ, તેમાં એ ભાવ રાખવો જોઈએ કે અમે એ દ્વારા ભગવાનની સેવા કરી રહ્યા છીએ. અમે આ બધું જ ભગવાનની આજ્ઞા અનુસાર કરીએ છીએ, ભગવાનને માટે જ કરીએ છીએ. ભગવાનની પ્રાપ્તિ માટે કરીએ છીએ, તો ભગવાન માટે કરીએ છીએ અથવા ભગવાનમાં પ્રેમ વધે માટે કરીએ છીએ તો ભગવાન માટે જ કરીએ છીએ. આ ઉદ્દેશ રાખીને બધામાં નારાયણ સ્વરૂપ સમજીને સેવા કરો, યજ્ઞ કરો અથવા દાન આપો, તપ કરો અથવા જે કાંઈ પણ કરો તો તેનું વાસ્તવિક તત્ત્વ-રહસ્ય સમજવું છે.

હવે બીજી વાત બતાવવામાં આવે છે. ભગવાન કહે છે; "सर्वलोकमहेश्वरं ज्ञात्वा मां शान्तिमृच्छति" મને બધા લોકોનો મહાન ઈશ્વર સમજીને, જાણીને મનુષ્ય પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. એ આપણે સાંભળી તો લીધું, ભગવાન બધા લોકોના ઈશ્વર છે, ઈશ્વરોના પણ ઈશ્વર છે, પરંતુ વાતને બરાબર સમજ્યા નહિ, શબ્દાર્થ સમજ્યા, પરંતુ તત્ત્વ સમજવું જોઈએ, તેનું રહસ્ય સમજવું જોઈએ. તત્ત્વ એ છે કે

ભગવાન તો ઈશ્વરોના પણ મહાન ઈશ્વર છે અને ભગવાનથી અધિક સંસારમાં કોઈ છે નહિ. જ્યારે આ વાતને આપણે તત્ત્વથી સમજી લઈશું તો અમે ભગવાનને એક ક્ષણ પણ ભૂલીશું નહિ. ભગવાનને પ્રત્યેક ક્ષણે ભજીશું. ભગવાનને છોડીને બીજા કોઈનું પણ ભજન કરીશું નહિ. કારણ કે એ વાત ભગવાને ગીતાના (૧૫/૧૯)માં બતાવી છે.

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥

જે અસંમૂઢ પુરુષ છે, જેમાં કોઈ પ્રકારનો કિંચિત્-માત્ર પણ મૂઢ ભાવ છે નહિ, બધાંનાં તત્ત્વને સમજનાર છે, એવો સર્વજ્ઞ છે તે પુરુષ. એક તો સિદ્ધ હોય છે, બીજા સાધક. એવા જે સાધકસાધુ-મહાત્મા છે, તેઓ નિત્ય-નિરંતર મને જ ભજે છે. મને છોડીને જે બીજાઓને ભજે છે, તેઓ મને સર્વોત્તમ સમજતા નથી.

જેવી રીતે તમે કહો છો, ભગવાનની સ્મૃતિ નિરંતર રહેતી નથી. તો એમાં એ વાત સિદ્ધ થાય છે કે ભગવાનને છોડીને એનાથી પણ અધિક કોઈ ચીજને સમજો છો ત્યારે તો બીજી ચીજને ભજો છો. નહિ તો ભગવાનને છોડીને શા માટે બીજાને ભજત ? ભગવાને પહેલાં આ નિર્ણય કરી દીધો કે એક તો 'ક્ષર' પદાર્થ છે. અને એક 'અક્ષર' છે.

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

(ગીતા-૧૫/૧૬)

આ સંસારમાં બે પ્રકારનાં પ્રાણી છે, એક તો ક્ષર અને બીજાં અક્ષર. તમામ ભૂત-પ્રાણી તો 'ક્ષર' છે—અર્થાત્ ભૂત-પ્રાણીઓનાં જે શરીર છે તે 'ક્ષર' છે, અને જે આત્મા છે તે 'અક્ષર' છે.

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

(ગીતા-૧૫/૧૭)

જે ઉત્તમ પુરુષ છે, તે આ બંનેથી અલગ (તે ક્ષરથી અતીત છે અને અક્ષરથી પણ ઉત્તમ) છે, જેનું નામ પરમાત્મા છે; તેઓ ત્રણે લોકમાં વ્યાપ્ત થઈને બધાનું ભરણ-પોષણ કરે છે. જેનું નામ ઈશ્વર છે તેને પુરુષોત્તમ કહે છે; ભગવાન કહે છે તે હું છું. તો મને પરમાત્માને જે પુરુષોત્તમ સમજે છે તેમની આ કસોટી છે કે તે સર્વભાવથી મને જ ભજે છે. સર્વ ભાવ કેવો છે ?

त्वमेव माता च पिता त्वमेव । त्वमेव बन्धुश्च सखा त्वमेव ॥
त्वमेव विद्या द्रविणं त्वमेव । त्वमेव सर्वं मम देवदेव ॥

"હે દેવોના દેવ, આપ જ અમારા માતા-પિતા, ભાઈ-બંધુ, સખા, સ્વામી, ગુરુ, પતિ બધું આપ જ છો અને વિદ્યા, ધન પણ આપ જ છો." જે આ પ્રકારે સર્વભાવથી મને ભજે છે, તો પછી ફરીથી તેને બીજી ચીજની આવશ્યકતા રહેતી નથી. અને મારાથી ચઢિયાતી બીજી ચીજ સમજે છે, ત્યારે જ તો તેને ભજે છે અને તેનું સેવન કરે છે. તો એ તત્ત્વને સમજી લઈને આ ગુપ્ત વાત-રહસ્યને સમજી લઈને પછી કામમાં લાગી જાય છે. જો તે ન લાગ્યો તો સમજી લેજો કે રહસ્યને તે સમજ્યો નથી. જ્યારે રહસ્યને સમજીને આ કાર્યનો આરંભ કરી દે છે તો તેને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે, પરમ પદની પ્રાપ્તિ થઈ જાય છે, તેને મુક્તિની પ્રાપ્તિ થઈ જાય છે. આ જ આપણા પરમ પિતાનું દાટેલું ગુપ્ત ધન છે. તે છોકરાને મહાત્માએ તેના પિતાનું ધન બતાવી દીધું. તે પ્રમાણે તેણે પ્રયત્ન કર્યો અને ધન મળી ગયું. ધન મળવામાં વિલંબ થયો નહિ અને કષ્ટ પણ થયું નહિ. વરસો વીતી ગયાં પરંતુ પિતાનું ધન હોવા છતાં પણ તેને મળ્યું ન હતું. તે ધનના રહસ્યને સમજાવનાર કોઈ મહાત્મા આવી ગયા તો

તરત તે ધન મળી ગયું.

ત્રીજીવાત છે–"सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ।" "મને બધાં જ ભૂતો-પ્રાણીઓનો સુહૃદ સમજીને મનુષ્ય શાંતિ એટલે કે પરમશાંતિને પ્રાપ્ત થાય છે. તો ભગવાન બધા ભૂતોના સુહૃદ છે. તે નિર્હેતુક દયા અને પ્રેમ કરનાર છે." એ તો શબ્દાર્થ થયો. તેનું તત્ત્વ સમજવું જોઈએ. તત્ત્વ એ છે કે ભગવાન બધી જગાએ છે, તે જડ નહિ પણ ચેતન છે. આપણે જે બોલી રહ્યા છીએ તે ભગવાન સાંભળી રહ્યા છે, જે ક્રિયા કરીએ છીએ તે ભગવાન જોઈ રહ્યા છે; કારણ કે તેઓ સર્વજ્ઞ છે. તો વાત આ તમે સમજી લીધી છે ? તમે કહ્યું, સમજી લીધી. પછી પૂછયું કે શાંતિ મળી ? તો બોલ્યા, નથી મળી. તો મતલબ છે કે તમે સમજયા નથી. કારણ કે એનું એ ફળ છે કે, 'ज्ञात्वा मां शान्तिमृच्छति ।', 'मां ज्ञात्वा' "મુજ પરમાત્માને તત્ત્વ વડે જાણીને મનુષ્ય શાંતિને પ્રાપ્ત કરે છે." તો પૂછયું, 'એમાં તત્ત્વ શબ્દ તો છે નહિ.' કહે, "અધ્યાહાર કરી લો, સમજી લો. જેટલું તમે જાણો છો એટલું જાણવાથી શાંતિ મળતી નથી. એને યથાર્થ સ્વરૂપમાં જાણવાથી શાંતિ મળે છે.'

કોઈ એક ભિખારી ઘેર ઘેર ભીખ માગી રહ્યો છે. અને જ્યાં જાય છે ત્યાં ધક્કો મળે છે. કોઈએ એને કહ્યું, "અહીં નજીકમાં જ એક ઉચ્ચ કોટિના દાતા છે. તેને ઘેર જે કોઈ જાય છે તે ખાલી હાથે આવતો નથી. તેમની પાસે જઈને જે કોઈ વ્યક્તિ જે કાંઈ માંગે છે તે તેને મળી જાય છે. અહીં નજીકમાં જ ઘર છે." અને તેણે લઈ જઈને બતાવી પણ દીધું કે આ ઘર છે. શું, તે ભિખારી ત્યાં જઈને માગ્યા વિના ધીરજ ધરી શકશે ખરો ? કદાપિ નહિ. તે કાયમને માટે પોતાની દરિદ્રતા દૂર થઈ જાય એવી માગણી રજૂ કરશે. શું તે ભૂખથી મરણ પામીને રસ્તા પર બહાર પડ્યો રહેશે ? સંભવ નથી. અહીં

જે ભગવાન બધાં જ સ્થળે બિરાજમાન થઈ રહ્યા છે, તેઓને તો માત્ર સુહૃદ જાણવાથી જ શાંતિ મળી જાય છે. સુહૃદ જાણી લેશે તો પોતાના દ્વાર પર આવેલા ભિખારીની તે માલિક દરરોજ સંભાળ રાખે છે માગ્યા વિના જ આપે છે અને યાચના કરે તો તે સમયે જ તેને મળી જાય છે. આપણે ભગવાનને 'સુહૃદ' માની લઈએ કે ભગવાન વગર કારણે જ દયા અને પ્રેમ કરનારા છે તો પછી આપણે ભગવાનને છોડીને કોઈ બીજાને પ્રેમ કરીશું ? કદાપિ નહિ. તો આપણે તે પરમ દયાળુ, પરમ પ્રેમી, ભગવાનને પ્રેમની યાચના કર્યા વગર શું રહી શકીશું ? તેઓ તો યાચના કર્યા વિના જ બધું આપે છે. તે તો નિર્હેતુક દયાળુ અને પ્રેમી છે. તેમની સમાન કોઈ છે જ નહિ.

એનાથી પણ એક અધિક વાત છે કે, ભગવાન નિર્હેતુક દયા કરનાર છે, નિર્હેતુક પ્રેમ કરનાર છે, એ વાતનું જ્યારે આપણને જ્ઞાન થઈ જશે કે ભગવાનમાં આ એક ઘણો જ મોટો ગુણ છે—બધાથી વધારે આ ગુણ ભગવાનમાં છે—તો તે વખતે આપણે પણ બધા ભૂતો-પ્રાણીઓના પરમ પ્રેમી અને પરમ દયાળુ બની જઈશું. ભગવાન એક એવા પુરુષ છે જે હેતુરહિત પ્રેમ કરનાર છે અને જે તેમને જાણી જાય છે, તે પણ પછી તેવો જ બની જાય છે.

हेतु रहित जग जुग उपकारी । तुम्ह तुम्हार सेवक असुरारी ॥

"હે અસુરારિ, હેતુ રહિત પ્રેમ કરનારા કાં તો આપ છો અથવા તો આપનો ભક્ત છે, બે જ છે એ સિવાય ત્રીજો કોઈ નથી."

તો આપણે એ સમજવું જોઈએ કે 'રામના સમાન સંસારમાં હેતુ રહિત પ્રેમ કરનાર એવો કોઈ પણ છે નહિ, તો એ વાતને સમજી લીધા પછી તેનો રામની સાથે અનન્ય પ્રેમ થશે.'

उमा राम सम हित जग माहीं । गुरु पितु मातु बंधु कोउ नाहीं ॥

"હે ઉમા, રામ સમાન હિત કરનાર માતા, પિતા, ગુરુ, ભાઈ,

બાંધવ કોઈ પણ છે નહિ." જ્યારે એ પ્રકારે આપણને જ્ઞાન થઈ જશે કે ભગવાન સમાન દુનિયામાં આપણું કોઈ પણ હિતેચ્છુ પ્રેમી છે નહિ તો આપણે ભગવાનને છોડીને શું સાંસારિક જડ પદાર્થોના ભોગોને કદી પણ પ્રેમ કરીશું ? જો પ્રેમ કરીએ છીએ તો અત્યાર સુધી આપણે સમજ્યા નથી. ભગવાનના તત્ત્વ-રહસ્યને જ્યારે સમજી લઈશું તો ભગવાનના સિવાય બીજા કોઈની સાથે આપણે પ્રેમ કરી જ શકતા નથી. બીજાની સાથે કરીશું તો બધામાં ભગવાન સમજીને જ પ્રેમ કરીશું. વિષય-ભોગોથી આપણને આનંદ પ્રાપ્ત થાય છે તો આપણે ભગવાનને હેતુરહિત પ્રેમી કેવી રીતે સમજ્યા ? આપણે બીજાને પ્રેમ કરીએ છીએ એ જ ભગવાનના તત્ત્વ-રહસ્યને ન સમજવું છે.

स्वारथ मीत सकल जग माहीं । सपनेहुँ प्रभु परमारथ नाहीं ॥

ભગવાન શ્રીરામનો ઉપદેશ સુણીને બદલામાં પ્રજા ઉત્તરકાંડમાં કહી રહી છે, "હે પ્રભુ, દુનિયામાં બધા સ્વાર્થના મિત્ર છે, મતલબના સાથી છે, સ્વપ્નમાં પણ સ્વાર્થને છોડીને મિત્રતા કરનારા ભગવાન અને તેમના ભક્ત સિવાય કોઈ છે નહિ." આ પ્રકારે જે સમજે છે તેનો ભગવાનમાં અનન્ય અને વિશુદ્ધ પ્રેમ થઈ જાય છે. ભગવાનના પ્રેમીમાં, ભગવાનના પ્રિયતમમાં જે લક્ષણો બતાવ્યાં છે' તે તેમાં આવી જાય છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥

(ગીતા-૧૨/૧૩-૧૪)

મારો એ ભક્ત મને પ્યારો છે, જે કોઈ પણ પ્રાણીમાં દ્વેષ-ભાવ રાખતો નથી. કારણ કે જે બધા જ ભૂતોનો સુહૃદ હોય છે, તેનો કોઈનામાં દ્વેષભાવ રહેતો નથી અને દ્વેષ હોય તો તે બધાંનો

સુહૃદ નથી. જેની મમતા રહિત મિત્રતા છે, હેતુ રહિત મિત્રતા છે, કોઈ પ્રયોજન નથી, બધામાં મિત્રતા છે, મૈત્રી છે, મિત્રની જેમ ભાવ છે, બધાની ઉપર નિર્હેતુક દયા છે, ભગવાન નિર્હેતુક દયાળુ છે, અને તે પુરુષ પણ નિર્હેતુક દયાળુ છે, નિર્હેતુક પ્રેમી છે." તો કહે,"નિર્હેતુક શબ્દ સ્પષ્ટ થયો નહીં." બોલ્યા, "આગળ ચાલો-"निर्ममो" એટલે કોઈમાં પણ મમતા નથી. મારો ભાઈ છે, મારો દીકરો છે, મારા કાકા છે, મારા સંબંધી છે—આ બધાના સંબંધોને લીધે બધા ઉપર દયા નથી. 'निरहंकारः' એવું થવાથી અહંકાર પણ છે નહિ કે હું હેતુરહિત દયાળુ અથવા પ્રેમી છું. અહંકારનું તેમાં નામનિશાન પણ છે નહિ. 'समदुःखसुखः' સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે તો તે ભગવાને મોકલેલો પુરસ્કાર સમજીને તેમાં સમચિત્ત રહે છે. 'क्षमी' ક્યારેક કોઈ આદમી કેટલોયે અપરાધ કરી નાખે તો તે અપરાધને અપરાધ સમજતો નથી. અપરાધ સમજીને માફ કરવો તો દૂર રહ્યો, તેનો અપરાધ જ માનતો નથી. જેવી રીતે કોઈ છ મહિનાનો કે વર્ષ ભરનો છોકરો પિતાની મૂછ પકડીને ખેંચી લે તો શું તેનો અપરાધ માની શકાય છે ? પિતા કહે છે, એનો અપરાધ છે જ નહિ. અને જો માતા એને મારે છે તો તે મારવાનું તત્ત્વ સમજતો જ નથી. તો ક્યારેક ઊભો થઈને પિતાને મુક્કો મારે છે. એક વર્ષનું બાળક છે તો તે શું સમજે ? તે અપરાધને તેના પિતા અપરાધ સમજતા નથી. એવી રીતે કોઈ વૈદ્ય કોઈ રોગીને જોવા જાય છે. રોગી પૂરેપૂરો 'સંનિપાત'માં છે અથવા તો તે પાગલ છે. અર્થાત્ ત્રિદોષ થઈ ગયો છે. જેથી તે પ્રલાપ કરે છે, બૂમો પાડે છે, ગાળો બોલે છે અથવા તો તેની નજીક આવે એને મારી પણ લે છે. વૈદ્યને પણ મારી દે છે, પરંતુ વૈદ્ય તેનો તે અપરાધ માનતા નથી. કારણ કે તે હોશમાં નથી, પાગલ છે. તેને કોઈ વાતનું જ્ઞાન છે નહિ. તેને તો એ વખતે


એવું પણ ભાન નથી કે વૈદ્ય પણ તેને થપ્પડ લગાવશે.

જ્યારે આ પ્રકારે સંસારમાં સાધારણ માતા-પિતા અને વૈદ્યલોકો પણ તેની વાત પરત્વે ધ્યાન આપતા નથી, તો માયામાં ઉન્મત્ત મનુષ્યની ક્રિયા પર જ્ઞાની, મહાત્મા શું ધ્યાન આપશે ? તેઓ આ અપરાધને અપરાધ જ માનતા નથી.

'संतुष्टः सततं योगी' એવા યોગી-મહાત્મા દરેક વખતે આનંદમાં મગ્ન રહે છે, સંતુષ્ટ રહે છે. પરમાત્માના સ્વરૂપમાં મગ્ન રહે છે. 'यतात्मा' જેણે મનને વશ કરી લીધું છે. 'मय्यर्पितमनोबुद्धिः' દૃઢ નિશ્ચયથી જેણે મન-બુદ્ધિને મારામા અર્પણ કરી દીધાં છે એવો મારો ભક્ત મને પ્રિય છે. મન-બુદ્ધિને ભગવાનમાં સમર્પણ કરનાર માટે ભગવાનના સિવાય બીજો કોઈ પદાર્થ છે જ નહિ. તેનું મન એક ભગવાનને છોડીને બીજી કોઈ પણ ચીજનું કદી ચિંતન કરતું જ નથી. જ્યાં તેનું મન જાય છે ત્યાં જ તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતન કરે છે. આવો મારો ભક્ત મને પ્યારો છે. આ લક્ષણો એમાં ઘટે છે. ભગવાન બધાના સુહૃદ છે તો ભક્ત પણ બધાનો સુહૃદ બની જાય છે.

જો આપણે બધાના સુહૃદ ન બનીએ તો ઓછામાં ઓછું આટલું તો કરીએ કે પરમ દયાળુ ભગવાનની પાસે જઈને રુદન કરીએ તો દુઃખથી રહિત થઈ જઈએ. અને જે ભગવાનની પ્રાપ્તિનો અભાવ છે તે પરમાત્માને પ્રાપ્ત કરી લઈએ અર્થાત્ પરમ શક્તિને પ્રાપ્ત કરી લઈએ. આ પ્રકારે જે ભગવાનને સમજે છે તે ભગવાન પાસેથી સંપૂર્ણ લાભ મેળવીને તેમની પ્રાપ્તિ કરી લે છે. જેવી રીતે ભિખારી કોઈ ધનવાનને મેળવીને પોતાની દરિદ્રતા દૂર કરી લે છે. પોતાના આત્માની તૃપ્તિ કરી લેવી, શાંતિલાભ મેળવી લેવો, એ બધો સાધારણ લાભ છે. વિશેષ લાભ ઉઠાવવો એ તો ભગવાન જેવા જ બની જવાનું છે. બંને વાત ઠીક છે. પરમ શાંતિ તો તેને મળી જ જાય છે અને તે ભગવાનને

પ્રાપ્ત થઈ જ જાય છે અને ભગવાન કહે છે "मम साधर्म्यमागताः" મારા સમાન ધર્મવાળો બની જાય છે અર્થાત્ "જેવો હું છું તેવો જ બની જાય છે." ભગવાને ગીતાના અધ્યાય ૧૪ના બીજા શ્લોકમાં બતાવ્યું છે. આ રહસ્ય આપ લોકોને બતાવી દીધું. આપણે લોકોએ તત્ત્વ અને રહસ્ય સમજવું જોઈએ સમજવું એ જ છે કે તેને અનુસાર બની જઈએ.'



# ૮. ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન

ભગવાનનું ધ્યાન કરવાને માટે એકાંત અને પવિત્ર સ્થાન હોવું જોઈએ. જ્યાં કોઈ વિઘ્ન-અડચણ ન હોય, કોઈ શોર-બકોર ન હોય, શાંત સ્થાન હોય. આસન દર્ભ અથવા ઊનનું અથવા બંનેનું જ હોય. તેના પર સુખપૂર્વક પલાંઠી વાળીને સ્થિરતાથી બેસવું, બિલકુલ હાલવુ-ચાલવું નહીં. જો કોઈ પાસે બીજું બેઠું હોય તો તેનાથી થોડું અલગ બેસવું. મહર્ષિ પતંજલિએ કહ્યું છે–'स्थिरसुखमासनम्' આસન એવું હોવું જોઈએ, જેના પર સ્થિરતાપૂર્વક-સુખપર્વક અચળ થઈને બેસી શકાય. ગીતામાં બતાવ્યું છે–समं कायशिरोग्रीवम् શરીર, માથું અને ગરદન બરાબર સીધા રાખવાં જોઈએ–સમ રહેવાં જોઈએ તથા મેરુદંડ સીધો રહેવો જોઈએ. આસન પર બેઠા પછી મનમાં સંસારની જે જુદા જુદા પ્રકારની ઈચ્છાઓ છે, તે બધાને એકદમ પ્રયત્નપૂર્વક દૂર કરી દેવા અને આસક્તિથી પણ રહિત થવું. સંસારમાં સુખ-બુદ્ધિ હોવાથી જ તેમાં આસક્તિ અને વિષયોનું ચિંતન થાય છે. આસક્તિ થવાથી કામના ઉત્પન્ન થાય છે. સંસારમાં ક્યાંય આસક્તિ ન હોય તો કામના-ઈચ્છા પણ નથી. સંસારના પદાર્થોમાં સુખ-બુદ્ધિ અજ્ઞાનથી છે. વાસ્તવિક રીતે સંસારમાં સુખ છે નહિ.

સંસાર પરિણામી, વિનાશશીલ અને અનિત્ય છે એટલા માટે તેને ભુલી જવો. સંસારને નાશવંત અને ક્ષણભંગુર સમજીને સંકલ્પ રહિત થવું. જો એમાં જરાપણ તેની સત્તા અથવા આસક્તિ રહી જાય તો તેને દૂર કરી દેવી અને પછી ફરીથી ધ્યાન કરવું. એ સમજવું જોઈએ કે ભગવાન નિર્ગુણ-નિરાકાર રૂપમાં સદા-સર્વદા-સર્વત્ર છે જ અને એ જ ભગવાન સગુણ-નિરાકારના રૂપમાં પ્રગટ થાય છે, પછી સગુણ-સાકારના રૂપમાં પ્રગટ થાય છે.

જેવી રીતે આકાશમાં નિરાકારરૂપમાં સદૈવ જળ રહે છે અને તે જળ વરાળ રૂપમાં પ્રગટ થઈને વાદળાંઓનાં રૂપ ધારણ કરીને પાણી તથા બરફના રૂપમાં વરસવા લાગે છે. વિચાર કરવો જોઈએ કે આકાશમાં જે જળ નિરાકાર-રૂપમાં છે તે જ જળ વાદળના રૂપમાં, ટીપાંઓના રૂપમાં અને બરફના રૂપમાં છે. એવી રીતે જે નિર્ગુણ-નિરાકાર પરમાત્મા છે, તે જ સગુણ-નિરાકારના રૂપમાં થઈને પછી મહાન પ્રકાશના રૂપમાં, સગુણ-સાકારના રૂપમાં પ્રગટ થઈ જાય છે તો ધાતુથી (તત્ત્વથી) વિચાર કરવાથી સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર એ બધાં ભગવાનનાં રૂપ એક જ છે.

એક સત્-ચિત્-આનંદ પરમાત્માથી જુદી કોઈ અન્ય વસ્તુ છે નહિ. જો કહો કે જળ તો વિકારી છે, તો શું ભગવાન પણ વિકારી નથી ? જવાબ છે—બ્રહ્મ તો નિર્વિકાર છે તેમાં કોઈ વિકાર હોતો નથી. વિકારોથી ભરેલા અજ્ઞાની મનુષ્યોને પોતાનો વિકાર બ્રહ્મમાં દેખાય છે. તેનામાં તો કોઈ વિકાર છે જ નહિ. જેવી રીતે આકાશ એકદમ નિર્મળ છે, તેનાથી પણ વધીને ભગવાન નિર્મળ છે. ભગવાનના જે ભક્ત છે, તેઓ ભગવાનના સગુણ-સાકાર રૂપને જોવા ઈચ્છે છે. તેમના પ્રેમના કારણે નિરાકાર ભગવાન સાકારરૂપમાં આવે છે. તે ભગવાનના જે ગુણ છે તે બધા દિવ્ય અને ચેતન છે. ભગવાનનું જે

સાકારરૂપ છે તે પણ ચેતન છે. જ્યારે પણ ભગવાન અવતાર લે છે ત્યારે આપણા ઉપર માયાનો એક પડદો નાખી દે છે અને મૂળ રૂપને છુપાવી લે છે, પરંતુ ભક્તોની સંમુખ પોતાનું અસલીરૂપ પ્રગટ કરી દે છે, જેથી ભક્તોની દૃષ્ટિ પણ દિવ્ય થઈ જાય છે. એટલા માટે તેઓ ભગવાનના તે દિવ્ય સગુણ સ્વરૂપને જોઈ શકે છે.

જો કહો કે ભગવાનનું જે સ્વરૂપ અલૌકિક, દિવ્ય અને ચિન્મય ગુણોથી સંપન્ન છે, તો પછી ફરી એવા ભગવાનનું સ્વરૂપ સગુણ-સાકારના રૂપમાં કેવી રીતે પ્રગટ થઈ જાય છે ? તો તેનો ઉત્તર એ છે કે ભક્તોના પ્રેમને કારણે. કહો—'તો ભક્તોના પ્રેમના કારણે ભગવાન આવી જાય છે—એ તો કોઈ યુક્તિ-સંગત વાત છે નહિ.' નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ, સગુણ-સાકારના રૂપમાં આવી જાય એ તેમની લીલા છે. ભગવાન અસંભવને પણ સંભવ કરી શકે છે, તેમને માટે કોઈ પણ વાત અસંભવ છે નહિ. સમસ્ત સાકાર પદાર્થ પહેલાં તો નિરાકાર જ હતા. **अव्यक्ताद्व्यक्तय: सर्वा:** (ગીતા-૮/૧૮) આ અવ્યક્તની તમામ વ્યક્તિઓ તે અમૂર્તથી (તમામ મૂર્તિઓ) મૂર્ત થઈ છે. મૂર્તરૂપે જેટલા પદાર્થ છે તેનાં બે રૂપ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેવી રીતે મેં જળના વિષયમાં કહ્યું તેમ જ અગ્નિના વિષયમાં સમજવું. અગ્નિ દિવાસળીમાં વ્યાપ્ત છે તે નિરાકાર છે. ઘસવાથી તે પ્રગટ થઈ જાય છે, સાકારરૂપમાં આવી જાય છે. એવી રીતે પૃથ્વીનું જે આદિ રૂપ છે તે નિરાકાર જ છે. પછી તે સાકારરૂપમાં આવી જાય છે. તો બધા સાકાર પદાર્થ પહેલાં નિરાકાર હતા, પરંતુ અત્યારે હવે તે સાકાર રૂપમાં આવી ગયા. પરંતુ એ પદાર્થો વિકારી છે, પરમાત્મા તો નિર્વિકાર છે. તેઓ પોતાની પ્રકૃતિને વશમાં કરીને યોગમાયાથી પ્રગટ થાય છે. તેમનું યથાર્થરૂપ બધાંને દેખાતું નથી. **नाहं प्रकाश: सर्वस्य योगमायासमावृत:** । (ગીતા-૭/૨૫)

ભગવાન કહે છે, હું બધાંને દેખાતો નથી. યોગમાયાથી આવૃત્ત થઈને રહું છું. 'मूढोऽयं नाभिजानाति' મૂઢ પુરુષ મને જાણતો નથી. 'लोको मामजमव्ययम्' હું જે અજ અને અવિનાશી છું એવા મને પરમાત્માને મૂઢ લોકો જાણતા નથી. ભક્ત લોકોની સામેથી એ પડદો હટાવી લઉં છું. એથી તેઓ મારું અસલી રૂપ દેખવા પામે છે. ભગવાનનો સાક્ષાત્કાર થવામાં પ્રેમ જ મૂળ કારણ છે. જ્યાં પ્રેમ હોય છે, ત્યાં ભગવાન પ્રગટ થઈ જાય છે. રામચરિતમાનસના બાલકાંડમાં દેવતાઓની સભામાં શિવજીએ એજ કહ્યું છે,

हरि ब्यापक सर्वत्र समाना । प्रेम तें प्रगट होहिं मैं जाना ॥

અર્થાત્-હરિ પરમાત્મા બધી જગાએ પૂર્ણરૂપથી વ્યાપ્ત છે. તેઓ પ્રેમથી પ્રગટ થાય છે. 'हरिर्हरति पापानि' હરિ શબ્દનો અર્થ છે, હરવું. 'હરિ' શબ્દના ઉચ્ચારણથી સમસ્ત પાપ દૂર થઈ જાય છે. 'હરિ' શબ્દ પરમાત્માનું નામ છે. અને તે બધાં જ પાપોને હરનારા છે એટલા માટે તેમનું નામ 'હરિ' છે. આમ તો ભગવાનનાં અનેક નામ છે-સચ્ચિદાનંદ પરમાત્મા, સત્-ચિત્-આનંદઘનનાં ઘણાં નામ છે, પરંતુ પ્રભુનું આ નામ વિશેષ છે. કોઈપણ વેદના મંત્રનું ઉચ્ચારણ થાય તો 'हरिः ओ३म्' આ પ્રકારે-'હરિ' શબ્દ 'ओम्' શબ્દ સાથે ઉચ્ચારવામાં આવે છે. આ કારણથી એનું મહત્ત્વ પણ વિશેષ છે. શબ્દાર્થને જોતાં પણ 'હરિ' શબ્દ વિશેષ મહત્ત્વ રાખે છે. આપણે આ શબ્દથી તેમનું સ્મરણ કરવું. તેઓ આપણાં તમામ પાપ નાશ કરી દેશે. પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત છે.

ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન આપણે પ્રેમપૂર્વક મુગ્ધ થઈને કરવું. કારણ કે ભગવાન પ્રેમથી સાક્ષાત્ પ્રગટ થઈ જાય છે. જ્યારે આપણે અધિક તન્મય થઈને ભગવાનનું ધ્યાન કરીએ છીએ તો ભગવાન ત્યાં તે વખતે સાક્ષાત્ પ્રગટ થઈ જાય છે. દ્રૌપદીએ ઘણા જ કરુણભાવથી

દુર્વાસા મુનિના આગમન સમયે ભગવાનનું ધ્યાન કર્યું હતું અને પુકાર કરી હતી. તેણે કહ્યું હતું, "હે નાથ, હે ગોપાલ, હે ગોવિંદ, હે દામોદર," એ રીતે ભગવાનનાં નામનું કીર્તન કર્યું તો તે સમયે ભગવાન એકદમ પ્રગટ થઈ ગયા હતા. જ્યારે કીર્તન કરવાથી ભગવાન પ્રગટ થઈ જાય છે તો ધ્યાનમાં પ્રગટ થઈ જાય તે કઈ મોટી વાત છે ! ધ્યાન કરવું એ તો આપણા આધીન છે. આપણે પણ તે પ્રકારે ભગવાનનું કીર્તન-ધ્યાન કરવું. સૂરદાસજી કહે છે,

बाँह छुड़ाए जात हौ निबल जान के मोय ।
हृदय से जब जाओगे पुरुष बदूँगा तोय ॥

"આપ મને નિર્બળ જાણીને બાંય છોડાવીને જઈ રહ્યા છો, પરંતુ જ્યારે મારા હૃદયમાં જ્યાં આપ બેઠા છો, તેમાંથી નીકળીને જશો તો હું આપને સમર્થ્યવાન સમજીશ, તમને પુરુષ સમજીશ." આ શબ્દો તેમણે પ્રેમથી કહ્યા હતા. આ પ્રેમપૂર્વકનો વિનોદ છે. એથી ભગવાનનો તિરસ્કાર ન સમજવો. ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરતાં પહેલાં એક ભાવથી, સમભાવથી, ન આગળ કે ન પાછળ, ન જોરથી કે ન ધીમેથી, એક-બીજાના લયમાં લય મિલાવીને કરુણભાવમાં મુગ્ધ થઈને ભગવાનનું વારંવાર કીર્તન કરવું જોઈએ.

'श्रीकृष्ण गोविन्द हरे मुरारे, हे नाथ नारायण वासुदेव ।'

ભગવાના નામનું કીર્તન કરતી વખતે એવી ભાવના કરવી કે ભગવાન સગુણ-નિરાકારરૂપમાં બધી જગાએ પરિપૂર્ણ થઈ રહ્યા છે. ભગવાનના જે દિવ્યગુણ છે તેઓ બધી જગાએ સમભાવથી પરિપૂર્ણ છે. ભગવાનનું સ્વરૂપ સત્-ચિત્-આનંદઘન છે. ભગવાનનું સ્વરૂપ સત્-સત્તારૂપથી, ચિત્-બોધ સ્વરૂપ-જ્ઞાનસ્વરૂપથી અને આનંદ સ્વરૂપથી બધી જગાએ સમભાવથી સ્થિત છે. તેમનું સ્વરૂપ આકાશથી પણ વધારે અનંત, સમ, નિરાકાર અને સર્વત્ર વ્યાપ્ત છે. તે પરમાત્મા

આનંદરૂપથી સઘળી જગાએ મોજૂદ છે, હાજર છે. જે ચેતન છે તે જ આનંદ છે, જે આનંદ છે તે જ ચેતન છે. સંસારમાં આપણને જે સમભાવ જોવામાં આવે છે તે સાત્વિક ગુણ છે અથવા માયાનો સાત્વિક ભાવ છે. એથી એને આપણે સાત્વિક ગુણ હોવા છતાં પણ જડ કહી શકીએ છીએ. આ પ્રકારે આકાશની અનંતતા જડ છે. આકાશનું સ્વરૂપ ચિન્મય અને આનંદમય નથી. પરંતુ પરમાત્મા ચેતનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે, ભાવરૂપ છે, પ્રેમરૂપ છે, અમૃતમય છે, આનંદમય છે, રસમય છે—આ બધા જ શબ્દો ભગવાનનાં સ્વરૂપની વાતો કહે છે. અને સ્વરૂપ જ ગુણોના રૂપમાં પ્રગટ થાય છે. એટલા માટે સ્વયં ભગવાન ચેતન છે, અને તેમના ગુણ પણ ચિન્મય છે. આપ ધ્યાનથી જુઓ, સર્વત્ર આનંદ જ આનંદ પ્રતીત થઈ રહ્યો છે. જાણે આપણે લોકો અમૃતરૂપ આનંદના સાગરમાં ડૂબેલા છીએ. આ જે શાંતિની પ્રતીતિ થઈ રહી છે, એ ભગવાનથી થાય છે. આથી ભગવાનનું આ સ્વરૂપ જ છે. આ પ્રકારે ભગવાનમાં ક્ષમા, શાંતિ, સમતા, સંતોષ, સરળતા વગેરે અનંત દિવ્ય ગુણ છે. જેટલા ગુણ આપણને દૃષ્ટિગોચર થાય છે એનાથી પણ અધિક ગુણ—જેને આપણે જાણતા નથી એવા અન્ય ગુણો—પણ તેમનામાં મોજૂદ છે. પ્રકૃતિનો જે સાત્વિકભાવ જેને આપણે 'મહત્તત્ત્વ' કહીએ છીએ, જેને સમષ્ટિ બુદ્ધિ કહીએ છીએ, તે બુદ્ધિરૂપી અરીસામાં ભગવાન પ્રતીત થઈ રહ્યા છે. ભગવાનનાં એ ભાવ પ્રગટ થઈ રહ્યા છે. તો ભગવાન વાસ્તવમાં ચિન્મય છે. ભગવાનના સ્વરૂપનો, ભાવોનો, ગુણનો જે સમૂહ છે તે શુદ્ધબુદ્ધિ અને સમત્વ બુદ્ધિમાં આવે છે. ભાવોમાં આ બધાનો સમાવેશ થવાથી સાત્વિક ગુણના નામથી તેમને કહેવામાં આવે છે. પ્રકૃતિ જડ હોવાના કારણથી તેને આપણે જડ કહીએ છીએ પરંતુ જે બુદ્ધિની અંતર્ગત આવે છે તેઓ બુદ્ધિ સાથે મળી ગયેલા હોવાનાં કારણે જડ

જેવા પ્રતીત થાય છે. પરંતુ વાસ્તવિક રીતે જે ભગવાન બિમ્બસ્વરૂપમાં છે, ચિન્મય રૂપમાં છે, આ બધા ગુણો નીચે-ઉપર, ડાબા-જમણા, બધી તરફ પ્રત્યક્ષ રૂપથી પ્રગટ થઈ રહ્યા છે. જેવી રીતે ભગવાન નિર્ગુણ-નિરાકાર રૂપમાં હતા અને સગુણ-સાકાર દિવ્યરૂપમાં આવી ગયા, એક મહાન પ્રકાશના રૂપમાં જેને નેત્રોથી અનુભવ કરી શકીએ છીએ. સૂર્ય ઉદય થવાની એક મિનિટ પહેલાં જેમ સમગ્ર સંસારમાં મહાન પ્રકાશ થઈ જાય છે, કારણ કે એ મહાન પ્રકાશ ભગવાનનું સ્વરૂપ છે. તેમના પ્રકાશથી સૂર્ય, ચંદ્ર અને તારાગણ તથા વીજળી વગેરે પ્રકાશવંતા થાય છે. તે જ એક મહાન પ્રકાશનો પુંજ ભગવાન શ્રીકૃષ્ણનું દિવ્ય સ્વરૂપ છે અને તે જ પ્રકાશનો પુંજ હોવાથી સાકારરૂપમાં આપણને દેખાવા લાગે છે. એટલા માટે ભગવાન ગોવિંદનું આવાહન કરવું. આવાહન-કરવાથી ભગવાન એકદમ પ્રગટ થઈ જાય છે :

गोविन्द गोविन्द गोविन्द कृष्ण । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
कृष्ण मुरारे दीन बिहारे । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
गोविन्द गोविन्द गोविन्द कृष्ण । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
कृष्ण मुरारे नैनोंके तारे । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
गोविन्द गोविन्द गोविन्द कृष्ण । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
कृष्ण मुरारे मन के चुरारे । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
गोविन्द गोविन्द गोविन्द कृष्ण । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
कृष्ण मुरारे गोपियोंके प्यारे । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
गोविन्द गोविन्द गोविन्द कृष्ण । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
कृष्ण मुरारे प्रेम पियारे । गोविन्द गोविन्द गोविन्द हरे ॥

गोविन्द गोविन्द गोविन्द कृष्ण । गोविन्द गोविन्द गोविन्द हरे ॥
कृष्ण मुरारे दीन बिहारे । गोविन्द गोविन्द गोविन्द हरे ॥

આનંદ છે, આનંદ છે, આનંદ છે. જુઓ કેવો આનંદ થઈ રહ્યો છે ! મહાન પ્રકાશના રૂપમાં પ્રગટ થઈને અને સાક્ષાત્ દિવ્યરૂપમાં આકાશમાં પ્રગટ થનારા ભગવાનનું કેવું અલૌકિક રૂપ છે. અહા ! આનંદ, આનંદ, આનંદ, પૂર્ણાનંદ, પૂર્ણાનંદ, પૂર્ણાનંદ !

नाथ सकल साधन मैं हीना । कीन्ही कृपा जानि जन दीना ॥

ભગવાન શ્રીકૃષ્ણ આકાશમાં બિરાજમાન થઈ રહ્યા છે. ભગવાનનું સ્વરૂપ લગભગ ચાર-સાડા ચાર ફૂટ લાંબું અને તેમની ઉંમર લગભગ બાર વર્ષની છે. ભગવાન આકાશમાં ઘણા જ સુંદર રૂપમાં ચમકી રહ્યા છે. તેમનાં ચરણ ઘણા સુંદર છે. ચરણોનાં તળિયામાં ગુલાબી રંગની ઝલક છે અને તેમાં ઊર્ધ્વ રેખાઓ છે. આંગળીઓની નીચે ચક્ર અને શંખની આકૃતિ-જેવી રેખાઓ છે અને તળિયાની વચ્ચે ધજા, અંકુશ તથા વજ્રનાં ચિહ્‌ન છે. ભગવાન હજી વધુ નિકટ પહોંચી ગયા. એટલે કે તેમનાં ચરણોનો ઉપરનો ભાગ પણ દેખાવા લાગ્યો. તે ઘણા જ કોમળ છે, તેમના અડવાથી શરીરમાં રોમાંચ થઈ જાય છે અને આનંદની લહેરો ઊઠવા લાગે છે. જેવી રીતે સાગરમાં જળની લહેરો ઊઠે છે બસ તેવી જ રીતે શરીરમાં આનંદની લહેરો લહેરાય છે. ભગવાનનાં ચરણ તથા તેમની આંગળીઓ પણ અલૌકિક સુંદર છે. નખોમાં અલગ ચમક છે. ભગવાને નૂપુર પહેરેલાં છે. બંને પીંડીઓ, બંને પગ અને જાંઘો પરમ સુંદર છે. પીતાંબર પહેરેલું છે. જેનાથી

ભગવાનનું સ્વરૂપ સુશોભિત થઈ રહ્યું છે. પીતાંબર ઝીણું છે—જેનાથી ભગવાનનું સ્વરૂપ તેમાંથી ઝળકતું, ચમકતું બિલકુલ પ્રત્યક્ષની જેમ દેખાય છે. ભગવાને કેસરિયા રંગનો જામો પહેર્યો છે. તે પણ ઘણો જ ઝીણો છે. તેમાંથી પણ ભગવાનનું સ્વરૂપ અંદરથી ચમકે છે. ગળામાં ઘણી સુંદર વનમાળા પહેરેલી છે. માળામાં પુષ્પોની સાથે સાથે તુલસીની પત્તીઓના ગુચ્છ પણ ગૂંથેલા છે. ગળામાં મોતીઓની પણ માલા છે, તેમાં ગુંજા પરોવેલ છે. ભગવાનના ગળામાં રત્નોનો કંઠો અને રત્નજડિત હાર પણ પહેરેલો છે. ભગવાનની બંને ભુજાઓ ઘૂંટણો સુધી લાંબી છે. ભગવાન બંસરી બજાવી રહ્યા છે. ડાબા હાથમાં બંસરી ધારણ કરી છે અને જમણા હાથથી સૂર વહાવી રહ્યા છે. વાંસળીનો અગ્રભાગ ભગવાનના અધર પર છે, જાણે વાંસળી ભગવાનનું અધરામૃત (અથવા હોઠથી ટપકતું અમૃત) પાન કરી રહી છે. ભગવાને ગુલનાર (દાડમના ફૂલના) રંગનો દુપટ્ટો ધારણ કર્યો છે. ભગવાનના બંને હાથ લાંબા અને ચમકતા છે. હાથોની આંગળીઓમાં વીંટીઓ પહેરી છે અને ભુજાઓમાં અનંત (એક આભૂષણ) બાંધેલ છે. ભગવાનના ખભા પુષ્ટ અને બહુ જ સુંદર છે. છાતી પહોળી અને ગળું લાંબું છે. તેમના હોઠ લાલ બિમ્બાફલની સમાન અથવા લાલ મણિની જેમ ચમકે છે.

તે જ્યારે બોલે છે તો તેમની વાણી અમૃત સમાન પ્યારી લાગે છે, જાણે કે તેની અંદર પ્રેમ ભરેલો છે. અધર જ્યારે ખોલે છે તો મનુષ્ય તેને જોઈને મુગ્ધ થઈ જાય છે. અને દંતપંક્તિઓ જાણે મોતીઓની પંક્તિ ન હોય ! ભગવાનની વાણી સુંદર, અર્થયુક્ત અને પ્રેમભરેલી છે, ઘણી જ મધુર અને કાનને માટે તો અમૃતની સમાન પ્યારી લાગે છે. ભગવાનમાં અલૌકિક સુગંધ આવે છે જે ઘણી જ મધુર અને નાકને માટે અમૃત સમાન પ્રિય છે. ભગવાનના બંને કાન

ઘણા જ સુંદર છે અને બંને કાનોમાં રત્નજડિત કુંડલો પહેરેલાં છે. તેની આકૃતિ મકરની સમાન છે. અને નાસિકા ઘણી સુન્દર છે. બન્ને ગાલ પીળા રંગની આભાથી યુક્ત એકદમ ચમકી રહ્યા છે. ભગવાન એકદમ શ્યામ છે, પરંતુ ગાલો ઉપર ગુલાબી રંગની ઝલક છે. કાનોના કુંડલની આભા ગાલો પર પડવાથી વિશેષ શોભા વધી જાય છે. ભગવાનનાં બંને નેત્ર ખુલ્લા છે અને ચપળ છે. તેઓ નીલા રંગનાં બે ખીલેલાં કમળની જેવાં છે. ભગવાનનાં નેત્રોની આકૃતિ કમળની પાંખડીઓ સમાન છે અને નેત્રોનું ખીલવું કમળનાં પુષ્પ સમાન છે. ભગવાનનું મુખ પણ ગુલાબના પુષ્પ જેવું ખીલેલું છે. ભગવાન હસે છે તો જાણે પ્રેમની વર્ષા કરી રહ્યા છે. હવે ભગવાન આકાશમાં ફરીને ઉપર જાય છે. આકાશમાં જઈને નેત્રો દ્વારા આપણા લોકો પર પ્રેમની વર્ષા કરી રહ્યા છે. આપણે બધા પ્રેમમાં મુગ્ધ થઈ રહ્યા છીએ. પ્રેમ જ આનંદના રૂપમાં દેખાય છે, તેને આપણે આનંદ કહીએ અથવા પ્રેમ કહીએ. તેમાં એવો એક અલૌકિક રસ છે એટલા માટે તેને આપણે ‘રસ’ પણ કહીએ છીએ.

ભગવાન બધાંને સમભાવથી જુએ છે. એટલા માટે પ્રભુનું નામ સમદર્શી છે. જાણે સમતાની વર્ષા કરે છે. અને આપણે લોકો સમભાવમાં મગ્ન થઈ ગયા છીએ. આપણા લોકોની વિષમતા ચાલી ગઈ છે અને ત્યાં રાગ-દ્વેષ વગેરે કોઈ માયાસેના આક્રમણ કરી શકતી નથી. ભગવાન જ્યાં બિરાજમાન રહે છે ત્યાંથી માયા તો કેટલાયે ગાઉ દૂર રહે છે. ભગવાન પોતાનાં નેત્રોથી જાણે શાન્તિની વૃષ્ટિ કરી રહ્યા છે ! ભગવાન સાક્ષાત્ ક્ષમાસ્વરૂપ છે. ભગવાનમાં અનંત ગુણ છે અને તે ગુણોને પોતાનાં નેત્રો દ્વારા તેઓ સમગ્ર સંસારમાં ફેલાવી રહ્યા છે, વિખેરી રહ્યાં છે. સમગ્ર સંસાર એટલે કે સમસ્ત બ્રહ્માંડ તેમના ગુણોથી પરિપૂર્ણ થઈ રહ્યો છે. નેત્રો દ્વારા વિકસિત થઈને

જાણે તેમનાં હૃદયના ઉત્તમ ભાવોની વર્ષા થઈ રહી છે. એવું પ્રતીત થઈ રહ્યું છે જાણે ગુણોનું પૂર આવી રહ્યું છે. તેમના ભાવોનો જાણે સાગર ઊછળી રહ્યો છે અને તે સાગરમાં આપણે લોકો મગ્ન થઈ રહ્યા છીએ. ભગવાનમાં ક્ષમા, દયા, શાંતિ, સમતા, સંતોષ, સરળતા વગેરે અનેક ગુણ છે. ભગવાન સ્વયં બોધસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, આનન્દસ્વરૂપ છે. એ આનંદઘન પરમાત્મા ભાવના રૂપમાં, ગુણોના રૂપમાં, આપણા લોકોમાં ઉત્તમ ભાવના રૂપમાં પરિપૂર્ણ થઈ રહ્યા છે. તેમનાં નેત્રો ખીલેલાં કમળની સમાન અને ચંચળ છે. તેમનાં નેત્રોની મધ્યમાં લાલ રંગની રેખાઓ છે જેવી રીતે કમળના ફૂલની પાંખડીઓમાં દેખાય છે.

ભ્રમરો ભમરાની સમાન છે. ભ્રૂકુટી ઘણી જ સુંદર છે. ભાલ પ્રદેશ ચમકી રહેલ છે, તેના ઉપર 'શ્રીધારી' તિલક છે. માથા પર કાળા રંગના વાળ પણ ભમરાની સમાન છે અને મસ્તક પર ઘણો જ ચમકતો મોરમુગટ બાંધેલો છે. તેની વચ્ચે સોનાની દોરીમાં ગૂંજામણિ અને મોતીઓ ગૂંથેલાં છે. મુગટ ઘણો જ સુંદર ચમકી રહ્યો છે. આ પ્રકારે ભગવાન આકાશમાં ઊભા છે. ભગવાનનું આખું શરીર એકદમ શ્યામવર્ણનું છે. અને તેમાં અલૌકિક ચમક છે. જેવો પૂર્ણિમાનો ચંદ્ર આકાશમાં સ્થિર થઈને સકળ બ્રહ્માંડમાં પોતાની ચાંદની ફેલાવે છે, એવી જ રીતે ભગવાન આકાશમાં સ્થિર થઈને પોતાનો પ્રકાશ ચારે તરફ ફેલાવી રહ્યા છે. ભગવાનનું સમગ્ર સ્વરૂપ અલૌકિક અને અદ્‌ભુત છે. ભગવાન આકાશમાં ઉભા થઈને હસી રહ્યા છે. આપણે લોકો ભગવાન પાસે પ્રાર્થના કરીએ છીએ "હે પ્રભુ ! જેવું ચમકતું સ્વરૂપ અમે આકાશમાં જોઈ રહ્યા છીએ તેવું જ સ્વરૂપ અમે અમારા સાક્ષાત્ નેત્રોથી દર્શન કરવા ઈચ્છીએ છીએ. આપનું તે સ્વરૂપ સદા અમારા ધ્યાનમાં રહો. આપનામાં અમારો

પરમ પ્રેમ રહો, આપનામાં અમારી પરમ શ્રદ્ધા રહો, આપનાથી અમારો કદાપિ વિયોગ ન થાય, અમે હમેશાં આપની પાસે જ રહીએ અને સદા આપની જ સેવા કરતા રહીએ. આપનામાં અમારો નિષ્કામ અને સરળ પ્રેમ થાય. અમે આપના નામનો જપ, આપના સ્વરૂપનું ધ્યાન નિત્ય-નિરંતર કરતા રહીએ.''

આપણે લોકો વૃંદાવનમાં બેઠા છીએ. આ સ્થાનનું નામ 'રમણરેતી' છે. ભગવાને અહીં રમણ કર્યું હતું. એટલા માટે એનું નામ 'રમણરેતી' છે. ભગવાને અહીં દિવ્ય રાસ કર્યો હતો, તેઓ ગોપીઓની સાથે મળીને નાચ્યા કરતા હતા, ગાયન-વાદન કરતા હતા. અસલમાં તે બધાની સાથે મળીને નૃત્ય કર્યા કરતા હતા. બધા જ મુગ્ધ થઈ જતા હતા. અહીંયાં પાસે યમુના નદી વહી રહી છે. ત્યાં એક કદંબનું વૃક્ષ છે. તેની ઉપર ભગવાન ચડી જાય છે. કમળના જેવાં નેત્રવાળા ભગવાન વૃક્ષની ડાળ ઉપર બેઠા છે. તે ડાળ જમીન પર ફેલાયેલી છે. તેની ઉપર બેસીને ભગવાન પોતાના પગોને ધીમે ધીમે નીચેની તરફ ઝુલાવી રહ્યા છે. બંસી બજાવી રહ્યા છે, જેનો ધ્વનિ ઘણો જ સુંદર અમૃત સમાન મધુર છે. તેને આપણે લોકો કાન દ્વારા પાન કરી રહ્યા છીએ. ભગવાનનું દર્શન નેત્રો માટે અને વાણી તથા બંસીનો ધ્વનિ કાનો માટે, સુગંધ નાસિકાને માટે અને તેનો સ્પર્શ હાથ અને અન્ય અંગોને માટે અમૃત સમાન છે. ભગવાનનાં દર્શન-ભાષણ-સ્પર્શ-વાર્તાલાપ બધાં જ અમૃતમય, આનંદમય, રસમય અને પ્રેમમય છે. ભગવાનનાં દર્શન અને સ્પર્શ ઘણાં જ મધુર છે. એટલા માટે ભગવાનના આ રૂપને 'માધુરી મૂર્તિ' કહે છે.

ધ્યાન કરો કે એકાએક ભગવાન ડાળ પર બેસી બંસી બજાવતા જ કૂદી પડે છે. અને આપણે બધા લોકો પણ ઊભા થઈને તેમની સાથે નાચીએ, ગાઈએ અને બજાવીએ છીએ. આપણા લોકોની ચારે

તરફ વચ્ચે મંડલાકાર ગોપીઓ ઊભી રહી છે અને ગાય-બજાવે છે. ગોપીઓની બહાર બીજુ મંડલ ગોપબાળકોનું છે, જેની સાથે ભગવાન રમ્યા કરે છે. તેમનું મંડલ પણ ગોળાકારમાં સુશોભિત થઈ રહ્યું છે. એની પછી પણ એક ત્રીજું મંડલ છે, જે ભગવાનના ભક્તોનું છે. જેમાં પશુ-પક્ષી, મનુષ્ય, સુર-અસુર, યક્ષ, અને રાક્ષસ એ બધાં જ છે. પશુઓમાં હનુમાન, અંગદ આદિ અને પક્ષીઓમાં ગરુડ, કાકભુશુંડિ, જટાયુ વગેરે બધા દિવ્યરૂપ ધારણ કરીને ભગવાનનાં નામ-ગુણોનું કીર્તન કરીને મુગ્ધ થઈ રહ્યા છે. દેવતાઓમાં શિવ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે; યક્ષોમાં કુબેર વગેરે અને રાક્ષસોમાં વિભીષણ વગેરે તથા અસુરમંડળીમાં પ્રહ્લાદ અને બલિ વગેરે તથા મનુષ્યોમાં અંબરીષ, ધ્રુવ, કીર્તિમાન વગેરે ઘણા જ ભક્ત મળીને મંડલાકાર થઈને ભગવાનનાં નામ તથા ગુણોનું કીર્તન કરી રહ્યા છે. ત્યારબાદ મંડલાકારમાં ઊભેલી ગાયો કાન ઊંચા કરીને ભગવાનની બંસીનો ધ્વનિ સાંભળી રહી છે. બધાં જ એકદમ પ્રેમમાં મુગ્ધ થઈ રહ્યાં છે. જાણે બધા જ મળીને રાસ કરી રહ્યાં છે, નૃત્ય કરી રહ્યાં છે, તેમનાં દિવ્ય ગુણોનું ગાન કરી રહ્યાં છે. બધાજ પ્રેમમાં મુગ્ધ થઈને નાચે છે, ગાય છે, બજાવે છે અને બધાં જ પોત-પોતાને ભૂલી ગયા છે. આવું ભગવાનનું અલૌકિક સ્વરૂપ છે અને ભગવાન બધાંની વચ્ચે ગાતાં-બજાવતાં મુગ્ધ થઈ રહ્યા છે, નેત્રો દ્વારા બધાંને જોઈ રહ્યા છે. જાણે બધાની ઉપર જાદુ જેવું કરી રહ્યા છે. બધા જ મંત્રમુગ્ધ થઈ રહ્યા છે. બધા ભગવાન શ્રીકૃષ્ણને જ જોઈ રહ્યા છે જાણે આપણે બધાં નેત્રો દ્વારા ભગવાનને પી જઈશું.

આપણે બધા ભગવાનને પોતાના હૃદયમાં લઈ જઈ રહ્યા છીએ. આ પ્રકારે આપણે જ્યારે હૃદયમાં જોઈએ છીએ તો ભગવાનનું તે જ સ્વરૂપ આપણા હૃદયમાં દેખાય છે જે સ્વરૂપ બહાર છે. જ્યાં આપણાં નેત્ર અને મન જાય છે ત્યાં ભગવાનનું સ્વરૂપ દેખાય છે.

ભગવાન અપણા હૃદય અને નેત્રોમાં વસી ગયા છે. બહાર અને અંદર સર્વત્ર ભગવાન પરિપૂર્ણ થઈ રહ્યા છે. નિરાકાર રૂપથી તો થઈ જ રહ્યા છે, પણ તે ભગવાન મહાન પ્રકાશના રૂપમાં પ્રગટ થઈને સગુણ-સાકારના રૂપમાં—ભગવાન શ્રીકૃષ્ણના રૂપમાં દેખાઈ રહ્યા છે. ભગવાનનું શ્યામવર્ણ સ્વરૂપ છે, ઘણું જ ચમકદાર અને સુંદર છે. જેવી રીતે કાળા રંગની ઘટા જળથી ભરેલી હોય. એવો તેમનો શ્યામવર્ણ છે, જાણે કસોટીનો પથ્થર હોય. પણ કસોટીના પત્થરમાં ચમક ઓછી હોય છે, જ્યારે એમનામાં ચમક અધિક છે. કસોટીનો પત્થર તો કોમળ પણ નથી, કઠોર છે અને પથ્થર છે. ભગવાનની સાથે કોઈની તુલના કરી શકાતી નથી. ભગવાન તો પુષ્પ અને મખમલથી પણ કોમળ છે. માખણનું પણ ઉદાહરણ દઈ શકતા નથી. માખણમાં આંગળી નાખીએ તો તેમાં પેસી જાય છે અને તે ઘણું જ ભીનું પણ હોય છે. ભગવાન કોમળ હોવા છતાં ઘણા જ અલૌકિક છે. સ્પર્શ કરતી વખતે, મિલનના સમયે, એવો ભાવ ઉત્પન્ન થાય છે કે તેમાં પ્રવેશ કરી જઈએ, તેમને આપણાં નેત્રો દ્વારા પી જઈએ.

ભગવાનનાં દર્શન, ભાષણ, સ્પર્શ બધું જ અલૌકિક છે, અમૃતમય અને આનંદમય છે. એવા ભગવાનનું સ્વરૂપ જોઈને તથા તેમાં મુગ્ધ થતાં, ચાલતાં-ફરતાં, ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં અને સૂવાના સમયે જાણે ભગવાન આપણી સાથે રહે છે. હર સમયે આ પ્રકારનો ભાવ રાખવો. ગોપીઓ પોતાનાં કામ કરવાના સમયે પણ ભગવાનનું નામ અને ગુણોનું કીર્તન કર્યા જ કરતી હતી અર્થાત્ નિરંતર એ ભગવાનનું નામ અને ગુણોનું કીર્તન કરતી હતી. અને તેઓનું મન ભગવાનમાં વસતું હતું તથા ભગવાન તેમના હૃદયમાં અને નેત્રોમાં વસતા હતા. ગાયો દોહવાના સમયે, દહીં વલોવતાં, રસોઈ બનાવતાં, ઘરમાં ઝાડુ વાળતાં, બાળકોને નવડાવતાં, ઘર લીંપતાં અર્થાત્ પ્રત્યેક

કાર્ય કરતી વખતે ભગવાનનું નામ અને ગુણોનું ગાન કરતી કરતી અને મનથી ભગવાનનું ધ્યાન કરીને ગોપીઓ પોતાનાં કાર્યો કર્યા કરતી હતી.

આ પ્રકારે આપણે લોકોએ પણ પ્રત્યેક કાર્ય કરતી વખતે નિરંતર ભગવાનનું સ્મરણ કરવું. સૂવાના સમયે ભગવાનનું નામ અને ગુણોનું ધ્યાન કરીને શયન કરવું અને જે પ્રકારે મહાન રાસ થાય છે— તેમાં બધાં જ લોકો પ્રેમથી નાચતાં-ગાતાં-બજાવતાં હોય છે, તે પ્રકારે આપણે તે સમયે મહા-રાસમાં સંમિલિત થઈને ભગવાનનાં નામ-ગુણોનું ગાન કરીને પરિક્રમા કરી રહ્યાં છીએ. ભગવાનનાં ઘણાં જ નામ છે, ભગવાનનાં અનંત નામ છે—શ્રીકૃષ્ણ, વાસુદેવ, નારાયણ, મધુસૂદન વગેરે. આપણું મન ભગવાનમાં અને તેમનાં નેત્રો આપણી સંમુખ છે. તેઓ આપણને બધાંને એક સાથે સમભાવથી જુએ છે. એવું પ્રતીત થાય છે કે જાણે ભગવાન આપણી સમ્મુખ થઈ રહ્યા છે. ભગવાન નાચે છે, ગાય છે, બજાવે છે તો એવું પ્રતીત થાય છે કે ભગવાન આકાશની વચ્ચે ચાલ્યા જાય છે અને ફરીથી તે કદંબનાં વૃક્ષપર બેસીને પોતાના પગ હલાવતા હલાવતા નેત્રોથી વારંવાર દૃષ્ટિ નાખીને પ્રેમથી બંસી બજાવી રહ્યા છે. પછી થોડી વાર પછી તે ડાળ પરથી ઊછળીને વચ્ચે કૂદી પડે છે તો બધાં જ નાચે છે, ગાય છે, બજાવે છે અને પ્રેમમાં મુગ્ધ થઈ જાય છે. પછી ભગવાન ઊભા થઈ જાય છે, તે વખતે તેમનો એક પગ તો ઊભો જ છે અને બીજા પગની એડી ઊંચી છે. માત્ર પંજો જ જમીન પર છે. એવી વાંકી ઝાંકીમાં ઊભા થઈ જાય છે. પગ વાંકો, કમ્મર વાંકી અને ઊભા છે પણ વાંકા. હાથ પણ વાંકા, બંસી પણ વાંકી, ગળું પણ વાંકું, મુગટ પણ વાંકો, અને નેત્રો પણ વાંકા, અર્થાત્ બધા પ્રકારે વાંકા જ ઊભા છે. એવી ઝાંકી છે કે બધી જગાએથી વાંકા હોવાથી 'બાંકેબિહારી' કહેવાય છે.

ક્યારેક આકાશમાં સ્થિત રહીને એક પ્રકારથી બધાંની ઉપર પોતાનો પ્રભાવ પાડે છે. ક્યારેક આકાશમાં ચાલ્યા જાય છે, ક્યારેક ઉછળીને કદંબની ડાળ ઉપર બેસી જાય છે, ક્યારેક કૂદી પડે છે, ક્યારેક નાચે છે, ક્યારેક ગાય છે, ક્યારેક બજાવે છે—આ પ્રકારે ભગવાન લીલા કરી રહ્યા છે. આવા લીલામય સ્વરૂપને નિરંતર આપણા ધ્યાનમાં રાખીને વિચરણ કરવું, જેવી રીતે ગોપીઓ વિચરણ કરતી હતી.



# ૯. વ્યવહાર-સુધાર

મારાપણું અથવા પોતાપણું તથા આસક્તિમાં ફેર છે. આ મારાપણું પણ બે પ્રકારનું છે. તે નિષ્કામભાવથી પણ છે અને સકામભાવથી પણ છે. સકામભાવમાં જે મારાપણું છે તે બંધનકર્તા છે અને નિષ્કામભાવમાં જે મારાપણું છે તે બંધનકર્તા નથી. એની એ પરીક્ષા છે કે જેવી રીતે હું એવું કહીશ કે અમુક માણસ મારું છે. તો એમાં મારું નિષ્કામભાવવાળું મારાપણું રહેશે તો એના હિતને માટે મારી પૂરેપૂરી ચેષ્ટા રહેશે. એટલી ચેષ્ટા કે સગાભાઈમાં મારાપણાનો ભાવ હોવા છતાં પણ તેનામાં એટલી ચેષ્ટા નહીં હોય. આથી એમના આત્માનું કલ્યાણ કઈ રીતે થાય એવો ભાવ તેમના સગા ભાઈના કલ્યાણ માટે રહે, તેના કરતાં પણ મારો ભાવ વધુ રહેશે; કારણ કે મારો નિષ્કામ ભાવ છે અને એમનો સકામભાવ છે. અને આ મારો ભાવ કિંમતી પણ હશે અને એની માત્રા પણ અધિક જોરદાર હશે. ભાઈનો સંબંધ તો સ્વાર્થને લઈને છે. એટલા માટે જ્યારે એનો સ્વાર્થ તેના ભાઈથી સિદ્ધ થશે નહીં અથવા એના વિરુદ્ધ જો તેનો ભાઈ ઊભો થઈ જશે તો પરિણામ એ આવશે કે ભાઈનો

સંબંધ કાયમ રહેવા છતાં એનું અનિષ્ટ કરવાનો પ્રયત્ન પણ એ કરી શકે છે. આ વાત અમે પ્રત્યક્ષ રૂપે જોઈ પણ છે. એક ભાઈ હતા વકીલ. તેમનો પોતાના ભાઈ સાથે પ્રેમ હતો. તે વખતે તેની વકીલાતમાં પૈસા મળે એવી ઈચ્છા તેઓ કરતા હતા. જ્યારે તેઓ તેમની વિરુદ્ધ થઈ ગયા તો એકબીજાને મારવા સુધીનો પણ પ્રયત્ન કરવા લાગ્યા. ભાઈનો સંબંધ તો કાયમ રહ્યો, ભાઈનો સંબંધ તો કદી તૂટતો જ નથી, ભાઈ તો ભાઈ રહે છે જ. પરંતુ જ્યારે પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થાય કે તરત જ તે તેનાથી વિરુદ્ધ થઈ જાય છે તો તેનું હિત કરવું તો દૂર રહ્યું પણ તેનું અનિષ્ટ કરવા માટે કમર બાંધી લે છે. પરંતુ જો સ્વાર્થને લીધે તેનામાં આપણાપણું ન હોય તો તેના માટે કેટલોય વિપરીત થઈ જાય તો પણ તેના હિતનો જે આગ્રહ છે, તે તેના હિતનું કર્તવ્ય છે, (નિષ્કામભાવમાં-આગ્રહ-કર્તવ્ય એવા કોઈ શબ્દ તેને માટે પૂરતા નથી, પરંતુ સમજાવવા માટે છે.) તે આપણાપણું તો તેનું કાયમ જ રહે છે. સામાવાળો તેનાથી પોતાનો ફાયદો ન ઉઠાવે તે જુદી વાત છે પરંતુ તેના તરફથી તો તે કાયમ રહે છે. જો કે નિષ્કામભાવ હોવાથી તેના જીવવા તથા મરવાના વિષયમાં ન તો મરવા પર તેને શોક થાય છે કે ન તો જીવવામાં હર્ષ થાય છે.

પરંતુ જ્યાં સ્વાર્થ હોય છે ત્યાં જો જીવવામાં સ્વાર્થ છે તો જીવવામાં હર્ષ પણ હોય છે, મરવામાં સ્વાર્થ છે તો તેના મરવામાં હર્ષ હોય છે જીવતા રહેવામાં તે બાધક છે તો એક પ્રકારથી જીવવામાં દુઃખ થાય છે. તો તેને હર્ષ-શોક આવી જાય છે. જેનો નિષ્કામભાવ છે તેને રાગ-દ્વેષ અને હર્ષ-શોક થતા નથી. એ જ રીતે કોઈ સંસ્થા તરફ જ્યારે નિષ્કામભાવ હશે તો તેમાં જે આપણાપણું છે, 'અમુક સંસ્થા અમારી છે', તો તે આપણાપણું ભૂષણ છે. અને જો તેમાં સ્વાર્થથી મારાપણું છે તો તે દોષપૂર્ણ છે. તો એ પ્રકારે પદના વિષયમાં

પણ આવી જ વાત છે કે હું માલિક છું, પ્રેસિડેન્ટ છું, હું મંત્રી છું. જુઓ– અમુક કર્મચારીએ મારી વાત નહિ માની તો એને શિક્ષા આપવી જોઈએ, તેને કાઢી મૂકવો જોઈએ. કારણ કે એણે મારી વાત માની નથી. પોતાની વાતને મહત્ત્વ આપીને સંસ્થાને માટે લાભ છે અથવા નુકસાન છે તેનો વિચાર કર્યો નહિ. અગર સંસ્થાને માટે લાભ છે તો પોતાની વાતને વળગી ન રહો. તો આ તો પદનો એક પ્રકારનો અહંકાર છે એ તો ડૂબાડનારો છે.

સંસ્થાની હાનિ સહન કરવી ન જોઈએ; શા માટે ન કરવી જોઈએ ? એના હિતને માટે. એનું શામાં હિત છે ? જો આ રીતે કામ નહીં કરે તો એની ઉન્નતિ થશે નહિ. છેવટે તો એનો જવાબ દેવો પડશે અને એનું પરમ હિત એને ધમકાવવામાં છે તો આપ એને ધમકાવી શકો છો. એના હિતને માટે જો આપ તેના પર ક્રોધ પણ કરો તો આપ નિર્દોષ છો. અને લોકો ભલે આપને ક્રોધી કહે તો પણ કોઈ વાંધો નથી. આપની ભાવના શું છે કે તેને સારો બનાવવો, તેનું હિત કરવું, તેને મનુષ્ય બનાવવો. એ આપની નિષ્ઠા છે, તો આપ તેને થપ્પડ પણ મારી શકો છો, તેમાં કોઈ હરકતની વાત નથી. માતા-પિતા મારે છે કે નહિ ? ગુરુ મારે છે કે નહિ ? પરંતુ તેમાં હિત રહેલું છે. પદનું અભિમાન પતન કરનારું છે; અભિમાન સારું નથી.

પદાધિકારી બનવું એ કોઈ પાપ નથી. મંત્રી બનો, પ્રેસિડેન્ટ બનો, મેનેજર બનો, તેમાં કોઈ દોષની વાત નથી. પરંતુ તે પદનું અભિમાન આવવું જોઈએ નહિ. પદનું અભિમાન છે, તે નીચે લાવનારું છે અભિમાન કોઈ વાતનું આવવું ન જોઈએ. અભિમાનથી મનુષ્યનું પતન થઈ જાય છે. અને તેમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક ઉત્પન્ન થઈ જાય છે. જેટલા પદાધિકારીઓ ડૂબે છે, તેઓ અભિમાનના કારણે ડૂબે છે, પદના કારણે નહિ. પદ તો આપને ગમે તે મળે. ભગવાનને કેટલું

બધું મોટું પદ મળ્યું છે, પરંતુ ભગવાન થોડા જ ડૂબે છે ! મહાત્મા પુરુષનું કેટલું ઊંચું પદ છે ! તે પદ તેમને ડૂબાડનારું છે નહીં. પદનું અભિમાન જ ડૂબાડનારું છે. મહાત્મા અભિમાન કરે કે "હું મહાત્મા છું," તો તે ડૂબી જાય છે. જોકે મહાત્મા તો એવું કરતા જ નથી અને જે કરે છે તે મહાત્મા જ નથી. તો પદનું જે અભિમાન છે તે દરેક પ્રકારે ડૂબાડનારું જ છે.

જેવી રીતે કે એક સજ્જન છે તે સંસ્થા પાસેથી ઘણું જ ઓછું લે છે જે નહીં બરોબર છે. તેને પોતાના કોઈ પદનું અભિમાન પણ નથી અને પરિશ્રમ પણ ખૂબ કરે છે તથા સંસ્થાનું હિત પણ ઇચ્છે છે. તેની ભાવના પણ ઘણી જ ઉત્તમ છે. તો પછી તેને પરમાત્માની પ્રાપ્તિ માટે વિલંબ શા માટે થાય છે ? એનો જવાબ છે કે—તે વિચાર કરીને જુએ, તે જાતે જ એ વાતને વિચારે કે એનામાં માન-મોટાઈનો દોષ છે કે નહિ ? કારણ કે એનામાં શરીરના આરામનો અને રૂપિયાના સ્વાર્થનો દોષ તો જોવામાં આવતો નથી. આપણા લોકો દ્વારા જોવામાં બિલકુલ આવતો નથી, પરંતુ તેનામાં છુપાયેલો હોય તો તેનું આપણને જ્ઞાન નથી. અને માન-મોટાઈનો જે દોષ છે, તેના વિષયમાં કહી શકતા નથી. એ તો દેખાય છે કે તેઓ માન-મોટાઈને માટે તો કરતા નથી પરંતુ જો મોટાઈ માટે કરે તો તે ઘણો મોટો દોષ છે. મનુષ્ય માન-મોટાઈ માટે નહિ કરતાં—જે આપોઆપ પ્રાપ્ત થઈ જાય તેમાં નિર્વિકાર રહે, એ ઘણી જ મોટી વાત છે. એ દોષને માટે આપણે કહી શકતા નથી કે એ દોષ એનામાં ઘટે છે કે નહિ. વિચાર કર્યા પછી આપણને આ દોષ પણ જણાતો નથી કે તેમની જે શક્તિ છે તેને ઓછી કામમાં લે છે. જરૂર, એવી અવસ્થામાં ઓછી લેતા હોય—જેવી રીતે ક્યાંક શાસન કરવાનું કામ આવી પડે તો તેમાં તેમને કઠિનતા પડે, શક્તિ રહેવા છતાં પણ તેને કામમાં લાવતા નથી તો તેમાં આપણે દોષ માનતા

નથી. સમયની ચોરી કરે એવી પણ તેમાં વાત છે નહિ.

કોઈનામાં માન-મોટાઈની વાતનો સૂક્ષ્મ દોષ આવી શકે છે. અમારી ધારણામાં જેમ પદનો દોષ છે, તે કાદચ આવી શકે છે, ક્યાંક માલિકીનો દોષ કદાચ આવી શકે છે. તો એ માલિકીપણાને તો છોડે નહિ અને અભિમાનનો દોષ જેટલો છે તેને છોડી દે. તે પદનો તો ત્યાગ નહિ કરે પરંતુ પદનું જે અભિમાન છે તેનો ત્યાગ કરે. અને તેની પરીક્ષા તો તે જાતે જ કરી શકે છે કે એ દોષ આપણામાં આવે છે કે નહિ ?

માન-મોટાઈ મળતાં ફુલાઈ જવાય, એ દોષ આવી શકે છે. આ દોષને દૂર કરવાનો ઉપાય એ છે કે સમજો કે કોઈ આપણને ગાળ આપે અને આપણને ન ગમે અથવા તો કોઈ આપણું અપમાન કરે તે આપણને ન ગમે તેના કરતાં પણ વધારે ખરાબ એ છે કે માન-મોટાઈ અને પ્રતિષ્ઠા મળવાથી ફુલાવું. માની લો કે એક સજ્જન રૂપિયા લઈને કામ કરે છે તો રૂપિયા લઈને કામ કરવામાં જરાય દોષ નથી, પણ સેવાનો ભાવ છે, તેમાં કચાશ જણાય છે. શક્તિનો ઉપયોગ કરવામાં કચાશ જણાય છે. જો તમે મનમાં નિશ્ચય કરો છો કે તમે શક્તિનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકો છો, સમયનો સદુપયોગ કરી શકો છો. મનમાં આપણે એવી ભાવના ધરાવીએ કે બીજા ભલે ગમે તેટલી શક્તિનો ઉપયોગ કરે, સમયનો ઉપયોગ કરે, પણ એમની જે શક્તિ કે એમનું જે સામર્થ્ય કે એમની જે યોગ્યતા અથવા એમનો જે સમય છે, તે વધુ લાગે. દરેક માણસ-પાસેથી આપણે એવી અપેક્ષા રાખીએ છીએ. એ તો આપણે ઇચ્છીએ છીએ કે આ બધાંની શક્તિ કે સમયનો તેઓ વધુ ઉપયોગ કરે, પરંતુ જે માણસોમાં આ બધી કચાશ નથી, તેમને આપણો આદર્શ બનાવીએ.

એક સજ્જનના મનમાં પ્રતિકૂલતા આવવાથી ક્રોધ આવી

જાય, ઉત્તેજના આવી જાય તો એ ઘણો જ ભારે દોષ છે અને મનની અનુકૂળતાથી જે પ્રસન્નતા થાય છે એ પણ દોષ છે. તો હર્ષ અને શોક, રાગ અને દ્વેષ એ દોષ આપણને દેખાય છે. એ પ્રકારે, જેવી રીતે એક સજ્જન માટે કોઈ પદ તો છે નહિ, તો પદ વિના જ પોતાનું પદ માનીને અભિમાન લાવે તો તેમાં વધારે દોષ છે. અધિકારી છે નહિ, ન મેનેજર છે, ન કોષાધ્યક્ષ છે, ન તો મંત્રી છે, ન સભાપતિ છે, આવા લોકોએ એ સમજવું જોઈએ કે હું કોઈને પણ શા માટે પ્રસન્ન રાખી શકતો નથી ? મારું ક્યાંય પણ મહત્ત્વ શા માટે નથી ? નામ લેવું ન જોઈએ, પણ પ્રસંગ આવ્યો ત્યારે બતાવું છું. જેમ એક મહાશય હતા તે હવે ચાલ્યા ગયા. તેમનો સ્વભાવ તેમની સાથે જ રહ્યો. તેમનાથી ન તેમના ભાઈઓ ખુશ રહેતા હતા, ન કોઈ સત્સંગવાળા ખુશ રહેતા હતા, અને ન તો અમે લોકો ખુશ રહેતા હતા, છતાં પણ તેમને નિભાવ્યા. તેમનો એ દોષ તેઓ જ દૂર કરી શકતા હતા. તે ન કર્યો. બિચારા મરી ગયા. તેમની ચર્ચા કરવી નકામી છે. તો પ્રત્યેક વ્યક્તિને લઈને વિચાર કરવો જોઈએ કે આપ સ્વર્ગાશ્રમમાં રહો તો સ્વર્ગાશ્રમમાં જે અધિકારી છે, તેમની ઉપર પણ કોઈ માલિક છે. જેમની નીચે રહીને કામ કરતા હતા તેમને પણ ખુશ રાખી ન શક્યા. તો એ વિચારવું જોઈએ કે બધા જ ખરાબ નથી હોતા, આપણામાં કોઈ એવો દોષ છે કે આપણે બધાંને ખુશ રાખી શક્યા નથી. તો એ દોષ શું છે ? તે દોષ છે અભિમાનનો. મનુષ્યમાં યોગ્યતા ન હોય અને યોગ્યતાનું અભિમાન કરી લે તો તે બધાંથી વધારે ખરાબ છે. અને બીજી જિદ. જે ઉચિત જિદ છે, તે પણ ખરાબ છે. મનમાં આવે તેમ કરવું અને સ્વતંત્રતા—આવી જિદ તો ખરાબ છે જ. અમે તો સ્વતંત્રતા આપતા નથી, પરંતુ બલપૂર્વક સ્વતંત્રતા લઈને તેનો ઉપયોગ કરવો તે દોષ છે, ઘણો ભારે દોષ છે.

પરતંત્ર થઈને રહેવાથી મનુષ્યની જેટલી સુધારણા થઈ શકે છે તેટલી સ્વતંત્ર રહેવાથી થઈ શકતી નથી. પોતાના આત્માના કલ્યાણ માટે પરતંત્રતા એક નંબરનો શ્રેષ્ઠ ઉપાય છે. સ્ત્રી પોતાના પતિને આધીન રહીને પાતિવ્રત ધર્મનું પાલન કરે તો શીઘ્ર તેનો ઉદ્ધાર થઈ જાય. સંપૂર્ણરૂપે પરતંત્ર રહેવું. પુત્ર જો માતા-પિતાની સાથે પરતંત્ર થઈને રહે તો તેનો જલદી ઉદ્ધાર થઈ જાય. શિષ્ય જો ગુરુ પાસે પરતંત્ર થઈને રહે તો ઘણું જ જલદી તેનું કાર્ય સિદ્ધ થઈ જાય. ભગવાનના જે ભક્ત છે, જ્ઞાની છે, મહાત્મા છે, તેમનામાં જેમની શ્રદ્ધા હોય અથવા તેમનો અનુયાયી થઈને રહે તો મારી સમજમાં એક ક્ષણમાં તેનું કલ્યાણ થઈ જાય. ભગવાનના શરણમાં આવી જઈને ભક્ત થઈ જાય અથવા તો ઉચ્ચ પુરુષોના શરણમાં આવે તો એક ક્ષણમાં તેનું કલ્યાણ થઈ જાય. કમી છે તે પાત્રતામાં છે. એને માટે તો કેટલોક સમય લાગશે. એવા જે માલિક છે અને તેમનો જે સેવક છે તે ગુમાસ્તા જેવો થઈને રહે અને બધી રીતે સર્વદા માલિકને અનુકૂળ થઈ જાય તો તેનો ઘણો જ જલદી ઉદ્ધાર થઈ જાય. એવા ઉદ્દેશથી તેમને અનુકૂળ થાય, માત્ર રૂપિયા માટે જ નહિ. રૂપિયા તરફ લક્ષ્ય રહેશે તો પરમાત્માની પ્રાપ્તિના ઉદ્દેશથી બીજી તરફ ચાલ્યો જશે. એટલા માટે આ વાત નીચે રહેવાવાળા માટે ફાયદાકારક છે. ઉપર થઈને રહેનાર માટે તો તેના માટે માથા પર ભાર છે. તેના પર બોજો છે થોડી કઠણાઈ પણ છે, પરન્તુ કઠિનતાના કારણે પદ ત્યાગવાનું નથી, તેમને સિદ્ધ કરવાનું છે, જ્યાં એક પ્રકારથી ત્યાગ કરી શકાય, ત્યાં ત્યાગ કરી દે, પણ બધી જગાએ નહિ. પરંતુ એવું સમજવું જોઈએ કે આ જોખમનું કામ છે. અનુકૂલ થવામાં જોખમ નથી. ત્યાં તો કામ બનવાનું જ છે, માટે અનુકૂળ બની જાય, અનુયાયી બની જાય તો તેના માટે બીજું કોઈ કર્તવ્ય રહેતું નથી. અહીં કોઈ વધારે વિચાર કરવાની જરૂર


નથી. પદ લેવામાં પોતાનો પણ ભાર છે, અનુયાયી અને જે આપણને આધીન છે તેનો પણ ભાર છે.

જે માલિક થઈને રહે તો માલિકીપણામાં જોખમનું કામ છે. કારણ કે ત્યા ંસ્વાભાવિક જ અભિમાન આવી જાય છે. જેવી રીતે કોઈ માન-સન્માન કરે તો તે સ્વાભાવિક જ મીઠું લાગે છે. વિચાર કરતાં કરતાં પણ એક પ્રકારે તે મીઠું લાગી જાય છે. લાગવું જોઈએ વિષની સમાન પરંતુ લાગે છે અમૃતસમાન. આ પ્રકારે તેમાં માલિકીપણાનું અભિમાન સ્વાભાવિક રીતે આવી જ જાય છે, અને અભિમાન આવી જવાથી પતન થઈ જાય છે. અભિમાન પતન કરનાર છે. પછી તે ગમે તે પ્રકારનું હોય. નામનું અભિમાન હોય, અથવા રૂપનું અભિમાન હોય, જાતિનું અભિમાન હોય, કે ગુણનું અભિમાન હોય, પ્રભાવનું અભિમાન હોય, કોઈ ઉમ્મરનું અભિમાન હોય, પદનું અભિમાન હોય, દેશનું અભિમાન હોય, એક પ્રકારનું કોઈ પણ અભિમાન હોય તો તે રસાતલમાં લઈ જાય છે. તો મનુષ્યે અભિમાનથી તો ભાગવું જ જોઈએ, તેનાથી દૂર રહેવું જોઈએ. પદથી દૂર રહેવાની જરૂર નથી, પરંતુ અભિમાનથી દૂર રહેવું જોઈએ. પદ તેનું અનિષ્ટ કરતું નથી પરંતુ અભિમાન જ અનિષ્ટ કરે છે.

મહાત્માપણાનું પદ તો મુક્તિને આપનારું છે પરન્તુ તેનું અભિમાન નરકને આપનારું છે. ભક્તપણાનું અભિમાન કે હું ભગવાનનો ભક્ત છું – આ અભિમાન જો સાચો ભક્ત છે તો એટલું અનિષ્ટ કરતું નથી. પરન્તુ ખોટું અભિમાન છે, તે એક પ્રકારથી પતન કરનારું છે. ભગવાનનો ભક્ત તો છે જ નહિ, પરંતુ પોતાને ભક્ત માનીને બેસે છે, પોતે ભક્તનું પદ ઈચ્છે છે કે હું ભક્ત છું તો સમજવું કે મામલો ગડબડ છે. પણ જે સાચો ભક્ત છે તેને જો ભક્તનું સાચું અભિમાન છે, તેમાં તેને એટલું  નુકસાન નથી કારણ કે ભગવાન

તેની રક્ષા કરે છે. પરંતુ બીજાં બધાં જેટલાં અભિમાન છે તે બધાં પતન કરનાર છે. એટલું એક પ્રકારે અમે બાદ કરી દઈએ છીએ, છોડી દઈએ છીએ. તો જેટલાં અભિમાન માત્ર છે, તેઓ પતનની તરફ લઈ જાય છે. કોઈ પદ પતન કરનાર નથી. પદ ભલે ઈશ્વરનું પણ મળી જાય, પદ પતન કરનાર નથી. આ જે અભિમાન છે કે હું ઈશ્વર છું એ પતન કરનાર છે.

'ईश्वरोऽहमहं भोगी' હું ઈશ્વર છું, ભોગી છું એ પતન કરનાર છે. વાસ્તવમાં ઈશ્વરનું જે પદ છે, તે કંઈ ખરાબ નથી. તે ઈશ્વરનું પદ તો ઈશ્વરને માટે છે જ. એ તો સંસારનું કલ્યાણ કરનાર છે. ભગવાન બધાનું કલ્યાણ કરે જ છે. મહાત્મા લોકો બધાનું કલ્યાણ કરે છે જ.



# ૧૦. ભગવાનના ચાકર

કોઈના ઉપર ફાંસીનો મુકદમો લાગી જાય તો તે તેમાંથી છૂટવાને માટે કેટલી ચેષ્ટા કરે છે. કેટલી ખુશામદ કરે છે અને દરેક સમયે વકીલોની સાથે કાનૂનનું પુસ્તક દેખાડવાનો પ્રયત્ન કરે છે. એવી જ રીતે આપણે સંસારથી મુક્ત થવાને માટે ઈચ્છા કરવી જોઈએ. આપણા લોકો પર પણ યમરાજાનો મામલો છે. તેમાંથી છૂટવા માટે તજવીજ કરવી જોઈએ. આ શરીરનો નાશ થાય છે તે જ ફાંસી છે. ભવિષ્યમાં જન્મ ન થાય, દુઃખના સાગરમાં દુઃખ ભોગવવાનું બને નહિ. जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् । એવું સમજીને તેમાંથી છૂટવા માટે ખૂબ ખુશામત કરવી અને પેરવી કરવાની આવશ્યકતા છે. કોઈને છ માસની જેલ થઈ જાય, તો તેથી તેની ભૂખ અને ઊંઘ ઊડી જાય છે. તે તેમાંથી છૂટવા માટે કેટલો પ્રયત્ન કરે છે.

એટલો પ્રયત્ન જો ચોરાસી લાખ યોનિઓમાંથી છૂટવાને માટે કરે તો સંભવ છે કે એમાંથી છૂટી જાય.

આવો અવસર પ્રાપ્ત કરીને કલ્યાણ ન થયું તો તે આપણા પોતાના માટે શરમની વાત છે. મનુષ્યનો જન્મ પ્રાપ્ત કરીને જો જુદા જુદા પ્રકારના પાપ કરો, તો તેનાથી કૂતરા પણ સારા. પોતાના આત્માને ધિક્કાર આપવો જોઈએ. તેમના માતા-પિતાને પણ ધિક્કાર છે કે સંસારમાં આવાં સંતાન પેદા કરીને કલંક લગાડ્યું. મનુષ્યનું જીવન મેળવીને કૂતરાના મોતે મર્યા એ ઘણી જ શરમની વાત છે. માતા-પિતા કોઈ પથરો જણત તો તે પણ કામમાં તો આવત.

ખ્યાલ કરો, લોકો તીર્થસ્થાનોમાં જાય છે. કોઈએ ચાર ધામ કરી નાખ્યા, કોઈએ ત્રણ ધામ કર્યા છતાં પણ તેમનાં આચરણ અને સ્વભાવ તો તેવાં જ રહે છે, તો લોકો તેનો ધિક્કાર કરે છે. યોગ્ય જ છે, કારણ કે તીર્થોમાં ગયા અને આચરણ સારું ન થયું. આજકાલ તો લોકો એક તીર્થથી બીજે તીર્થ દોડ લાગાવે છે. પહેલાનાં સમયમાં તો લોકો તીર્થમાં જતા હતા, ત્યાં આઠ-દસ દિવસ રોકાઈને ભજન, ધ્યાન, સત્સંગ, વ્રત, દાન કરતા હતા. એથી તેઓ પવિત્ર થતા હતા. આજકાલ તો હાય-હાય કરીને ભાગતા જ રહે છે. એથી એમનાં આચરણ સારાં થતાં નથી.

આપણે લોકો તેમને ધિક્કારીએ છીએ. આ પ્રકારે આપણા લોકોનો સ્વભાવ પણ એવો જ બની રહ્યો. તો આપણને પણ તે લોકો એવું જ કહેશે કે આટલાં વર્ષોથી એ ઋષિકેશ સત્સંગમાં જાય છે, ભજન કરે છે તો એ લોકોને શું ફાયદો થયો ? તે લોકોમાં આપણા આચરણને જોઈને શિથિલતા આવી જાય છે. અને તેથી તે લોકોને નુકસાન થાય

છે. લોકો ભજન, ધ્યાન તરફ આગળ વધવા માગતા હતા તેમાં રુકાવટ આવી જાય છે. તે લોકો ભજન-ધ્યાન કરીને મુક્ત થઈ શકતા હતા. તેમનામાં આપણા કારણે રુકાવટ થઈ રહી છે. એટલા માટે એવું સમજીને આપણે આપણો સુધારો જલદી કરવો જોઈએ.

શરીર-મન-બુદ્ધિ તો આપણાં છે. તેમને ભગવાનની તરફ લગાવવામાં કઈ મુશ્કેલી છે ? આપણે એક એક ક્ષણનો હિસાબ રાખવો જોઈએ. એક ક્ષણ પણ વ્યર્થ ખોવી ન જોઈએ. કોડીના બદલામાં આવા અમૂલ્ય જીવનને ખોવે તો એ કેવી મૂર્ખતા છે ? મનુષ્ય-જીવન મેળવીને જો શરીરનો માત્ર નિર્વાહ જ કર્યો તો પશુ-પક્ષી અને મનુષ્યમાં શું તફાવત ? એટલા માટે ભોગોને લાત મારી આપણા ઋષિ-મુનિઓ પહેલાં જે કાર્યમાં લાગેલા હતા તે કાર્યમાં લાગવું જોઈએ. તે કાર્યો તત્પરતા હોવાથી જ થઈ શકે છે. પોતાને ઈશ્વરનો ચાકર માનવા. આપણે લોકો ઈશ્વરના ચાકર બની જઈએ તો જલદી આપણું કલ્યાણ થઈ જાય. ઈશ્વરનો ચાકર કોણ છે ? ભક્ત જ ચાકર છે. જે થોડી પણ ભગવાનની ભક્તિ કરે છે, તે પણ ભગવાનનો ભક્ત છે. એટલા માટે દરેકે પોતાને ભગવાનનો ચાકર સમજવો. આપણે નામથી તો ઈશ્વરના ચાકર થઈ જ ગયા. એટલા માટે આપણે કામ-ક્રોધ ને ઈશ્વરની રાજધાનીમાં રહીને જલદી મારી શકીએ છીએ. સરકારનો દસ-પંદર રૂપિયા માસિકનો ચાકર પણ કરોડપતિને હાથકડી-બેડી નાખીને લાવી શકે છે. જ્યારે આપણે તો ઈશ્વરના ઘરના ચાકર થઈ ગયા, ત્યારે આપણે આ કામ-ક્રોધ વગેરેને જાનથી મારી શકીએ છીએ. આપણો આટલો પાવર અને હુકમ છે છતાં તેનાથી આપણે આટલા બધા ડરીએ છીએ. એને હાથકડી પહેરાવીને વશમાં કરી લેવા. માલિકની આજ્ઞાનો, ઈશ્વરનો આપણા

માથા પર હાથ છે એવું સમજીને આ કામ-ક્રોધ વગેરે પર વિજય મેળવવો જોઈએ. ભગવાનના રાજ્યમાં રહીને જો આપણે એને મારી શકીશું નહિ તો ભગવાન કહેશે કે, આ અમારા રાજ્યમાં ચાકર તરીકે રહેવાને માટે લાયક પણ છે નહિ. એટલા માટે વીરતાની સાથે એમને મારીને હટાવવા.

સંસારમાં મહાત્માઓનો સહારો મળવાથી તે ઈચ્છે તેવું કામ કરી શકે છે, મહાન બની શકે છે. તો પછી પરમાત્માનો સહારો મેળવીને જો ડરી જાય તો તે ભગવાનના ચાકરપણાને કલંક જ લગાડે છે. ભગવાનના રાજ્યમાં રહેવા છતાં કામ, ક્રોધ, લોભ, મોહ જો આપણને જૂતા મારે છે તો તે આપણે ભગવાનને જ મારીએ છીએ. કારણ કે આપણે ભગવાનના ચાકર છીએ. જ્યારે તમે કામ, ક્રોધ વગેરેથી માર્યા જાઓ તો તમે ભગવાનને ખબર કરી દો તો ભગવાન તમને ફોજ આપીને તેમનો નાશ કરી નાખશે. પરમાત્મા તો રાજા છે અને આપણે લોકો તેમના ચાકર છીએ. આપણે લોકો ભગવાનના ચાકર હોવા છતાં પણ કામ, ક્રોધ વગેરેથી માર ખાઈએ છીએ તો તે કેટલી બધી શરમની વાત છે ? જેવી રીતે વાઇસરોયને ખબર પડી જાય કે અમુક થાણેદાર ચોર-ડાકૂઓ દ્વારા માર્યો ગયો તો શું તે ફોજ મોકલીને ચોર-ડાકૂઓનું દમન કરશે નહિ ? પરમાત્માની દયા સમજીને તેમની બળ-શક્તિ દ્વારા કામ-ક્રોધ વગેરે શત્રુઓનો પરાજય કરવો. પરમપદનો સરળ માર્ગ નક્કી કરી લેવો.

